Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાપીઠ વાચનમાળા

ચોથી ચોપડી

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या......

पञ्जिका संख्या......

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલી પુ૦-૨૧

વિદ્યાપીઠ વાચનમાળા

ચોથી ચોપડી

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CHECKED 1973

Initial

પ્રકાશક તરફથી ભેટ

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

પહેલી આવૃત્તિ, સન ૧૯૪૨
સુધારેલી બીજી આવૃત્તિ, સન ૧૯૫૧
સુધારેલી ત્રીજી આવૃત્તિ, સન ૧૯૫૪

ડેમી ઑક્ટેવો — ૩૬ રતલી કાગળમાં

આ પુસ્તક ગૂજરાત વિદ્યાપીઠે પોતે તૈયાર કરાવ્યું છે
અને તેના સર્વ હક્ક તેને સ્વાધીન છે.

તેર આના

નવેમ્બર, ૧૯૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોથી ચોપડી

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૦	૨૧	(પાઠ ૩૮)	(પાઠ ૩૭)
૧૧	૪	ખબર લેવી,	ખબર કાઢવી,
૧૮	૧૧	આ ચોપડીમાં	સાતમી ચોપડીમાં
૩૦	૫	આરામ લઈ ને	આરામ કરીએ ને
૬૦	૧૭	'૬૬૬'ની......સમજીએ તો,	સમજીએ તો, '૬૬૬'ની આ કથા આપણને
૯૩	૨૫	પાંચમી ચોપડીમાં	છઠ્ઠી ચોપડીમાં
૧૨૨	૧૦	સપ	માપ
૧૩૨	૧૩	હોંસિયો	હાંસિયો
૧૩૯	૫	ઘણી જ	ઘણા જ
૧૩૯	૨૩	ગમતું હતું.	ગમતું ન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગૂજરાત વિદ્યાપીઠ વાચનમાળાનું આ નવું સંસ્કરણ બહાર પાડતાં આનંદ થાય છે. ઈ. સ. ૧૯૪૦માં પ્રસિદ્ધ કરેલી માળાની આવૃત્તિ ગુજરાતની અનેક પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં દાખલ થઈ હતી. એથી મળેલા અનુભવ ઉપરથી તથા ૧૯૪૭માં સ્વરાજ આવ્યું તે એક મોટા કારણને લઈને એ માળા સુધારવી વધારવી ઘટે, એમ વિદ્યાપીઠ મંડળે વિચાર્યું; અને એ કામ પૂરું કરવામાં શ્રી. ગોપાળદાસ પટેલે મુખ્ય ધ્યાન આપવું એમ ઠરાવ્યું. શ્રી. મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના ગુજરાતીના અધ્યાપક શ્રી. મુકુલભાઈ કલાર્થી એમની મદદમાં સાથે થયા. એમણે વિદ્યાપીઠના બીજા સેવકો પાસેથી જોઈતી મદદ મેળવી; ગુજરાતના અનેક અનુભવી શિક્ષકો પાસેથી સલાહસૂચનાઓ તથા પાઠો વિષે વિગતવાર અભિપ્રાયો મેળવ્યા. એ બધાનાં નામો અહીં આપવાની જરૂર નથી. એ સૌ સાથીઓ તથા શિક્ષણપ્રેમી ભાઈ-બહેનોનો વિદ્યાપીઠ તરફથી આભાર માનું છું.

૧૯૪૭માં એમ વિચારેલું, તે પ્રમાણે નવી આવૃત્તિ ૧૯૫૦–૫૧માં બહાર પાડી હતી, અને તે આજ સુધી ગુજરાતની શાળાઓમાં ચાલતી હતી.

બાદ હમણાં સરકારે ઠરાવ્યું કે, ચોપડીઓનું પાનું ક્રાઉનને બદલે ડેમી કરવું જોઈએ. આનો લાભ લઈ તે ચોપડીઓ ફરીથી જોઈ કાઢવામાં આવી અને તે નવા કદને ઉચિત ઢબે તેમને ફરી ગોઠવવામાં આવી છે. ઉપરાંત, સરકારે આ ચોથી ચોપડી માટે નિયત કરેલાં પાન વધુ હોવાથી, આ આવૃત્તિમાં થોડાંક પાનાં વધારવામાં આવ્યાં છે. આથી કરીને તેમાં વિવિધતા વધી છે, એ સૌને પસંદ આવશે એવી આશા છે.

વર્ધા-પદ્ધતિ હવે સરકારે આખા દેશના શિક્ષણની નીતિ તરીકે સ્વીકારી છે. વિદ્યાપીઠ વાચનમાળાનું આ સંસ્કરણ એ નીતિને નજર સામે રાખીને કરવામાં આવ્યું છે. એના પાઠો શબ્દે શબ્દે તપાસવા તથા પ્રત્યક્ષ વર્ગોમાં ચલાવી જોવા માટે અનુભવી શિક્ષકોને આપવામાં આવ્યા હતા. શ્રી. જુગતરામ-ભાઈ દવે વગેરેએ આ ચોપડીના અનેક પાઠો સળંગ જોઈ સલાહ-સૂચના આપી છે. બીજા પણ અનેક જાણીતા કેળવણીકારોની આવી મદદ મળી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સૌનાં નામ અહીં ન નોંધું. કહેવાની મતલબ કે, આ રીતે અનેક લોકના પ્રયત્નનું ફળ આ ચોપડી છે.

પ્રાથમિક વાચનમાળાનાં પુસ્તકોમાં ક્રમિકતા ઉપરાંત ચોપડીના પાઠોમાં દૃષ્ટિ, આદર્શ અને વિષયની એકસૂત્રતા અને સંવાદિતા સાચવવાની હોય છે. એ જો ધ્યાનમાં ન લેવાય તો પાઠ્યપુસ્તકનો એક કીમતી ગુણ નાશ પામે અને તેટલે અંશે તેની કેળવણી-શક્તિ હણાય. આ માળામાં આ ગુણ સાચવવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ ચોપડીના પાઠોમાં વિદ્યાર્થીઓને વાચનનો આનંદ પૂરતા પ્રમાણમાં મળી રહેશે. પણ કેવળ વાચનનો આનંદ પૂરો પાડવો એટલો જ તેનો હેતુ નથી. આ પાઠો વિદ્યાર્થીઓમાં કામકાજ, સેવા આદિ વિવિધ પ્રવૃત્તિઓ માટે ઉત્સાહ જન્માવે, તેમનામાં ઉચ્ચ ભાવનાઓ પ્રેરે અને ઉમદા ટેવોનાં બી વાવે, એવી આશા પણ સેવવામાં આવી છે.

વાચનમાળાના આ હેતુઓ ઉત્સાહી શિક્ષકો દ્વારા જ પાર પડી શકે. પાઠોને અંતે નાનાં બીબાંમાં કેટલીક સૂચનાઓ મૂકવામાં આવી છે, તે તેમને માટે છે.

આશા છે કે, ગુજરાતના શિક્ષકોને અને વિદ્યાર્થીઓને આ ચોપડી ગમશે અને તેઓ તેને અપનાવશે.

મગનભાઈ પ્ર૦ દેસાઈ
મહામાત્ર

ગૂ૦ વિ૦ કાર્યાલય
તા. ૩-૧૧-'૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

૧.	એ કોણ છે? (ગીત)	૧
૨.	પૂર્ણની પરીક્ષા	૨
૩.	સુદામા	૪
૪.	સુદામા–ચરિત (ગીત)	૮
૫.	ભણો અને ભણાવો	૧૧
૬.	જ્ઞાનેશ્વરનો ઉપદેશ	૧૩
૭.	ઘરકામ	૧૫
૮.	મનુને તાવ આવ્યો	૧૯
૯.	તરુવર (ગીત)	૨૩
૧૦.	દીનબંધુ ઍન્ડ્રૂઝ	૨૫
૧૧.	હાતિમતાઈ	૨૯
૧૨.	સુભાષિતો – ૧ (ગીત)	૩૫
૧૩.	આપણા હાથ	૩૬
૧૪.	ખોરાક કેવી રીતે પચે છે?	૩૯
૧૫.	ભોગીભાઈ અને જોગીભાઈ (ગીત)	૪૧
૧૬.	જાહેર અને અંગત	૪૩
૧૭.	અભરામ પટેલની ખેતી	૪૪
૧૮.	કૃષિનું ગાન (ગીત)	૪૮
૧૯.	તાડ – ૧	૫૦
૨૦.	તાડ – ૨	૫૨
૨૧.	અબ્બાસ સાહેબ	૫૩
૨૨.	કાચા સૂતરનો તાંતણો (ગીત)	૫૭
૨૩.	૬ ૬ ૬	૫૯
૨૪.	પોપટમંદિર	૬૧
૨૫.	બે પંખી (ગીત)	૬૪
૨૬.	જીવલેણ બેદરકારી	૬૭
૨૭.	સૌ માટેની સવડોનો ઉપયોગ	૬૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮.	અંધેરી નગરી (ગીત)	૭૩
૨૯.	ભક્તરાજ નંદ – ૧	૭૬
૩૦.	ભક્તરાજ નંદ – ૨	૭૯
૩૧.	કરોળિયો અને કબૂતર	૮૨
૩૨.	ના હડવું (ગીત)	૮૫
૩૩.	વાલિયો લૂંટારો	૮૬
૩૪.	શ્યેન ચાંગ	૮૯
૩૫.	સુખ દુઃખ મનમાં ન આણીએ (ગીત)	૯૩
૩૬.	મારી રોજનીશી	૯૪
૩૭.	સ્નેહસંમેલન	૯૬
૩૮.	કાળુડી (ગીત)	૯૯
૩૯.	આપણો મહાન દેશ	૧૦૧
૪૦.	રાષ્ટ્રગીત	૧૦૫
૪૧.	રાષ્ટ્રપિતા	૧૦૮
૪૨.	સુભાષિતો – ૨ (ગીત)	૧૧૨
૪૩.	લાલા લજપતરાય	૧૧૩
૪૪.	આકાશદર્શન – ૧	૧૧૮
૪૫.	આકાશદર્શન – ૨	૧૨૦
૪૬.	પડઘો (ગીત)	૧૨૨
૪૭.	હૈયા	૧૨૪
૪૮.	કહેવત-કથાઓ	૧૨૭
૪૯.	મોતીના દાણા	૧૩૧
૫૦.	અવગુણ કેડે ગુણ કરો	૧૩૩
૫૧.	કોયલાઆઆની કહાણી	૧૩૫
૫૨.	હું કેવી રીતે ભણ્યો ?	૧૩૮
૫૩.	ગુલિસ્તાનનાં ગુલ	૧૪૩
૫૪.	કેટલાંક જોવા લાયક સ્થળો	૧૪૬
૫૫.	દાદુ દયાળ	૧૫૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧ લો

એ કોણ છે?

ए कोण छे जे जाग्यो,
जेणे सहुने जगाडयां ?
ए कोण छे जे छूटचो,
जेणे सहुने छोडाव्यां ? १

जे तरी शके ते तारे,
जे जीवी शके ते जिवाडे;
ए कोण छे जे एवो,
जेणे सहुने जिवाडयां ? २

जे हसी शके ते हसावे,
जे नमी शके ते नमावे;
ए कोण छे जे एवो,
जेणे सहुने नमाव्यां ? ३

जे साधी शके ते सधावे,
जे जीती शके ते जिताडे;
ए कोण छे जे एवो,
जेणे सहुने जिताडयां ? ४

ગોકુલદાસ રાયચુરા

૧ બીજાને વાણીથી ઉપદેશ આપવાને બદલે, આપણે પોતે પ્રથમ પોતાના આચરણમાં તે વસ્તુ મૂકીએ તો તેની અસર બીજા ઉપર સારી થાય. મહાપુરુષોની અસર એ રીતે જ પડે છે. 'કહેવા કરતાં કરવું ભલું.'

૧ આવા પુરુષોનાં નામ પૂછો; વિદ્યાર્થીઓને તે કહો.

બીજાને નમાવે = બીજા તેને નમન કરતા થાય

સાધી શકે = પાર પાડી શકે; સિદ્ધ કરી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨ જો

પૂર્ણની પરીક્ષા

ભગવાન બુદ્ધનો પૂર્ણ નામે એક શિષ્ય હતો. ભગવાન પાસે ધર્મ શીખ્યા પછી તેણે જવાની આજ્ઞા માગી.

બુદ્ધે તેને પૂછ્યું : પૂર્ણ, તું હવે ક્યાં જઈશ ?

પૂર્ણ — ભગવન્, હું સુનાપરન્ત પ્રાંતમાં જવા ધારું છું.

બુદ્ધ — પૂર્ણ, તે પ્રાંતના લોકો ઘણા કઠોર અને ક્રૂર છે. તેઓ તને ગાળો દેશે અને તારી નિંદા કરશે, તો તું શું કરીશ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણ — ભગવન્, તે વખતે હું એમ વિચારીશ કે, એ લોકો મને ગાળો દે છે તથા મારી નિંદા કરે છે; પણ તેઓ મને હાથ વડે મારતા નથી, માટે તેઓ બહુ સારા છે.

બુદ્ધ — અને જો તેઓ તને હાથ વડે મારશે તો?

પૂર્ણ — તો હું સમજીશ કે, તેઓએ મને હાથ વડે માર્યો, પણ પથ્થરથી માર્યો નહિ, તેથી તે લોકો સારા છે.

બુદ્ધ — જો તેઓ તને પથ્થરથી મારશે તો?

પૂર્ણ — તેઓએ મને પથ્થરથી માર્યો પણ દંડાથી માર્યો નહિ, માટે તે લોકો બહુ સારા છે, એમ હું સમજીશ.

બુદ્ધ — અને તેઓ તને દંડાથી મારશે તો?

પૂર્ણ — તેઓએ મને દંડાથી માર્યો પણ શસ્ત્રોથી ઘાયલ કર્યો નહિ, એ તેમનું ભલપણ છે, એમ હું સમજીશ.

બુદ્ધ — અને તેઓ તને શસ્ત્રોથી ઘાયલ કરશે તો?

પૂર્ણ — તો તેઓએ મને ઠાર માર્યો નહિ, એ તેમની ભલાઈ છે, એમ માનીશ.

બુદ્ધ — અને તેઓ તને ઠાર મારવા તૈયાર થશે તો?

પૂર્ણ — ભગવન્, ઘણા સાધુઓ શરીરથી કંટાળીને આપઘાત કરે છે. હું પણ શરીરથી કંટાળું, ત્યાર પહેલાં સુનાપરન્તના લોકોએ મને શરીરથી છોડાવ્યો, એમ સમજી હું તેમનો બહુ જ ઉપકાર માનીશ.

ભગવાન બુદ્ધ પૂર્ણના વિચારોથી પ્રસન્ન થઈ બોલ્યા: "શાબાશ! પૂર્ણ, શાબાશ! તું સુનાપરન્ત પ્રાંતમાં જઈ ઉપદેશ કરવાને પૂરો લાયક છે."

૧ પહેલા પાઠના કાવ્યમાં પૂછેલા સવાલનો ઉત્તર આ પાઠમાં મળે છે. બુદ્ધ એવા એક મહાપુરુષ હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

▮ બુદ્ધના ધર્મનો સંદેશ મુખ્યત્વે અહિંસા અને દયાનો છે. તે ધર્મનો ઉપદેશ બીજાને આપવા જનારમાં પોતામાં એ ગુણો દૃઢ થયેલા હોવા જોઈએ. એ દૃષ્ટિએ પૂર્ણની પરીક્ષા લેવાઈ છે.

▮ કોઈ ગાળ દે, મારે, તો સામે ગાળ દેવી, મારવું, એ સામાન્ય છે. અહીં પૂર્ણ જુદી વાત કરે છે, તે તરફ ધ્યાન ખેંચાય તે રીતે સવાલ-જવાબ કરો.

▮ બુદ્ધને પણ ક્રોધી ભારદ્વાજે ગાળો ભાંડી, ત્યારે તેમણે જે શાંતિ જાળવી હતી, તેની વાત આના અનુસંધાનમાં કહેવી. (જુઓ 'બુદ્ધલીલા' ભાગ ૩, પ્ર૦ ૨૦)

▮ 'અવગુણ કેડે ગુણ' કરવાની વાત 'શામળનો છપ્પો' એ પાઠમાં આગળ આવે છે. તે વાંચવા કહો.

▮ સુનાપરન્ત તે વખતના મગધદેશ (અત્યારના બિહાર)ની પશ્ચિમ સીમા પરના કોઈ વેરાન પ્રદેશનું નામ હશે.

પાઠ ૩ જો

સુદામા

સુદામા નામે એક વૃદ્ધ અને જ્ઞાની બ્રાહ્મણ હતા. તે બહુ ગરીબ હતા. છતાં તે કોઈની પાસે માગતા નહિ. તે અજાચક-વ્રત પાળતા.

કોઈ કોઈ વાર તેમના ઘરમાં ખાવાનું ખૂટી જતું; બાળકો ભૂખે ટળવળતાં. એક વખત તેમનાં પત્નીએ કહ્યું, "શ્રીકૃષ્ણ તમારા બાલમિત્ર છે. તેમની પાસે જાઓ. તે દ્વારકાના મોટા રાજવી છે. તે જરૂર આપણી ભીડ ભાગશે."

સુદામા — અરરર, તમે એ શું બોલ્યાં? મારાથી એ કેમ બને? ભીખ માગવી એ કરતાં તો મરવું સારું.

બ્રાહ્મણી — પણ આપણાં છોકરાં સામું તો જુઓ! તે બિચારાં ભૂખે ટળવળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુદામા — ભગવાન કરે તે ખરું. પણ એક વાત છે: જાઉં તો કૃષ્ણને મળાય, એ મોટો લાભ છે. પણ મિત્રને મળવા જાઉં, તો કશી ભેટ લઈ જવી જોઈએ ને? આપણી પાસે તો કંઈ જ નથી.

બ્રાહ્મણી — લો આ પૌંઆની પોટલી. પાડોશીને ત્યાંથી માગી લાવી છું. તે લઈને જાઓ.

સુદામા પોતાના ગામથી નીકળ્યા. સાથે પૌંઆની પોટલી લઈને દ્વારકા પહોંચ્યા. પૂછતાં પૂછતાં શ્રીકૃષ્ણના મહેલને દરવાજે ગયા.

સોનાનો મહેલ હતો. તેમાં હીરાનો હીંડોળો. તે ઉપર શ્રીકૃષ્ણ હીંચતા હતા.

દરવાને આવીને કહ્યું, "ભગવાન, સુદામા નામના કોઈ વૃદ્ધ બ્રાહ્મણ બારણે આવ્યા છે."

શ્રીકૃષ્ણ એકદમ ઝબકીને ઊભા થઈ ગયા. "હેં, કોણ સુદામા? એ તો મારો બાલમિત્ર, મારો ગુરુબંધુ. નાના હતા ત્યારે અમે સાંદીપનિ મુનિને ત્યાં સાથે રહેતા અને સાથે ભણતા. અમે સાથે જ વનમાં લાકડાં લેવા જતા. એ અમારો વડો વિદ્યાર્થી હતો."

શ્રીકૃષ્ણ ઉતાવળા ઉતાવળા દરવાજે પહોંચ્યા. સુદામાને ભેટી પડ્યા.

બેઉની આંખોમાંથી ગંગાજમના ઊભરાયાં.

પછી શ્રીકૃષ્ણે પોતે મિત્રની પોટલી તથા લાકડી ઉપાડી લીધી. તેમનો હાથ ઝાલીને તે પોતે તેમને મહેલમાં લઈ ગયા. ગરમ પાણીથી પોતાને હાથે શ્રીકૃષ્ણે તેમના પગ ધોયા. તેલ ચોળી તેમનો થાક ઉતાર્યો, અને પોતાને હાથે નવડાવ્યા. પછી પોતાને હાથે ભોજન પીરસ્યું. અને તેમને સૂવાને માટે પલંગ પણ પોતે જ ઢાળી આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બંને મિત્રો બહુ વર્ષે મળ્યા છે. સુખદુઃખની વાતો કરે છે. એવામાં શ્રીકૃષ્ણની નજર પેલી પૌંઆની પોટલી પર પડી. શ્રીકૃષ્ણે પૂછ્યું: "આ શું છે? ભાભીએ મારે માટે કાંઈ મોકલ્યું છે કે શું?"

આનાકાની કરતા સુદામા પાસેથી શ્રીકૃષ્ણે પોટલી લઈ લીધી.

સુદામા બિચારા આડા હાથ દઈ કહે, "તમને એ નહિ ભાવે. વાસુદેવ, તમને પેટમાં દુખશે."

પણ શ્રીકૃષ્ણે હાથમાંની પોટલી મૂકી નહિ. તેમાંથી તે પૌંઆના બૂકડા ભરવા લાગ્યા.

તે બોલ્યા, "મિત્ર, આવું ભાવતું ભોજન જિંદગીમાં કદી મળ્યું નથી."

વાતોમાં ને વાતોમાં રાત પૂરી થઈ. સવારે સુદામા શ્રીકૃષ્ણની રજા લઈ ઘેર જવા નીકળ્યા. તેમણે કંઈ માગ્યું નહિ; શ્રીકૃષ્ણે કંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યું નહિ. પણ સુદામા [illegible] જુએ છે તો તેમનું ઘર સોનાનું થઈ ગયું હતું! શ્રીકૃષ્ણે તેમનું તમામ દુઃખ વગર કહ્યે દૂર કરી દીધું હતું.

¶ એ સુદામાપુરી તે આજનું પોરબંદર. પોરબંદરમાં જ ગાંધીજીનો પણ જન્મ થયો હતો.

¶ જૂના વખતમાં રાજા અને રંક બધાના છોકરાઓ ગુરુને ઘેર આશ્રમમાં સાથે રહી ભણતા. ગુરુને ઘેર સોંપવામાં આવતું ગમે તે જાત-મહેનતનું કામ બધા વિદ્યાર્થીઓ સમાનપણે કરતા. એ રીતે આશ્રમનું જીવન સ્વાવલંબી થતું.

¶ મોટી ઉંમરે જુદી જુદી સ્થિતિમાં મુકાયા હોઈએ, તોપણ બાળપણની મિત્રતા વીસરવી ન જોઈએ — એ મુદ્દો શ્રીકૃષ્ણના વ્યવહારમાંથી તારવી બતાવવો. એથી ઊલટું દૃષ્ટાંત, દ્રુપદ રાજાએ પોતાના બાલમિત્ર દ્રોણાચાર્યને કેવી રીતે અવગણ્યા હતા, તેનું બતાવી શકાય.

¶ નકશામાં પોરબંદર, દ્વારકા બતાવો. સૌરાષ્ટ્ર પ્રદેશ બતાવો. ગુજરાત બતાવો.

અજાચક-વ્રત = ગમે તેમ થાય તો-પણ કોઈની પાસે કદી ન માગવાનું વ્રત

ભીડ ભાગવી = મુશ્કેલી દૂર કરવી

ગુરુબંધુ = એક ગુરુ પાસે પોતાની સાથે ભણનાર વિદ્યાર્થી, સહાધ્યાયી

ગંગાજમના ઊભરાવાં = એ એ નદીઓની પેઠે (આંસુના) મોટા રેલા ચાલવા

બૂકડા = મોટા ફાકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪ થો

સુદામા-ચરિત

[પ્રભાતિયાનો રાગ]

૧

બ્રાહ્મણી — "જદુપતિ નાથ તે મિત્ર છે તમ તણા,
જાઓ વેગે કરી કૃષ્ણ પાસે;
પ્રીત પૂરવ તણી, હેત ધરશે હરિ,
મનના મનોરથ સફળ થાશે. ૧

"બ્રહ્માના દેવ દયાળ શ્રીકૃષ્ણજી,
નિજ જન જાણીને સૂધ લેશે;
પ્રીતની રીત તે જાય નહિ વીસરી,
બાળક્રીડા તણાં ચરિત્ર કહેશે. ૨

"વીનતી વળી કહું, ભેટ લાવી દઉં,
પોતિયે તાંદુલ-ગાંઠ બાંધો;
જાણશે થોડે ઘણું, ભાવ ભોજન તણું,
ધન્ય શ્રીકૃષ્ણશું સ્નેહ સાંધ્યો." ૩

૨

આવી ઊભો રહ્યો, કંઠ ગદ્‌ગદ થયો,
કોટિ શશી-અર્કની જ્યોત ભાસે;
રત્નજડિત્ર મણિ કાંતિ ભાસે ઘણી,
પોળિયે જઈ કહ્યું કૃષ્ણ પાસે. ૪

મંદિરમાં તેડિયા, ચાલીને ભેટિયા,
ત્રિવિધના તાપ તે સર્વ નાઠા;
હેમ-સિંહાસને લઈને બેસાડિયા,
તાણતાં વિપ્રનાં વસ્ત્ર ફાટ્યાં. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तेल फुलेल मर्दन करावियु,
उष्णोदक लेईने स्नान कीधुं;
कनकनी पावडी चरण आगळ धरी,
कृष्णे चरणोदक शीश लीधुं. ६

पीतांबर पट नव घट पहेरावियुं,
कंचनथाळ रामाए दीधा;
भावतां भोजन कृष्ण साथे कर्यां,
लीधां आचमन ने काज सीध्यां. ७

३

श्रीकृष्ण — "भाभीए भेट जे मोकली मुज भणी,
भावशुं भाईजी, लागे मीठी."
संकोचतां गांठडी विप्र आघी धरे,
नरसैंयाना नाथे ते नजरे दीठी. ८

धाई लीधा हरि, मुष्टि तांदुल भरी,
प्रेमे आरोगिया तृप्ति पामी;
इंद्र कुबेरथी अधिक वैभव कर्यो,
रुक्मिणी कर ग्रह्यो शीश नामी. ९

४

सुदामा — "धन्य तुं, धन्य तुं, राय रणछोडजी,
दीन जाणी हुंने मान दीधुं;
नहि मुज जोग ते भोग में भोगव्या,
अज-अंबरीषथी अधिक कीधुं. १०

"नानपणा तणो स्नेह नव वीसर्यो,
मित्र मोहन तणी प्रीत साची;
दीन जाणी हुंने दया कीधी घणी,
रंक बेसाडियो कनक-मांची. ११

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“धन्य धन्य कृष्णजी, संत सेवा करी” —
ध्यान धरतो निज द्वार आव्यो;
रत्नजडित्र मणि भवन शोभा घणी,
देव शुं द्वारिका फरीने लाव्यो! १२

सहस्र दासी वळी नार वींटी मळी,
कामिनी कंथनी पास आवी —
“स्वामी स्वामी, हुं तो दासी छुं तम तणी,
मंदिर पधारीए प्रेम लावी.” १३

श्रीकृष्ण माहात्म्य लही, घेर आव्यो वही,
नवल-जोबन थयां नर ने नारी;
वारता कथतां रजनी वीती गई,
नरसैंयाना नाथनी प्रीत भारी. १४

નરસિંહ મહેતા

¶ સુદામાની વાત ગદ્યમાં છે તે કવિતામાં અહીં કહી છે.

¶ આના લેખક નરસિંહ મહેતા વિષે ત્રીજી ચોપડીમાં પાઠ છે તે યાદ કરાવો.

¶ નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં જાણીતાં છે. આ કડીઓ એ ઢાળમાં ગવડાવવી.

¶ સુદામાચરિત પ્રેમાનંદે પણ લખ્યું છે. તેમાંથી કેટલોક ભાગ વાંચી સંભળાવવો. ‘તને સાંભરે રે, . . . મને કેમ વીસરે રે’ — એ ભાગ પાંચમી ચોપડી (પાઠ ૩૮) માં છે.

¶ શ્રીકૃષ્ણે પૌંઆની મૂઠી ભર્યા પછી રુક્મિણીએ તેમનો હાથ શાથી પકડી રાખ્યો? પહેલી મૂઠી ભરીને જ બધો વૈભવ શ્રીકૃષ્ણે સુદામાને આપી દીધો. હવે બીજી મૂઠીથી આપવાનું શું બાકી રહ્યું? — હું અને તમે એ જ ને?’ — એવા ભાવમાં રુક્મિણી શ્રીકૃષ્ણનો હાથ પકડી રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જદુપતિ = યાદવોના નેતા – શ્રીકૃષ્ણ
પૂરવ તણી = પૂર્વની – પહેલાંની – બાળપણની
સૂધ લેવી = ખબર લેવી, સંભાળ લેવી
તાંદુલ = ચોખા (પૌંઆ)
ભાવ તણું = ભાવથી આપેલું
શશી અર્ક = ચંદ્ર અને સૂર્ય
પોળિયો = દરવાન
ત્રિવિધના તાપ = આધિ (માનસિક), વ્યાધિ (શારીરિક), અને ઉપાધિ એ ત્રણ પ્રકારના સંતાપ
શીશ લેવું = માથે ચડાવવું
નવ પટ = નવું વસ્ત્ર
ઘટ = શરીર
રામા = પત્ની
આચમન લેવું = જમણી હથેળીમાં થોડું પાણી લઈ પી જવું તે
લહેવું = સમજવું, ઓળખવું
વહી આવવું = ચાલ્યા આવવું

પાઠ ૫ મો

ભણો અને ભણાવો

શાળા શરૂ થવાની વાર હતી. છોકરાં વહેલાં આવ્યાં હતાં ને માંહોમાંહે વાતો કરતાં હતાં. સુલતાનાએ વાત કાઢી. તે કહે:

"આપણે બધાં શાળામાં ભણીએ છીએ. પણ મારી પડોશમાં ભીખુ રહે છે, તે ભણવા આવી શકતો નથી. તેનો બાપ મિલમાં જાય છે. તેની મા પણ મિલમાં જાય છે. થોડા દિવસથી તેમણે નાના ભીખુને પણ હોટલમાં કામ અપાવ્યું છે."

સુલતાનાની વાત સાંભળી ગોવિંદ કહે:

"મારા મામાની નાની મણિ પણ ભણવા આવી શકતી નથી. મણિને બે નાના ભાઈ છે. મામા મામી દિવસે કામે જાય છે. તે વખતે મણિ ઘેર રહે છે, અને પોતાના ભાઈઓને સંભાળે છે."

આ સાંભળી અહમદ કહેવા લાગ્યો:

"અમારી બાજુમાં બહેરામ કરીને છોકરો રહે છે, તે પણ શાળામાં આવતો નથી. તે દુકાને નોકરીએ રહ્યો છે."

"અમારે ઘેર કમુ કામ કરવા આવે છે, તેનું પણ એવું જ છે," પ્રબોધ બોલ્યો. "તે અમારે ઘેર વાસણ માંજે છે અને મારી નાની બહેનને રમાડે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પછી તો બધાં જ આવું આવું કહેવા લાગ્યાં. એ સાંભળી બધાંને થયું, આમ કેટલાં બધાં બાળકો ભણ્યા વિનાનાં રહી જતાં હશે! તેવામાં નિશાળનો ઘંટ વાગ્યો ને સૌ વર્ગમાં ગયાં.

વર્ગમાં બાળકોએ શિક્ષકને આ વાત કરી. તે સાંભળી શિક્ષકે તેઓને કહ્યું:

"આજે તમે બહુ સારી વાત કહી. પ્રભુનો ઉપકાર માનો કે તમે ભણવા આવી શકો છો. પેલાં ગરીબ બાળકો આવી શકતાં નથી. તમે તેમને ઘર આગળ રોજ થોડું થોડું શીખવો તો કેવું સારું! બોલો તમે એમ કરશો?"

સુલતાના બોલી, "હા જી, હું લીખુને જરૂર ભણાવીશ."

ગોવિંદ બોલ્યો, "હું પણ મારી મણિબહેનને શીખવીશ."

અહમદે પણ કહ્યું, "બહેરામ દુકાનેથી સાંજે ઘેર આવશે, ત્યારે હું પણ તેને ભણાવીશ."

પ્રબોધે કહ્યું, "હું પણ કમુને નાની બહેન સમજી ભણાવીશ."

પછી તો શાળાનાં ઘણાં છોકરાં પોતાની પડોશનાં અભણોને ભણાવવા લાગ્યાં. તેઓ તેમને ભાત ભાતની વાતો કહે, ગીતો શીખવે, અને વાંચતાં લખતાં પણ શીખવે. નિશાળમાં નવું નવું ભણે તે પણ કહે. તેઓ તેમને કાંતતાં પણ શીખવે. એમ કરતાં થોડા વખતમાં ગામમાં અભણોની સંખ્યા ઓછી થઈ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

• આપણા દેશમાં લખતાં વાંચતાં ઘણા લોકોને નથી આવડતું તે કહો. ગામમાં તેવાની ગણતરી કરવાનું કામ ઉપાડી શકાય. તેમને લખતાં વાંચતાં શીખવવું એ દેશનું એક મોટું કામ છે.

• વિદ્યાર્થીઓને તેમના પરિચયનાં અભણ છોકરાંઓ વિષે પૂછો. તેઓ શાથી અભણ રહે છે તેનું કારણ પણ તેમને પૂછવું.

• ઘણાં બાળકો માબાપની ગરીબાઈને કારણે કે બેદરકારીને કારણે અભણ રહી જાય છે. તેથી ભણતાં કે ભણેલાં સૌ કોઈ પોતાની આસપાસના એકાદ અભણને અક્ષરજ્ઞાન આપે, એ બહુ આવશ્યક છે.

• બીજું ધન આપવાથી ખૂટી જાય છે, પણ વિદ્યાધન તો બીજાને આપવાથી વધે છે, એ જાણીતું સુભાષિત — व्यये कृते वर्धत एव नित्यं विद्याधनं सर्वधनप्रधानम् ।। – વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર લાવવું. ત્રીજી ચોપડીમાં 'સુભાષિતો – ૧' એ પાઠમાં એવું જ એક સુભાષિત છે.

પાઠ ૬ ઠ્ઠો

જ્ઞાનેશ્વરનો ઉપદેશ

જ્ઞાનેશ્વર મહારાજ મહારાષ્ટ્રમાં એક મોટા સંત થઈ ગયા. એક વાર તેમની પાસે એક સ્ત્રી પોતાના આઠ–નવ વર્ષના છોકરાને લઈને આવી.

સ્ત્રીએ કહ્યું: "મહારાજ, મારો આ છોકરો રોજ ગોળ બહુ ખાય છે. હું તેને કહી કહીને થાકી; પણ મારું એ જરાય માનતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મારા બોલની એના પર કશી અસર જ પડતી નથી. આપ એને ગોળ ન ખાવા સમજાવો, તો એ જરૂર ગોળ ખાવાનું છોડી દેશે. મારા ઉપર આટલી કૃપા કરો."

મહારાજ ધીમેથી બોલ્યા: "બાઈ, તું એક અઠવાડિયા પછી એને લઈને મારી પાસે આવજે. પછી મારે એને જે કંઈ કહેવાનું હશે તે હું કહીશ."

સાત દિવસ પછી તે બાઈ પોતાના છોકરાને લઈને ફરી મહારાજ પાસે આવી.

જ્ઞાનેશ્વરે પેલા છોકરાને પોતાની પાસે બોલાવી મધુર અવાજે કહ્યું: "બાળ, હવે પછી ગોળ ન ખાતો. તારી બા કહે એમ કરજે, સમજ્યોને?"

છોકરાએ હકારમાં માથું હલાવ્યું.

પરંતુ એની બાને વિચાર આવ્યો કે, 'જો જ્ઞાનેશ્વર મહારાજને બસ આટલું જ કહેવાનું હતું, તો પછી મને એક અઠવાડિયા પછી શા માટે બોલાવી? તે જ વખતે છોકરાને આટલું કહી દીધું હોત, તો શો વાંધો હતો?' એટલે તેણે તેનું કારણ મહારાજને પૂછ્યું.

જ્ઞાનેશ્વર બોલ્યા: "બાઈ, જ્યારે તું પહેલી વાર મારી પાસે આવી અને તારા છોકરાને ગોળ ન ખાવાનું સમજાવવા તેં મને કહ્યું, તે વખતે હું પોતે જ ગોળ ખાતો હતો! હું પોતે જ ગોળ ખાતો હોઉં અને આ નાના બાળકને ગોળ ન ખાવાનો ઉપદેશ આપું, તો મારા વચનની એના ઉપર શી અસર પડે? તેથી મને મનમાં થયું કે, મારે જ પહેલાં ગોળ છોડી દેવો જોઈએ. આમ હું કરું તો જ આ બાળકને પણ ગોળ ન ખાવાનું કહી શકું. તેથી મેં પોતે જ તે દિવસથી ગોળ ખાવાનું બંધ કર્યું છે, અને હવે ગોળ હું કદી ખાઈશ પણ નહિં."

જ્ઞાનેશ્વર મહારાજના આ બોલ સાંભળીને પેલી સ્ત્રીની આંખોમાંથી આંસુ ટપકી પડ્યાં. ભક્તિભાવથી તે જ્ઞાનેશ્વરને પગે પડી; પછી પાલવ વડે આંખો લૂછતી લૂછતી પોતાના છોકરાને તેડીને ઘેર ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❡ 'કહેવા કરતાં કરવું ભલું' એ કહેવત અહીં યાદ કરાવવી. બાળકો મોટેરાંને જે કાંઈ કરતાં જુએ છે, તેનું ઝટ અનુકરણ કરે છે. મોટેરાંએ તેથી પોતાના વર્તન વિષે સાવચેત રહેવું જોઈએ.

❡ જ્ઞાનેશ્વર મહારાજ (ઈ. સ. ૧૨૭૧–૧૨૯૬) મહારાષ્ટ્રના બહુ મોટા સંત થઈ ગયા. મહારાષ્ટ્રના જાણીતા સંતોનાં નામવાળી ધૂન બીજી ચોપડીમાં 'એકનાથની જાત્રા' વાળા પાઠમાં ટાંકી છે તેની યાદ અપાવવી—

નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન, મુક્તાબાઈ,
એકનાથ નામદેવ તુકારામ.

આ ધૂનમાંથી પહેલાં ચાર સગાં ભાઈબહેન જ છે.

❡ જ્ઞાનેશ્વર મહારાજે આશરે ૧૯ વર્ષની ઉંમરે ગીતાનું મરાઠીમાં પદ્યમાં વિવરણ કર્યું છે, તે 'જ્ઞાનેશ્વરી ગીતા' નામે બહુ જાણીતું છે.

પાલવ = પહેરેલા સાલ્લાનો લટકતો છેડો

પાઠ ૭ મો

ઘરકામ

ઘેર ઘેર નાનાં મોટાં અને ભાત ભાતનાં કામો રોજ કરવાનાં હોય છે. પાણી ભરવું, ઢોર હોય તો તેનું વાસીદું વાળવું, તેને દાણોપાણી મૂકવાં, ઘરનો કચરોપૂંજો વાળવો, કપડાં ધોવાં, દળવું, ખાંડવું, રાંધવું, વાસણ માંજવાં, કાંતવું, સીવવું, મોરી અને પાયખાનું સાફ રાખવાં—વગેરે કેટલાં બધાં કામો કરવાનાં હોય છે? તે ન કરીએ તો કેમ ચાલે?

આ બધાં કામો કોણ કરે છે?

મોટે ભાગે દરેક ઘરમાં સ્ત્રીઓ જ આ બધાં કામ કરે છે. પૈસાદાર લોકો તેને માટે નોકરો રાખે છે.

આ બધાં કામ જાતમહેનતનાં છે. લોકોમાં તે હલકાં મનાય છે. તેથી તે જાતે ન કરવાં પડે તો સારું એમ લોકોને લાગે છે. આપણા સમાજમાં આ એક બહુ જ ખોટો વિચાર પેસી ગયો છે. જરૂરનું કોઈ પણ કામ કરવામાં શરમ શી છે? તેને શા માટે હલકું ગણવું જોઈએ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આપણું કામ આપણે બધા મળીને ન કરી લઈએ તો કોણ કરે ?

અને એ કામ સ્ત્રીઓ કરે અને પુરુષો ન કરે, એવું શું કામ મનાય ? છોકરાઓ બેઠા રહે કે રમે કૂદે ને ભણે; અને ઘરકામ તો છોકરીઓ જ કરે, એવું શું કામ ?

આ ખોટો ખ્યાલ સુધારવાને માટે ગાંધીજીએ ઘણો પ્રયત્ન કર્યો છે. તે કોઈને ઊંચો કે નીચો ગણતા નહિ. તેમને મન કોઈ કામ હલકું નહોતું અને આ વસ્તુ તેમણે પોતાના જીવનમાં પાળીને બતાવી છે.

કબા ગાંધી

તેમના પિતા કબા ગાંધી રાજકોટના દીવાન હતા. ઘરમાં નોકર–ચાકર હમેશ રહેતા. ગાંધીજી બહુ નાના હતા ત્યારે તેમના ઘરમાં રંભા નામે એક કામવાળી હતી. ગાંધીજી એ બાઈને મા જેવી ગણતા.

મોટપણમાં ગાંધીજી બારિસ્ટર થઈ મુંબઈમાં વકીલાત કરતા હતા તે વખતે તેમણે રસોઈ માટે મહારાજ રાખ્યો હતો. વિલાયત જઈ આવેલા એટલે તે અંગ્રેજી ઠાઠમાં રહેતા. છતાં મહારાજને તે નોકર તરીકે ગણતા નહિ. તેને રાંધવામાં મદદ કરતા : અર્ધું મહારાજ રાંધે, અર્ધું પોતે રાંધે અને મહારાજને ચોખ્ખાઈ શીખવતા જાય. તે એને ઘરના એક માણસ તરીકે ગણતા.

બારિસ્ટર ગાંધી

મુંબઈથી ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં બારિસ્ટરી કરવા ગયા હતા. ત્યાં તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કમાણી મોટી હતી એમ ઘરખટલો ભારે હતો. છતાં પાયખાનું સાફ કરવું, કપડાં ધોવાં, એવાં બધાં કામો ગાંધીજી અને કસ્તૂરબા હાથે કરતાં. ઘરમાં નોકરો અને મહેતાઓ રહેતા. પણ તે સૌને ઘરનાં માણસો તરીકે તેઓ પોતાની સાથે રાખતાં. અને તેમનું કામ પણ પોતે કરતાં.

દક્ષિણ આફ્રિકાથી હિંદમાં આવીને ગાંધીજીએ સત્યાગ્રહાશ્રમ સ્થાપ્યો. આશ્રમનાં બધાં કામો હાથે કરવાં, નોકર ન રાખવા, એવો નિયમ જ કર્યો હતો. આશ્રમમાં સ્ત્રીઓ અને પુરુષો સૌ ઘરકામ કરતાં.

પાયખાનું સાફ કરવું એને તો સમાજમાં હલકામાં હલકું કામ ગણી કાઢવામાં આવ્યું છે. તે કામ કરનારા અસ્પૃશ્ય ગણી તરછોડાય છે. એટલે આ કામને ગાંધીજીએ ખૂબ મહત્ત્વ આપ્યું છે. પોતે ધંધે ભંગી છે એમ પણ તે પોતાને માટે કહેતા.



ગાંધીજી પોતાના જીવનના છેલ્લા દિવસ સુધી રોજ અમુક તાર કાંતતા. કારણ કે જીવનને ઉપયોગી આવાં નાનાં મોટાં કામો કરીએ, તો જ આપણું જીવન ટકી રહે. દરેક જણે તેવાં કામમાં રોજ પોતાનો કાંઈ ને કાંઈ હિસ્સો આપવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

¶ ઘરકામમાં મદદ કરવા વિષે વિદ્યાર્થીઓ જોડે વાતચીત કરો. તેઓ શું ઘરકામ કરે છે તે પૂછો.

¶ કબા ગાંધી એટલે ગાંધીજીના પિતાશ્રી કરમચંદ ઉત્તમચંદ ગાંધી.

¶ રંભાનો ઉલ્લેખ બીજી ચોપડીના 'બીકનું ઓસડ' એ પાઠમાં છે. તેણે ગાંધીજીને બીકના ઓસડ તરીકે રામનામ શીખવ્યું હતું.

¶ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીની પ્રવૃત્તિ વગેરે વિષે આગળ 'રાષ્ટ્રપિતા'એ પાઠમાં માહિતી છે.

¶ અમદાવાદમાં આવેલા સત્યાગ્રહાશ્રમ વિષે બીજી ચોપડીમાં 'ફરવા નીકળ્યા' એ પાઠમાં માહિતી છે. તેની પણ યાદ અહીં દેવરાવવી.

¶ ભંગીઓને અસ્પૃશ્ય ગણવાના કુરિવાજ બાબત વાત કરવી. બીજી ચોપડીમાંથી 'રઘાકાકા' એ પાઠનું તેમ જ આ ચોપડીમાં આગળ આવતા 'મુકુંદનું પ્રાયશ્ચિત્ત' એ પાઠનું વસ્તુ અહીં કહી સંભળાવવું.

¶ બીજી ચોપડીમાં 'તેઓ કેમ કાંતે છે?' એ પાઠમાં ગાંધીજી કેમ કાંતતા એ વિષે ઉલ્લેખ છે, તેની અહીં યાદ આપવી.

¶ કુદરતમાંથી પોતે જે કંઈ વાપર્યું — ભોગવ્યું, તેની ખોટ પૂરી કરવા ખાતર જે કાંઈ કર્મ કરવું જોઈએ, તે યજ્ઞ કહેવાય છે. ગાંધીજી તેથી કાંતણકામને યજ્ઞ કહેતા. એ ભાવના રોજિંદાં ઘરકામ કરવા પાછળ હોવી જોઈએ, એ બતાવવું.

મહારાજ = બ્રાહ્મણ રસોઇયો
ઠાઠ = ભપકો
ઘરખટલો = સ્ત્રી-છોકરાં વગેરે સમુદાય
હિસ્સો = ભાગ; ફાળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૮ મો

મનુને તાવ આવ્યો

[વર્ગમાં હાજરી લેવાય છે.]

શિક્ષક—મનુ પટેલ? [વર્ગમાં આમ તેમ જુએ છે.] મનુ આજે નથી આવ્યો ?

ધીરુ—ગુરુજી, એ આવ્યો હતો. પણ તેને ટાઢ વાતી હતી ને તાવ ચડ્યો. એટલે હું એને ઘેર મૂકી આવ્યો.

[હાજરીનું કામ પૂરું થયું.]

ધીરુ—ગુરુજી, મનુ ઘેરથી તો સાજોસમો આવ્યો હતો, તો પછી તે એકાએક કેમ માંદો પડી ગયો ?

શિક્ષક—ચાલો, આજે આપણે એ વિષે જ વાતો કરીએ. એમ એકાએક આવતા તાવનું નામ શું? કોને ખબર છે ?

કનુ—હું કહું ગુરુજી ? ટાઢિયો તાવ.

શિક્ષક—બરાબર. સામાન્ય રીતે એ તાવ ટાઢ વાઈને આવતો હોવાથી તેનું નામ એવું પડ્યું છે. એને મલેરિયા પણ કહે છે. તે અંગ્રેજી નામ છે.

ચંદુ—ગુરુજી, તાવ આવે ત્યારે શરીર તો ઊનું થાય, તો પછી ટાઢ શાથી વાય ?

શિક્ષક—ચંદુનો સવાલ સમજવા જેવો છે. આ તાવ ચડવાની શરૂઆત થાય છે, ત્યારે તાવનો સામનો કરવા શરીરનું લોહી ચામડીમાંથી ખેંચાઈને શરીરના અંદરના અવયવોમાં જમા થાય છે. એટલે ચામડી સંકોચાય છે. તેથી ટાઢ વાતી હોય તેવી ધ્રુજારી ચડે છે.

કનુ—ગુરુજી, તાવનો સામનો લોહી શી રીતે કરે ?

શિક્ષક—લોહીમાં ધોળા અને લાલ એમ બે જાતના કરોડો ઝીણા ઝીણા કણ હોય છે. તેમાંના લાલ કણમાં આ તાવનાં જંતુ ઘર કરીને રહે છે. તે જંતુઓને જ્યારે બચ્ચાં થાય છે, ત્યારે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના ઘરમાં માતાં નથી. એટલે જેમ પક્ષીનું ઈંડું ફાટે, તેમ એમનું ઘર ફાટી જાય છે; અને નાનાં જંતુઓ તેમાંથી નીકળી લોહીમાં ભળે છે. તે વખતે લોહીમાંના ધોળા કણ તેમની સાથે લડવા દોડી જાય છે. ધોળા કણનું કામ રોગનાં જંતુઓ સાથે લડવાનું હોય છે.



ચંદુ—પણ તાવનાં જંતુ લોહીમાં કેવી રીતે આવે?

શિક્ષક—આ સવાલનો જવાબ શોધતાં દાક્તરોને વરસો થયાં હતાં. શરૂમાં તો લોકો એમ માનતા કે, હવા ખરાબ થાય તેથી આ તાવ આવે છે. પણ પછી ખબર પડી કે અમુક જંતુઓ આ તાવ લાવે છે. આ જંતુની શોધ સર રોનાલ્ડ રૉસ નામના એક અંગ્રેજ દાક્તરે પહેલવહેલી કરી. તે આપણા દેશમાં જન્મ્યો હતો અને ઘણાં વરસ આપણા દેશમાં રહ્યો હતો. તેણે એવું શોધી કાઢ્યું કે, એક જાતના મચ્છરના પેટમાં આ તાવનાં જંતુઓ

સર રોનાલ્ડ રૉસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે છે. તે મચ્છર માણસને કરડે, ત્યારે તેના ડંખ વાટે એ જંતુ લોહીમાં પેસે છે.

ડાહી—ગુરુજી, મને તો રોજ કેટલાય મચ્છર કરડે છે. તો મને તાવ આવશે?

શિક્ષક—એ તો તાવ આવે ત્યારે જણાય. કારણ કે બધા મચ્છરના પેટમાં આ જંતુઓ હોતાં નથી. અમુક ખાસ જાતના



[ઍનોફેલીઝ મચ્છર] [સામાન્ય મચ્છર]

મચ્છરના પેટમાં જ હોય છે. અને તે મચ્છર કરડે તોપણ તાવ આવે જ, એવું ન કહી શકાય. તાવનાં જંતુને જો આપણું શરીર દાબી દે, તો તાવ ન પણ આવે. પરંતુ મચ્છર ન કરડે તેની સંભાળ તો રાખવી જ જોઈએ.

ડાહી—ગુરુજી, કેટલાક લોકો રાતે મચ્છરદાનીમાં સૂએ છે, તે એટલા માટે જ?

શિક્ષક—હા, તું બરાબર સમજી. મચ્છર કરડે નહિ, તે માટે મચ્છરદાની વાપરે છે.

ચંદુ—પણ મચ્છરને મારી જ નાખીએ તો?

શિક્ષક—એ પણ એક રસ્તો છે. પણ મચ્છરને ક્યાં ક્યાં મારવા જશો? આ મચ્છર પાણી ભરાઈ રહેતું હોય તેવાં ખાબડાં, ખાબોચિયાં વગેરેમાં પેદા થાય છે. એ બધું જો ઠીક કરી દઈએ, તો મચ્છર પેદા જ ન થાય.

ધીરુ—આપણી સફાઈની ટુકડીએ હવે આ પણ ધ્યાનમાં રાખવું જોઈશે.

[વર્ગનો ઘંટ વાગે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❡ 'મલેરિયા' શબ્દનો મૂળ અર્થ 'ખરાબ હવા' થાય છે. આપણે ત્યાં તેને એકાંતરિયો કે તરિયો તેમ જ ચોથિયો તાવ પણ કહે છે. જંતુઓ લાલ કણને ફાડીને જેટલે કલાકે બહાર નીકળે, તે અનુસાર તાવ એકાંતરિયો કે ચોથિયો થાય છે.

❡ મલેરિયાના મચ્છરનો પેટનો ભાગ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પાછળથી ઊંચો રહે છે. તે મચ્છરને અંગ્રેજીમાં 'ઍનોફેલીઝ' કહે છે.

❡ લોહીમાંના ધોળા કણ મુખ્યત્વે બરોળમાં પેદા થાય છે. તેથી આ તાવમાં બરોળ ઉપર કામનો બોજો વધી જાય છે. તાવની શરૂઆતમાં લોહી ચામડી તરફના ભાગોમાંથી ખેંચાઈને બરોળ વગેરે અવયવોમાં જમા થાય છે.

❡ હિંદની વસ્તીનો લગભગ ત્રીજો ભાગ દર વર્ષે આ રોગમાં સપડાય છે; અને સરેરાશ ગણતાં રોજ ૨૮૮૦ માણસો એટલે કે દર મિનિટે બે માણસો મલેરિયાથી આપણા દેશમાં મરે છે. દવાદારૂ તથા બેકારીનો હિસાબ ગણતાં મલેરિયામાં સપડાયેલા માણસ દીઠ, સરેરાશ ખર્ચ રૂ. ૩–૧૪–૦ આવે. એ હિસાબે મલેરિયા પાછળ દર વરસે દેશના ૪૫ કરોડ રૂપિયા બગડે છે. એ ઉપરથી મલેરિયા સામે સાવચેતીનાં પગલાં લેવાં એ કેટલું આવશ્યક છે, તેનો ખ્યાલ આપી શકાય. એ રીતે દુનિયાના કેટલાક દેશમાં મલેરિયા નાબૂદ કરવામાં આવ્યો છે, એ ખબર કહો.

❡ 'મલેરિયા' અને 'ટાઇફૉઇડ' એ બે પુસ્તિકાઓ પુસ્તકાલયમાંથી મેળવી, વાંચવા સૂચવવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૯ મો

तरुवर

१

तरुनो बहु आभार,
जगत पर तरुनो बहु आभार.

फूलो आपे फळ बहु आपे,
गाडे गाडां बी पण आपे;
छाया ने विसामो आपे,
पंखीनो मोटो आधार. जगत०—१

कापो तोये कोप न करतुं,
सुकाई जाते बळतण देतुं;
इमारतोनुं लाकड देतुं,
घरनो राच-संभार. जगत०—२

कठियारानी ए पर रोजी,
सुथारनी ए मोटी पूंजी;
पृथ्वी माटे वादळ खेंची,
वरसावे छे जळनी धार. जगत०—३

तरुओनी शिखामण एवी,
सौ जीवोनी सेवा करवी;
तडको वेठी छाया देवी,
करवो पर-उपकार. जगत०—४

ડિ૦ ધ૦ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२

लीलांछम पानभर्यां वृक्षो आ विश्वमां
आपे शीळी मीठी छांय,
हो भली वृक्षोनी जिंदगी ! १

पुष्पो खीली खीली वेरे सुगंधी,
मनडुं हरी हरी जाय. हो भली० २

माथे सहंतां बळबळता सूर्यने,
बीजांने आपे आराम. हो भली० ३

वृक्षो साचुकलां संत उपकारी,
सेवा करी हरखाय. हो भली० ४

पथ्थर वडे घा करतुं कदीक कोई,
दई दे, फळ मीठडुं त्यांय. हो भली० ५

आवां उपकारी वृक्षो निहाळी,
भणीए रूडा पाठ. हो भली० ६

કુંતાબહેન રુસ્તમભાઈ ચૌધરી

¶ બંને કવિતાઓમાં વૃક્ષો પાસેથી અમુક પાઠ કે શિખામણ લેવાનું જણાવ્યું છે. ખાસ કરીને 'પરમ ઉપકારી સંત' જોડે તેમને સરખાવ્યાં છે. અપકારના બદલામાં ઉપકાર એ વિશેષતા સંતોની તેમ જ વૃક્ષોની સમાનપણે છે, તે ધ્યાન ઉપર લાવવું.

¶ હિંદી ભક્ત-કવિ સૂરદાસનું ભજન છે તે જુઓ: 'વૃક્ષનસે મત લે. . .' ('આશ્રમભજનાવલિ')

¶ વૃક્ષોને મોટી સંખ્યામાં કાપી નાખવાથી ફળદ્રુપ પ્રદેશ પણ ઉજ્જડ બની જાય છે. તે દૃષ્ટિએ 'વન-મહોત્સવ'નું મહત્ત્વ સમજાવવું; અને નવાં વૃક્ષો રોપવા તથા ઉછેરવા અંગે વિદ્યાર્થીઓમાં રસ પેદા કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૦ મો

દીનબંધુ ઍન્ડ્રૂઝ

૧



આપણા દેશનું ભલું ચાહનારા કેટલાક અંગ્રેજો પણ છે. દીનબંધુ ઍન્ડ્રૂઝ તેમાંના એક હતા. તે ઘણું ભણ્યા હતા અને ઇંગ્લંડની એક કૉલેજમાં અધ્યાપક તરીકે કામ કરતા હતા. પરંતુ તેમને ગરીબ તથા દુઃખીની સેવા કરવાનું ખૂબ ગમતું. આપણા દેશની ગુલામી અને ગરીબીની વાતો તેમના સાંભળવામાં આવી. આથી તે ઇંગ્લંડથી આપણા દેશમાં આવ્યા, અને છેવટ સુધી તેમણે આપણા દેશની સેવા કરી. ગાંધીજી અને રવીન્દ્રનાથ ટાગોરના તે પરમ મિત્ર હતા. આપણા લોકોએ તેમને 'દીનબંધુ' એટલે 'ગરીબોના ભાઈ' એવું વહાલસોયું નામ આપ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

દીનબંધુ ઍન્ડ્રૂઝ જ્યારે પાંચ-છ વરસના હતા, ત્યારે એક દહાડો રમતા રમતા એક મોટા સુંદર વનમાં જઈ ચડ્યા. તેમના પિતાનું ઘર વિલાયતના મિલોવાળા એક ગંદા શહેરમાં હતું. એટલે લીલા ઘટાદાર વનમાં એકલા છૂટથી રમવાની અને ભમવાની ઍન્ડ્રૂઝને ખૂબ મજા પડી.

ભમતો ભમતો બાળક ઍન્ડ્રૂઝ એક ખાબોચિયા પાસે આવી પહોંચ્યો. ચારે બાજુ ભીની જમીન હતી. તેમાં ઘાસપાલો ઊગ્યો હતો. ત્યાં એક પક્ષીએ સુંદર માળો બાંધ્યો હતો. તેમાં આસમાની રંગનાં ચાર સુંદર ઈંડાં હતાં. એવાં મજેદાર રંગીન ઈંડાં જોઈ ઍન્ડ્રૂઝ તો હરખાઈ ગયો. તરત તે જાંઘિયો જરા ઊંચો કરી, છબ છબ કરતો ખાબોચિયામાં પેઠો અને ઈંડાં લઈ આવ્યો. ઘેર જઈ બા-બાપુને એ ઈંડાં બતાવવા તે ઘર ભણી દોડ્યો.

ઘેર પહોંચ્યો એટલે બારણામાંથી જ તે બૂમો પાડવા લાગ્યો: "બા, બા, જો જો; કેવાં સરસ ઈંડાં હું શોધી લાવ્યો છું!"

બાએ ઍન્ડ્રૂઝને બાથમાં લઈ બાજુ પર જઈને કહ્યું: "બેટા, ત્યાં ઈંડાંની મા નહોતી?",

ઍન્ડ્રૂઝે કહ્યું: "ના બા, ઈંડાં તો ખાબોચિયામાં ઘાસ ઊગેલું હતું ત્યાં માળામાં હતાં. મારી સાથે કોઈ નહોતું; હું એકલો પાણીમાં ઊતરીને લઈ આવ્યો. કેવાં સરસ છે! નહિ બા?"

બાએ કહ્યું: "બેટા, એ બધું તો ખરું. પણ એ ઈંડાંમાં તો બચ્ચાં છે. થોડા દિવસ પછી બચ્ચાં મોટાં થાય એટલે ઈંડાંમાંથી બહાર નીકળે. ઈંડાંની મા પાછી આવશે ત્યારે એ બિચારીને કેવું લાગશે? તને કોઈ ઉઠાવી જાય, ભાઈનેય લઈ જાય, ને બહેનને પણ સાથે ઉપાડી જાય, તો અમને તમારા વિના કેવું લાગે? અને ઉઠાવી જનારો માણસ ખરાબ ન કહેવાય કે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઍન્ડ્રૂઝે કહ્યું: "બા, એવું ન બોલીશ. મને કોઈ ઉપાડી જાય તો હું તારા વિના કેટલો બધો રડું, અને તું પણ મારા વિના કેટલી બધી રડે? વળી ભાઈને અને બહેનને પણ ઉપાડી જાય, તો અમારા સૌના વિના તું ખૂબ જ રડે. પણ આ તો પક્ષી છે. એને કંઈ તારી પેઠે દુઃખ ન થાય. એને તો બોલતાં જ ક્યાં આવડે છે? એટલે હું આ ઈંડાં ઉઠાવી લાવ્યો છું. કેવાં ગોળમટોળ અને આસમાની રંગનાં છે!"

બાએ કહ્યું: "બેટા, તું તો નાદાન છે. એ પંખીને પણ એનાં ઈંડાં કે બચ્ચાં કોઈ લઈ જાય તો મારા જેવું જ દુઃખ થાય. અત્યારે પણ તે માળા પાસે આવી કેટલી બધી ચીસો નાખતી હશે અને ચારે બાજુ શોધાશોધ કરતી હશે? તું નાદાન છે. તને કંઈ ભાન નથી. નહિ તો તું આવી નિર્દય ચોરી કરત જ નહિ!"

ઍન્ડ્રૂઝનો બધો આનંદ ઊડી ગયો. તેની આંખમાં આંસુ આવ્યાં. તે માફી માગતો હોય તેમ માથું નીચું કરી માની સોડમાં લપાયો. હેતાળ માએ તેને છાતી સરસો ચાંપ્યો.

૩

એ દિવસ બિચારા ઍન્ડ્રૂઝને આખી રાત ઊંઘ ન આવી. તેને પેલી રોકકળ કરતી ઈંડાંની મા જ યાદ આવ્યા કરે. અને "આ મેં શું કર્યું? હવે શું કરું?" એમ જ મનમાં વિચાર આવ્યા કરે.

સવારે ઊઠી ચૂપચાપ તે પેલાં ઈંડાં લઈને વન ભણી દોડ્યો; અને ખાબોચિયું ખોળતો ખોળતો બધે ભમવા લાગ્યો. પરંતુ ઈંડાંવાળું ખાબોચિયું તેને જડ્યું નહિ. આથી તે બહુ દુઃખી થયો, અને નિરાશ થઈ ઘેર પાછો આવ્યો.

રાતે રોજના નિયમ મુજબ આખું કુટુંબ સૂતા પહેલાં પ્રાર્થના કરવા ભેગું થયું, ત્યારે ઍન્ડ્રૂઝે આંખો મીંચી રડતાં રડતાં ભગવાનની બહુ બહુ ક્ષમા માગી. પેલાં ઈંડાંની મા રડતી રડતી મરી ન જાય, તથા તે શાંત થાય, એવી પણ તેણે પ્રભુને પ્રાર્થના કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે પહેલી વાર ઍન્ડ્રૂઝને ભગવાનની પ્રાર્થના કરવાનો અર્થ સમજાયો. તેને શાંતિ થઈ. એ પ્રાર્થના પછી તે બિચારો શાંતિથી ઊંઘી શક્યો.

¶ દીનબંધુ ઍન્ડ્રૂઝ ૧૨મી ફેબ્રુઆરી ઈ. સ. ૧૮૭૧માં વિલાયતમાં ન્યૂ કૅસલ નામે કોલસા અને કારખાનાંના મથકે જન્મ્યા હતા. તેમનું અવસાન શાંતિનિકેતનમાં તા. ૫-૪-૧૯૪૦ ને રોજ થયું હતું.

¶ તે હિંદમાં જ્યાં જ્યાં અન્યાય અને દમન જોતા, ત્યાં ત્યાં દોડી જતા. ગિરમિટ પદ્ધતિ હેઠળ ફીજી ગયેલા હિંદી મજૂરો, દક્ષિણ આફ્રિકાના હિંદીઓ, એ સૌના પ્રશ્નોમાં તેમણે તનતોડ મહેનત કરી હતી. હિંદની રાજકીય લડતમાં પણ તે છેવટ સુધી અંગ્રેજ સરકાર અને હિંદવાસીઓ વચ્ચે એક અગત્યની કડીરૂપ બની ગયા હતા. ફીજીના હિંદીઓએ ૧૯૧૭માં તેમને 'દીનબંધુ' નામ આપ્યું હતું.

¶ નાનાં બાળકો અજાણપણે અથવા રમતમાં બીજાં પ્રાણીઓને હેરાન કરે છે, એના દાખલા બતાવવા. જેમ કે, દેડકાને પથ્થર મારનાર છોકરાંઓ વગેરે.

¶ પોતે કરેલા કારમા ગુનાની વેદના ઍન્ડ્રૂઝ પ્રાર્થનાથી શમાવી શક્યા, એ વસ્તુના અનુસંધાનમાં ઉપાસનાનું રહસ્ય સમજાવવું.

¶ રવીન્દ્રનાથ ટાગોરનો પરિચય આપવો. (જુઓ છઠ્ઠી ચોપડી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૧ મો

હાતિમતાઈ

પ્રવેશ પહેલો

[અરબસ્તાનનો બાદશાહ છાવણીમાં સમાચારની રાહ જોતો ઊભો છે. સેનાપતિ દોડતો આવે છે.]

સેનાપતિ—[હસતે મોઢે સલામ ભરીને] બાદશાહ સલામતની ફતેહ ! દુશ્મન હાતિમતાઈ હારી ગયો છે. તેનું લશ્કર નાસભાગ કરવા લાગ્યું છે. તેનું આખું રાજ્ય હવે આપને તાબે છે.

બાદશાહ—એ તો ઠીક. પણ હાતિમ પોતે ક્યાં છે?

સેનાપતિ—[જરા ખમચાઈને] હજૂર, આપણા લશ્કરે દુશ્મનોને ચારે બાજુથી ઘેરી લીધા હતા. પરંતુ હાતિમનો ક્યાંય પત્તો નથી.

બાદશાહ—[ગુસ્સે થઈને] શું કહ્યું? પત્તો નથી? તમે બધા શું કરતા હતા? જ્યાં સુધી તે છૂટો અને જીવતો હોય, ત્યાં સુધી આપણને જંપવા દેશે? ગમે તેમ કરો. ચારે બાજુ માણસો દોડાવો. તે જીવતો યા મરેલો મારા હાથમાં આવવો જ જોઈએ.

સેનાપતિ—[સલામ ભરીને] જેવો હજૂરનો હુકમ. હું હમણાં જ ચારે બાજુ માણસો દોડાવું છું. જ્યાં સુધી હાતિમ હાથમાં નહિ આવે, ત્યાં સુધી હું પાછો આવીશ નહિ.

બાદશાહ—ઠીક છે. રાજધાનીમાં પણ ઢંઢેરો પિટાવો કે હાતિમતાઈને જીવતો કે મરેલો પકડનારને એક લાખ મહોરનું ઇનામ મળશે.

[સેનાપતિ સલામ ભરીને ઉતાવળો ઉતાવળો દોડી જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ બીજો

[જંગલનો એક ભાગ. એક કઠિયારો તેની સ્ત્રી સાથે લાકડાં કાપવા આવ્યો છે.]

કઠિયારો — બપોર થયા. હવે તો થાકયા. થોડો આરામ લઈને ભાથુંબાથું ખાઈએ.

[સ્ત્રી ભાથું છોડે છે. બંને ખાવા બેસે છે.]

કઠિયારો — [ખાતાં ખાતાં] હવે આપણે ઘરડાં થયાં છીએ. આપણાથી રોજ આવું કામ શી રીતે થશે? આપણને એક દીકરો હોત તો કેવું સારું! ઘડપણમાં તે આપણને કમાઈને ખવરાવત તો ખરો!

સ્ત્રી — [નિસાસો નાખીને] આમ આખો દિવસ લાકડાં કાપ્યા કરીએ છીએ ત્યારે માંડ પેટ પૂરતું મળે છે. કશું બચાવવાની તો વાત જ શી? કોક દિવસ હાથપગ ન ચાલે, ત્યારે ભૂખે મરવાના જ દહાડા આવવાના.

કઠિયારો — મને પણ એમ જ લાગે છે. પણ હવે કંઈ બીજો રસ્તો છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી—[યાદ કરીને] અરે હા, યાદ આવ્યું! નવા રાજાએ ઢંઢેરો પિટાવ્યો છે તે ભૂલી ગયા? જૂનો રાજા હાતિમતાઈ આ જંગલમાં જ ક્યાંક છુપાઈ ગયો છે. તેને જીવતો કે મરેલો પકડી લાવનારને રાજા એક લાખ મહોર ઇનામ આપવાનો છે. આપણા હાથમાં હાતિમતાઈ આવી જાય તો કેવું સારું થાય!

કઠિયારો—અરે, ભૂંડી! હાતિમતાઈ તો બહુ ભલો રાજા હતો. તેને પકડાવીને તે ઇનામ લેવાતું હશે? ભલે આપણે ભૂખે મરી જઈએ.

[પાસેની ઝાડીમાંથી હાતિમતાઈ બંને જણની સામે આવી ઊભો રહે છે.]

કઠિયારો—[ચોંકીને] ભાઈ, તું કોણ છે? તારે શું કામ છે?

હાતિમતાઈ—હું હાતિમતાઈ છું. મેં તમારી બંનેની વાત સાંભળી છે. તું મને નવા રાજા પાસે લઈ જા. તે તને ઇનામ આપશે. તેનાથી તું સુખે જીવી શકશે.

કઠિયારો—[ઝટપટ ઊભો થઈ સલામ કરીને] ગરીબનવાજ! આપ આ શું બોલ્યા? એવું તે કંઈ થાય? અમારું જે થવાનું હશે તે થશે. દાંત આપ્યા છે તો ખુદા ચાવણું પણ આપશે. આપ અહીંથી જલદી દૂર ચાલ્યા જાઓ. ઇનામની લાલચે ઘણા માણસો આપને શોધવા ફરે છે. કોઈ આપને જોઈ જશે તો આપ આફતમાં આવી પડશો.

[એક માણસ બાજુની ઝાડીમાંથી દોડતો આવીને હાતિમતાઈને પકડે છે અને બાંધે છે.]

માણસ—[ખુશ થતો] ખુદાની ભારે રહેમ છે! હું ક્યારનો આ જંગલમાં તને શોધવા રખડ્યા કરતો હતો. બસ, હવે બંદાનો બેડો પાર! બોલ, તારે સીધી રીતે રાજા પાસે આવવું છે, કે પછી તને પૂરો કરીને લઈ જાઉં?

હાતિમતાઈ—હું આવવા તૈયાર છું. [કઠિયારાને] ભાઈ, તું પણ મારી સાથે ચાલ.

[બધાં જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ ત્રીજો

[બાદશાહનો દરબાર]

બાદશાહ — હજુ હાતિમતાઈના કાંઈ સમાચાર નથી. તમે બધા હરામખોર છો. હું હજુ એક-બે દિવસ રાહ જોઈશ. ત્યાં સુધીમાં હાતિમતાઈ જીવતો કે મરેલો નહિ પકડાય, તો યાદ રાખજો!

પહેરેગીર — [દોડતો દાખલ થઈને] નામવર, બહાર એક માણસ હાતિમતાઈને જીવતો બાંધીને લઈ આવ્યો છે. આપનો હુકમ હોય તો તેને હાજર કરું.

બાદશાહ — [રાજી થઈને] એકદમ લઈ આવ. શાબાશ, શાબાશ, છેવટે હાતિમ પકડાયો!

[બધા દાખલ થાય છે.]

માણસ — [ત્રણ સલામ કરીને] હજૂર, નામવર! આપની ફતેહ થાઓ. આપનો દુશ્મન પકડાયો છે. આ રહ્યો હાતિમતાઈ. ઘોર જંગલમાંથી હું તેને જીવતો પકડી લાવ્યો છું.

બાદશાહ — શાબાશ, શાબાશ! તને પૂરેપૂરું ઇનામ આપવામાં આવશે. [ખજાનચી તરફ જોઈને] ખજાનચી, હમણાં ને હમણાં એક લાખ મહોર આ માણસને ગણી આપો.

હાતિમતાઈ — [આગળ આવીને] બાદશાહ, ઇનામ ભલે આપો. પણ તે આ માણસને નહિ; આ કઠિયારાને આપો.

બાદશાહ — કેમ વળી? આ માણસ તને પકડી લાવ્યો છે, એટલે તેને જ ઇનામ મળશે. આ કઠિયારો કોણ છે?

હાતિમતાઈ — આ કઠિયારાએ જ મને પકડ્યો છે. એને જ ઇનામ આપો.

કઠિયારો — [અકળાઈને] હજૂર, મારે ઇનામ નથી જોઈતું. મેં હાતિમતાઈને પકડ્યા નથી.

બાદશાહ — આ બધું શું છે? તેં જો આને પકડ્યો નથી, તો પછી તે તને ઇનામ આપવાનું શા માટે કહે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઠિયારો — હજૂર, હું ને મારી ધણિયાણી જંગલમાં લાકડાં કાપવા ગયાં હતાં. બપોરે ભાથું ખાતાં હતાં ત્યારે હાતિમતાઈ પોતે જ મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા : 'તું મને રાજા પાસે લઈ જા. મને પકડનારને તે મોટું ઇનામ આપશે. તેમાંથી તું ઘડપણમાં ખાજે પીજે.' નામદાર, હું ગરીબ છું, ભૂખે મરું છું. અમે ધણી ધણિયાણી બે જ છીએ. અમારે છોકરો નથી. તેથી ઘડપણમાં અમારું શું થશે તેની અમે ફિકર કરતાં હતાં. હાતિમતાઈ ઝાડીમાં પાસે જ હશે. તેમણે આ સાંભળ્યું. એટલે તે પોતે જ અમારી પાસે આવીને આમ બોલ્યા.

બાદશાહ — તો પછી આ માણસના હાથમાં હાતિમતાઈ કેમ કરીને આવ્યો ?

કઠિયારો — હજૂર, અમારી વચ્ચે વાતચીત ચાલતી હતી, તે આ માણસે ઝાડીમાં રહીને સાંભળી હશે. તેણે આવીને તરત તેમને પકડ્યા. અહીં આવતી વખતે હાતિમતાઈએ મને પણ સાથે આવવા કહ્યું, એટલે જ હું તો આવ્યો છું. મારે ઇનામ નથી જોઈતું.

બાદશાહ — [નવાઈ પામીને] હાતિમતાઈ જાતે જ તારા હાથમાં પકડાવા આવ્યો હતો ?

કઠિયારો — હા જી. અમારી ગરીબાઈની તેમને દયા આવી; તેથી મને ઇનામ મળે તે માટે તે પોતે જ મારી પાસે આવીને ઊભા રહ્યા.

[બાદશાહ એકદમ ઊભો થઈને હાતિમતાઈને ભેટી પડે છે.]

બાદશાહ — શાબાશ, શાબાશ ! સાચા માણસ તો આવા જ હોય. પોતાની જિંદગીને ભોગે પણ બીજાનું ભલું કરવા ઇચ્છનાર કોઈક જ હોય. એવા ભલા માણસને હરાવીને મારે તેનું રાજ્ય ન જોઈએ. [હાતિમતાઈને] લો તમારું રાજ્ય પાછું. તમે તમારા દયાભાવથી તમારું રાજ્ય મારી પાસેથી પાછું જીતી લીધું છે. તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા રાજ્યમાં સુખથી રહો અને રાજ્ય કરો. આ કઠિયારાને તો હું ઇનામ આપીશ જ. ખજાનચી, એ મહોરો કઠિયારાને ગણી આપો; અને સેનાપતિ, આ હરામખોરને સજા કરો.

[પડદો પડે છે.]

¶ આ નાટક ભજવી શકાય. અરબસ્તાનનો પહેરવેશ વગેરે બતાવો. નકશામાં અરબસ્તાન બતાવો.

¶ હાતિમ ઈરાનના એક પ્રદેશનો રાજા હતો. જેમ વિક્રમરાજાનાં પરાક્રમની વાતો બહુ જાણીતી છે, તેમ હાતિમરાજાની દાનદયાની વાતો બહુ જાણીતી છે.

¶ આપણે ત્યાં કાશીના અને કોસલના રાજા વચ્ચે આવો જ એક બનાવ બનેલો કવિ રવીન્દ્રનાથે એક કથા–કાવ્યમાં વર્ણવેલો છે.

છાવણી = લશ્કરનો પડાવ – મુકામ

સલામત = 'સાજું સમું–સલામત રહો' એવી શુભેચ્છા બતાવનારો શબ્દ

હજૂર = 'આપ સાહેબ' એ અર્થનું માનવાચક સંબોધન

ગરીબનવાજ = ગરીબ ઉપર રહેમ – દયા રાખનાર

બંદો = પોતાની જાત માટે વડાઈ બતાવવા વપરાતો શબ્દ

બેડો પાર = 'મારું વહાણ પાર પહોંચ્યું' – એટલે કે 'મારું કામ પાર પડ્યું' એવું બતાવવા વપરાય છે

હરામખોર = અનૃત કે હરામનું ખાવાની ટેવવાળું

નામવર = જાણીતું, પ્રખ્યાત – એ અર્થનું માનવાચક સંબોધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૨ મો

સુભાષિતો—૧

ધર્મ

धर्म विचारो रे धर थकी, तजी कपट तमाम;
पडतां धारे जे पापमां, धर्म एनुं छे नाम. १

सत्य दया तप शौच छे, पग धर्मना चार;
जेना हृदयमां ए रह्या, उत्तम तेना आचार. २

चार चरण छे अधर्मना, वहेम, मद ने कुसंग,
अनृत पेसे जो अंगमां, करे धर्मनो भंग. ३

તપ

कष्ट सहे धर्म पाळतां, तप तेनुं छे नाम;
बीजा दंभ अनेक छे, तेणे सुधरे न काम. ४

तप करी तन दृढ जे करे, जीते इंद्री ने प्राण;
मन वश राखे पोता तणुं, होय चतुर सुजाण. ५

* * *

आवे जे उपयोगमां, उत्तम विद्या तेह.
पोपट मुखे रामनाम, फोगट गोखण एह. ६

विद्या विवादने काजे, मद काजे धनसंचय,
परने पीडवा शक्ति, दुर्जननुं ए लक्षण.
विद्या छे ज्ञानने काजे, धर्मार्थे धनसंग्रह,
परने रक्षवा शक्ति, सज्जननुं ए लक्षण. ७

आगळथी अघरो दीसे, चडवो डुंगर जेम;
चड्या पछी छोटो दीसे : भारे दुःख पण तेम. ८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

खोटुं काम करनारने, फळ पण तेवुं थाय;
बावळ बारणे वावीने, केरी केम खवाय? ९

करीए दिवसे एवुं काम, राते रहीए करी विराम;
साले नहि अंतरमां साल, पाणी पहेली चणीए पाळ. १०

* ધર્મ એટલે 'ધારણ કરનાર' એ મૂળ અર્થ છે. તેના ચાર ચરણ એટલે ટેકારૂપ ચાર ગુણો એમ સમજવું.

ધર થકી = શરૂઆતથી; મૂળથી
ધારે = ઝાલી રાખે; વારે
શૌચ = (તન-મનની) શુદ્ધિ
અનૃત = અસત્ય
સુજાણ = સારી રીતે જાણનાર; સમજુ
ધર્માર્થે = ધર્મ – દાન પુણ્ય માટે
સાલ = શલ્ય; નડતર

પાઠ ૧૩ મો

આપણા હાથ

આપણને બીજાં સર્વ પ્રાણીઓ કરતાં આગળ વધારનાર શું હશે?

આપણી આંખો? ના રે ના! આંખની બાબતમાં તો બીજાં પ્રાણીઓ આપણા કરતાં બહુ જ શક્તિશાળી છે. સમડી અને ગરુડની આંખો દૂરબીન જેવી હોય છે. બિલાડી, વાઘ વગેરેની આંખો દિવસ અને રાત બંને વખત કામ આપે તેવી હોય છે. કૂતરાં, કબૂતર જેવાં પ્રાણીઓની નજર એવી છે કે, એક વાર જે માર્ગે નીકળે, તે માર્ગે પાછાં ફરતાં તે કદી વાટ ચૂકતાં નથી.

એ જ પ્રમાણે આપણાં નાક અને કાન પણ બીજાં જનાવરોની સરખામણીમાં બહુ જ નબળાં છે. પાણીની માછલીના કાન કેટલા બધા સરવા છે! તેને પકડવા ખાતર બગલાને કેટલી બધી ચુપકીદી જાળવવી પડે છે! ઘોડાનું તેમ જ કૂતરાનું નાક કેવું અદ્ભુત છે! માત્ર વાસથી તેઓ પોતાના માલિકને ઓળખી કાઢે છે. અરે, કીડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા ઝીણા જંતુનું નાક પણ જુઓ ને. તેની સાથે સરખાવતાં આપણું નાક તો સાવ નકામું ગણી શકાય. એક ખાંડની કણી ક્યાંક ખૂણામાં પડી હશે તે પણ કીડી શોધી કાઢશે ! ત્યારે આપણે માણસો, નજીકમાં ખાંડની વખાર હશે તે પણ નાકથી જાણી શકીશું નહિ.

પરંતુ, આપણી પાસે એક જ અંગ એવું છે, કે જેને લીધે આપણે બીજાં પ્રાણીઓ કરતાં આગળ આવ્યા છીએ. તે છે આપણા હાથ. કેવા અદ્ભુત એ હાથ ! મજબૂત કાંડાંમાં બેસાડેલી ત્રણ ત્રણ વેઢાવાળી પાંચ આંગળીઓવાળા અને સુંદર ગાદીથી મઢેલા પંજાવાળા ! કેવી અદ્ભુત એ હાથની શક્તિઓ ! નાની સરખી ચપટી પકડી શકે તેમ મોટા મોટા ઘણ પણ ઉપાડી શકે. ઘા ફેંકે તો ધારી તાક મારી શકે; ઘા આવે તો ઝીલી શકે. વગર કાંટે વજન પારખી શકે; વગર માપે ધાર્યો ઘાટ ઉતારી શકે.

માણસના હાથની ખૂબી એના અંગૂઠામાં છે. ચાર આંગળીઓથી તે જુદો છે, છતાં એમની સાથે મળીને કામ કરી શકે છે. એટલે જ આપણને પૂણી કે સોય પકડતાં ફાવે છે. અંગૂઠો ન હોત, તો આપણને કઈ કઈ અગવડો આવત, એનો વિચાર કરશો તો ખબર પડશે.

હાથનો ઉપયોગ કરતાં કરતાં માણસની બુદ્ધિને બહુ બહુ બાબતો સમજાઈ. તેણે હાથથી ઝાલી વાપરવાનાં જાત જાતનાં ઓજારો શોધી કાઢયાં. હાથમાં ઓજારો લઈ માણસે માટીનાં માટલાં ઘડયાં, લાકડાં ઘડયાં, લોઢું વગેરે ધાતુઓના ઘાટ ઘડયા. તેણે ખેતર ખેડયાં અને દેવતા સળગાવ્યો. તેણે ઘર બાંધ્યાં, કૂવા તળાવ ખોદ્યાં. વળી તેણે સૂતર કાંતી કપડાં વણ્યાં અને ચામડાં કેળવી જોડા બનવ્યા. તેણે જમીન પર દોડવા ગાડાં અને પાણીમાં દોડવા વહાણ બનાવ્યાં. તેણે આંગળીઓમાં નાની નાજુક પીંછીઓ, મજેદાર ટાંકણાં અને કલમો પકડી ચિત્રો દોર્યાં, કોતરકામ કર્યાં, અને પુસ્તકો લખ્યાં.

ખરેખર, હાથ એ આપણને મળેલી મોટામાં મોટી ઈશ્વરી બક્ષિસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાભારતમાં એક શિયાળ અને માણસ વચ્ચેનો સંવાદ છે. નિરાશ થયેલા એક માણસને શિયાળ કહે છે: 'ઈશ્વરે તમને અમારા કરતાં વધારે બુદ્ધિ આપી છે; વળી, અમને નહિ એવા બે હાથ તમને આપ્યા છે, છતાં તમે હિંમત કેમ હારો છો?'

આપણી ફરજ છે કે આવા બે હાથ વડે આપણે કામકાજ કરીએ, બુદ્ધિ વધારીએ, અને સૌ પ્રાણીઓની સેવા કરીએ.

¶ વાંદરાને પણ આગળના બે પગ હાથ તરીકે કામ આપે છે; પરંતુ માણસ પાછલા બે પગ ઉપર જ ટટાર ઊભો રહેતો થવાથી તેના બે હાથ વધુ છૂટા થયા; ઉપરાંત, માણસના હાથનો અંગૂઠો, વાંદરાના હાથના અંગૂઠા કરતાં વધુ ઉપયોગમાં લેવાય તેવો હોવાથી, માણસ વધુ પ્રગતિ કરી શક્યો છે.

¶ બાણવિદ્યામાં પણ અંગૂઠા વિના ન ચાલી શકે; તેથી જ દ્રોણાચાર્યે એકલવ્ય ભીલનો અંગૂઠો ગુરુદક્ષિણામાં માગી લીધો હતો, એ વાત કહી શકાય.

¶ ઈસ્ટ ઈંડિયા કંપનીના અંગ્રેજ ગુમાસ્તાઓના ત્રાસમાંથી બચવા બંગાળાના વણકરો પોતાના અંગૂઠા કાપી નાખતા, એ દાખલો પણ કહી સંભળાવવો.

¶ હાથના ઉપયોગથી જ માણસની બુદ્ધિની વિવિધ શક્તિઓ ખીલી છે. તેથી વિદ્યાર્થીના ભણતરમાં હાથનો ઉપયોગ થવો જોઈએ, એ પાયાની કેળવણીનો સિદ્ધાંત છે.

દૂરબીન = દૂરનું જોવા માટેનું કાચનું યંત્ર કે સાધન
સરવા = ઝટ સાંભળે તેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૪ મો

ખોરાક કેવી રીતે પચે છે ?

આપણે જે કંઈ ખાઈએ-પીએ છીએ, તેનું શરીરની અંદર શું થતું હશે ? આપણે ફળ, મૂળ, કંદ ખાઈએ છીએ; આપણે દાળ, ભાત, રોટલા, શાક ખાઈએ છીએ; આપણે તેલ, ઘી, ગોળ ખાઈએ છીએ; આપણે દૂધ પીએ છીએ, છાશ પીએ છીએ; આપણે દિવસમાં અનેક વાર પાણી પીએ છીએ. આ બધું શરીરની અંદર ક્યાં જાય છે ? તેનું શું થાય છે ?



તમે સૌ જાણો જ છો કે, સૌથી પહેલાં આપણે ખોરાકને ભાણામાંથી હાથ વડે ઉપાડી મોંમાં મૂકીએ છીએ, અને પ્રવાહી હોય તેને મોં વડે પીએ છીએ. ખોરાક કઠણ હોય તો તેને દાંત વડે ચાવીએ છીએ. જ્યાં સુધી કોઈ પણ ખોરાક દાંત વડે સારી રીતે ચવાઈ, વટાઈ બારીક ન થાય, ત્યાં સુધી તેને પેટમાં જવા દેવો જોઈએ નહિ. કોળિયો મોંમાં ચવાતો હોય તે વખતે તેની અંદર લાળ ભળે છે. આ લાળ તાળવામાંથી અને જીભની નીચેની ગાદીમાંથી ઝરે છે. એ રસથી કોળિયો લીસો થાય છે, તેમ જ ખોરાકનાં કેટલાંક તત્ત્વો તેની અંદર ઓગળીને એક જાતની સાકર બની જાય છે. જેમ જેમ કોળિયો ચાવીએ છીએ તેમ તેમ તેમાં એક પ્રકારની મીઠાશનો અનુભવ આપણને સૌને છે જ.

ચાવેલો કોળિયો ગળાની લાંબી નળી વાટે પેટની કોથળીમાં જાય છે. તે કોથળીનું નામ જઠર કે હોજરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાક હોજરીમાં ગયા પછી તેમાં બીજો એક રસ ઉમેરાય છે. તે રસ હોજરીની દીવાલોમાંથી ઝમે છે. એને લીધે અન્નને આથો ચડે છે, અને તેના અણુ અણુ છૂટા થઈ જાય છે. તેથી કરીને તે પચવા લાયક બને છે.

હોજરીમાં તૈયાર થયેલું અન્ન ધીમે ધીમે આંતરડાંમાં જવા માંડે છે. હોજરીને નીચલે છેડેથી આંતરડું શરૂ થાય છે. તે પોલી અને કરચલીવાળી બહુ જ લાંબી નળી જેવું હોય છે. પેઢુની નાની સરખી બખોલમાં આંતરડાંની લગભગ ત્રીસ ફૂટ લાંબી નળી બરોબર ગોઠવીને મૂકેલી હોય છે.

આંતરડાંમાં વળી બીજા પાચક રસો ખોરાકમાં ભળે છે. એક રસ આંતરડાંની પોતાની દીવાલમાંથી ઝરે છે. બીજો પિત્ત નામનો રસ કલેજામાં તૈયાર થઈને આવે છે. એ રસો ભળે એટલે ખોરાક લોહીમાં ભળવા લાયક થઈ જાય છે.

જેમ જેમ આંતરડાંના નળમાં થઈને એ ખોરાક આગળ ખસતો જાય છે, તેમ તેમ આંતરડાંની દીવાલોમાં ચુસાતો જાય છે અને લોહીમાં ભળતો જાય છે. એ લોહી પછી શરીરમાં બધે ફરે છે, અને શરીરના દરેક અંગને પોષણ આપે છે; ચેતન, બળ અને આનંદ આપે છે.

હવે આંતરડાંમાં ન પચી શકે તેવો અને શરીરમાં બિનજરૂરી એવો કચરો અથવા મળ બાકી રહી જાય છે. તે ગંધાતી નકામી વસ્તુ આપણે શરીરની બહાર ફેંકી દઈએ છીએ. ઝાડા પેશાબ વાટે તે કચરો વખતસર શરીરમાંથી નીકળી ન જાય, તો શરીરમાં ઝેર ફેલાય, અને આપણે માંદા પડીએ.

કેવી અજબ પાચનક્રિયા !

શરીરની આવી બધી ક્રિયાઓ વિષે જાણીએ, તો શરીરને સાજું, તાજું, દૃઢ, કસાયેલું અને સ્ફૂર્તિલું રાખી શકીએ. તો જ બધાં કામ કરવા માટે તે સદા આપણી સેવામાં હાજર રહી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❡ મોઢામાં નાખેલો કોળિયો કેટલી પ્રક્રિયાઓમાંથી પસાર થઈને છેવટે ઠેકાણે પડે છે, એ જાણ્યા પછી વારે ઘડીએ, વિના ભૂખે ખા–ખા ન કરવું; પરંતુ અમુક નક્કી કરેલા વખતે જ ખાવું જોઈએ. નહિ તો શરીરનાં પાચનક્રિયાનાં અંગો નાહક થાકી જાય કે બગડી જાય.

❡ સ્વાદ ખાતર કેટલાક લોકો ખોરાકને તળી કે વધુ પડતો શેકીને નકામો બનાવી મૂકે છે. એ ખોરાક પેટમાં નાખવાથી તેમાંથી બહુ ઓછું પોષણ શરીર મેળવી શકે છે. એટલે જે કંઈ ખોરાક ખાઈએ, તે પચે તેવો તેમ જ પૂરેપૂરો પૌષ્ટિક હોવો જોઈએ.

❡ નવો ખોરાક ખાવો એ જેમ જરૂરી છે, તેમ પહેલાં ખાધેલ ખોરાકનો નકામો કચરો શરીરમાંથી નીકળી જવો એ પણ જરૂરી છે. નહિ તો આંતરડાંના બધા નળ નકામા કચરાથી જ ભરાઈ જાય. એટલે નિયમિત શૌચ જવાની બાબતમાં કાળજી રાખવી જોઈએ, એ વાત વિદ્યાર્થીઓને ઠસાવવી.

❡ દરેક અંગનું કામ સ્પષ્ટ સમજાવવું. અંગો ચિત્રમાંથી બતાવો. શક્ય હોય તો દાક્તરી કૉલેજમાં લઈ જઈ બધું બતાવો.

પાઠ ૧૫ મો

ભોગીભાઈ અને જોગીભાઈ

भोगी जोगी बे बंधुना बापा खुशाल खेडु;
एने ज्यारे घडपण आव्युं, आव्युं जमनुं तेडुं;
त्यारे बाप कहे, 'बेटाओ, आवो वराड पाडुं;
भाई भाई समजीने मागो, भाग वारसे पाडुं.' १

भोगी मागे रवेशवाळी बापूकी घर मेडी;
जोगी मागे वांस, वांसलो, करवत ने कुहाडी :
'कुदरतना खोळे, नदी पाळे, माळा सरखी मेडी,
एक नहि, एकावन हुं तो बांधीश मढूली मेडी.' २

भोगी मागे घरकाछानी मीठां फळनी वाडी;
जोगी मागे हळ, कोदाळी, जोड बळदनी, गाडी :
'खेडी गोडी खेतर, तोडी धरती, रोपीश वाडी;
एक नहि, एकावन हुं तो उगाडीश वनवाडी.' ३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भोगी मागे चीर हीरनां, सुंदर कोर पनानां;
जोगी मागे चरखो, पींजण, साळ, रेंटियो जूनां:
'ए चारेनी चाले चाले चीर छूप्यां छे छानां,
एक नहि, एकावन हुं तो चीर बनावीश रूनां.' ४

भोगी मागे रूपुं, रूपिया नगद रोकडा सारा;
जोगी मागे खेतर, खातर, कोश, कूवा ने क्यारा :
'खंतभरीं खेतीए खोलीश धरतीना पेटारा;
एक नहि, एकावन हुं तो खोलीश धनपेटारा.' ५

भोगी मागे, जोगी मागे, मागे बन्ने भाई;
एके मागी बापकमाई, बीजे आपकमाई. ६

ઉ૦

¶ બાપ દીકરાઓને ભાગ પસંદ કરવા કહે છે, ત્યારે ભોગીભાઈ શું માગે છે? જોગીભાઈ શું માગે છે? ખુશાલ ખેડુએ એમનાં એવાં નામ કેમ પાડ્યાં હશે? 'ખુશાલ' એટલે શું?

¶ 'તલવારનો વારસ' એ કવિતાનો (પાંચમી ચોપડી) ભાવ અહીં સરખાવવો.

ભોગી = ભોગવવા ઇચ્છનાર
જોગી = યોગ – ઉદ્યમ કરનાર
જમનું તેડું = મરણનો સમય
વરાડ = હિસ્સો; ભાગ
વારસો = પાછળ મળતી બાપીકી મિલકત
રવેશ = માળનો બહાર પડતો ભાગ; ઝરૂખો
બાપૂકું = બાપનું; બાપે બંધાવેલું
મઢૂલી = ઝૂંપડી
ઘરકાછાની = ઘરની નજીકની
ચીર = વસ્ત્ર
હીર = રેશમ
પેટારો = પેટાળનો ભાગ (૨) મોટી પેટી
બાપકમાઈ = બાપે કમાયેલું તે
આપકમાઈ = આપ – પોતે કમાયેલું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૯ મો

જાહેર અને અંગત

એક વાર ઇસ્લામના ચોથા ખલીફા હજરત અલી રાજ્યના ખજાનાનો હિસાબ કરવા બેઠા હતા. સાંજનો સમય થયો. બધે અંધારું થવા આવ્યું. એટલે દીવો સળગાવી તે પાછા હિસાબના કામમાં લાગી ગયા.

થોડી વાર પછી બે સરદારો પોતાના અંગત કામે હજરત સાહેબને મળવા માટે આવ્યા. અલીસાહેબે આંખનો ઇશારો કરી, તેઓને થોડી વાર થોભવા કહ્યું.

હિસાબનું કામ પૂરું થયું, એટલે હજરત અલીએ દીવો બુઝાવી નાંખ્યો, અને પાસે બીજો દીવો હતો તે સળગાવ્યો. પછી હજરત પેલા સરદારો સાથે વાત કરવા લાગ્યા.

થોડી વારમાં સરદારોનું કામ પતી ગયું. પછી હજરત પાસેથી જવાની રજા લેતાં પહેલાં, તેઓએ હજરતસાહેબને વિનયપૂર્વક પૂછયું: "આપને એક વાત પૂછવાની અરજ કરીએ છીએ. જ્યારે અમે અહીં આવ્યા ત્યારે એક દીવો સળગતો હતો. તે ચાલુ હતો છતાં તેને આપે બુઝાવી નાંખ્યો; અને બીજો દીવો સળગાવીને અમારી સાથે વાત કરી. જો આપને હરકત ન હોય, તો આપ એનું કારણ સમજાવવા મહેરબાની કરો."

હજરત અલી શાંતિથી બોલ્યા: "તમે આવ્યા ત્યારે હું રાજ્યના હિસાબનું કામ કરતો હતો; તે વખતે જે દીવો સળગાવ્યો હતો, તે દીવો રાજ્યને ખર્ચે બળે છે. પછી આપણે આપણા અંગત કામે લાગ્યા. તેને સારુ રાજ્યનો દીવો શી રીતે વાપરી શકાય? જો હું તેમ કરું તો ચોર ઠરું અને અપ્રામાણિક પણ કહેવાઉં. માટે અંગત કામ સારુ મેં આ મારો દીવો સળગાવ્યો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારો હજરત સાહેબની આ જાતની સચ્ચાઈ જોઈને નવાઈ પામતા તથા મનમાં તેમનાં વખાણ કરતા પોતાને ઘેર ગયા.

¶ હજરત અલીએ સરદારો સાથે વાત કરતી વખતે બીજો દીવો કેમ સળગાવ્યો ? રાજ્યનો કે પ્રજાનો પૈસો પોતાના અંગત કામ કે ઉપયોગ માટે ન વાપરી શકાય. નાગરિક ધર્મનું આ એક લક્ષમાં રાખવાનું અગત્યનું અંગ છે.

¶ ગાંધીજીના જીવનમાંથી એ જાતના ઘણા પ્રસંગો મળી શકે છે. તેની વાત અહીં કહી શકાય.

¶ ઇસ્લામ એટલે શું ? ઇસ્લામના સ્થાપક પુરુષ કોણ ? ખલીફા એટલે શું ? ઇસ્લામના સ્થાપક હજરત મહંમદ પેગંબર પછી ઇસ્લામના વડા તરીકે જે લોકો આવ્યા, તે ખલીફ કે ખલીફા કહેવાતા. રાજસત્તા પણ તેઓને હસ્તક હતી.

¶ હજરત મહંમદ પેગંબર પોતે ઘરકામ માટે નોકર પણ રાખતા નહિ. નસીરુદ્દીન, ઔરંગઝેબ વગેરે બાદશાહો પોતાના નિર્વાહ માટે ટોપીઓ સીવીને કે કુરાન ગ્રંથની નકલો કરીને કમાણી કરતા; રાજ્યના ખજાનામાંથી કશું ન લેતા, વગેરે વાતો કહેવી.

ઇસ્લામ = મુસલમાનોનો ધર્મ
હજરત = મુસલમાનોમાં મોટા કે પૂજ્ય માણસને લગાડાતો માનવાચક શબ્દ
અંગત = ખાનગી; જાતને લગતું
જાહેર = સાર્વજનિક; અંગત નહિ તેવું

પાઠ ૧૭ મો

અભરામ પટેલની ખેતી

શિક્ષક — અભરામ પટેલ, સલામ.

અભરામ પટેલ — આવો, આવો, સાહેબ. આજ કંઈ છોકરાઓને લઈને નીકળી પડ્યા છો ?

શિક્ષક — હા પટેલ, આ નિશાળિયાઓ આજે તમને થોડી તસ્દી આપવા આવ્યા છે. એકાદ કલાક ફુરસદ કાઢી શકશો ?

અભરામ — જરૂર, જરૂર. છોકરાઓ હોંશભર્યા આવ્યા તો કાંઈ ના પડાય ? બોલો બેટાઓ, શું કામ છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષક — એ લોકો તમારી ખેતીવાડી બાબત સવાલો પૂછવા આવ્યા છે. એમને ખેતીવાડીનો અભ્યાસ કરવાનો છે. તમારા જેવા શાણા ખેડૂત પાસેથી જે શીખવા મળે તે બીજે ક્યાંથી મળે?

અભરામ — ભલે, ત્યારે પૂછો તમારી મરજીમાં આવે તે. આ હું બેઠો. અને તમે પણ આ શેતરંજી ઉપર બેસો.

છોકરા વારાફરતી પૂછવા લાગ્યા અને અભરામ પટેલ જવાબ દેવા લાગ્યા. છોકરાઓ તે જવાબ નોંધી લેવા લાગ્યા.

સવાલ — આપનું પૂરું નામ?

જવાબ — અભરામજી ઇસપજી પટેલ.

સવાલ — ઉંમર?

જવાબ — ૪૮.

સવાલ — રહેવાસી?

જવાબ — આ ગામના જ તો! લખો લીલાપુર.

સવાલ — ધંધો?

જવાબ — ખેતી.

સવાલ — ઘરમાં કામ કરી શકે તેવા મરદ કેટલા?

જવાબ — ત્રણ: હું, મારો ભાઈ અને મારો દીકરો.

સવાલ — અને ઓરતો?

જવાબ — ત્રણ: મારી ઓરત, મારા ભાઈની ઓરત અને મારી મોટી દીકરી.

સવાલ — આપને જમીન કેટલી?

જવાબ — ૫૭ વીઘાં.

સવાલ — કેટલા એકર, એ કહી શકશો? વીઘાં તો નાનાં મોટાં હોય છે.

જવાબ — આપણા ગામમાં દોઢ વીઘાનો એકર ગણાય છે.

સવાલ — ત્યારે તો આડત્રીસ એકર થાય ખરું ને? હવે ઓણ સાલ શો શો પાક કર્યો છે, તે લખાવશો?

જવાબ — હા, લખો. છવ્વીસ વીઘાંમાં જુવાર કરી છે. એમાં એક ચાસ તુવેરનો નાખ્યો છે. પછી દસ વીઘાંમાં કપાસ કર્યો છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
અને બાકી છ વીઘાં રહ્યાં તેમાં તલ નાખ્યા છે. અમારે ખેડૂતને તેલ વેચાતું લાવવું કાંઈ પાલવે? અને અમને બજારનું તેલ ભાવે પણ નહિ.

સવાલ — હા જી. તો પછી બાકીનાં પંદર વીઘાંમાં શું કરો છો?

જવાબ — દશ વીઘાં ક્યારીની જમીન છે. તેમાં ડાંગર રોપી છે. તે દશ વીઘાંમાંથી છ વીઘાંમાં તળાવનું પાણી લઈ શકાય છે, એટલે કોલમની ડાંગર કરી છે, અને ચાર વીઘાંમાં કડા છે.

સવાલ — હવે બાકીનાં પાંચ વીઘાંનું શું?

જવાબ — તે પાંચ વીઘાં જમીનમાં કૂવાના પાણીની સગવડ છે. તેમાં દોઢ વીઘામાં શેરડી છે, એક વીઘામાં કાંદા છે. અને અડધા વીઘામાં મરચી, રીંગણી, ટામેટાં અને બીજી પરચૂરણ તરકારી કરી છે.

સવાલ — અને બે વીઘાં રહ્યાં તેમાં?

જવાબ — બે વીઘાંમાં ગાયબળદ માટે લીલું ઘાસ નાખ્યું છે.

સવાલ — હવે કેટલું કેટલું પાકશે તે લખાવી શકશો?

જવાબ — કેટલું પાકે તે તો ખુદાને હાથ છે. પણ આશરે લખાવું. જુવારનો ઉતારો એક વીઘામાં બાર મણ ગણાય અને તુવેરનો પાંચ મણ ગણાય. કપાસ સારો થાય તો વીઘે છ મણ ઊતરે. ડાંગર વીઘે ચાર હારા થઈ શકે. એક વીઘું શેરડીમાંથી દોઢસો મણ ગોળ ઊતરે અને કાંદા એક વીઘામાં ત્રણેક ગાલ્લી પાકે. હવે કેટલું પાકે તેનો હિસાબ તમારી મેળે મૂકી લેજો.

છોકરાઓ — બસ, અમારું પત્રક પૂરું થયું. આપનો આભાર માનીએ છીએ.

અભરામ પટેલ — બસ, થાકી ગયા? ઊપજ પૂછી પણ ખર્ચ તો પૂછ્યું નહિ.

શિક્ષક — આ તો નાના છોકરાઓ છે. મોટા છોકરાઓને કોઈ વાર લાવીશું ત્યારે તમને થકવી દઈશું.

અભરામ — લાવજો, લાવજો. અમે એમ થાકીએ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષક — પણ એ લોકો તો તમને મૂંઝવે એવું પણ પૂછશે હોં. કરજ કેટલું છે એ પણ પૂછશે.

અભરામ — ઓહો, ભલેને પૂછે. અમારે ખેડૂતોને કંઈ છૂપું હોય નહિ. અમારો તો ઉઘાડો હિસાબ.

પછી અભરામજી પટેલે પોતાના દીકરાને કહ્યું : “ મહમદ, આ છોકરાઓને વાડીમાં લઈ જઈ શેરડી ખવડાવ.”

¶ શાળાના ચોગાનમાં પણ કંઈ બાગાયત કે ખેતીકામ કર્યાં હોય તેનો ઊપજ-ખર્ચનો હિસાબ રખાવવો. સારી ખેતીવાડી પાસે હોય તો તે જોવા લઈ જાઓ.

¶ ગામમાં બીજા કોઈ ઉદ્યોગ ચાલતા હોય, ત્યાં આવી મુલાકાત યોજી શકાય.

¶ સામાન્ય રીતે ગામડાંના ખેડૂત, કારીગર વગેરે લોકો કશો હિસાબ કિતાબ રાખતા નથી. તેથી ઘણા નુકસાનમાં પણ ઊતરે છે. નામું શીખવાની અગત્ય એ અનુસંધાનમાં કહેવી.

¶ કઈ જમીનમાં તથા કઈ મોસમમાં શા શા પાક લેવાય તે વિષે કોઈ અનુભવી ખેડૂત સાથે વાતચીત ગોઠવી શકાય.

¶ ખેડૂત મહેનત કરે; પરંતુ પાક ઊતરવો ખુદાને—પરમેશ્વરને હાથ છે. તે શાથી? વરસાદ ઓછો પડે, વધારે પડે, તીડ પડે, હિમ પડે — એવાં કેટલાંય વિઘ્ન આવે.

¶ માણી, એડિયું, કળશી, ખાંડી વગેરે જૂનાં માપોનો પરિચય આપવો.

તસ્દી = તકલીફ; મહેનત
ફુરસદ = નવરાશ
મરદ = પુરુષ
ઓરત = સ્ત્રી
ઓણ સાલ = આ વરસે
ચાસ = ખેડવાથી પડતો લાંબો આંકો
ક્યારી = પાણી ભરાઈ રહે તેવી (મોટા ક્યારા જેવી) જમીન
કોલમ, કડા = ડાંગરની જાતો છે.
કાંદા = ડુંગળી
તરકારી = શાકભાજી
ઉતારો = પાક ઊતરવો તે
હારો = ૭ મણનું વજન
ગાલ્લી = ત્રીસ મણનું વજન
કરજ = દેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૮ મો

કૃષિનું ગાન



कीचु कीचु बोले कोसनां पैडां, गाय कृषिनां गान;
होजी रे, गाय कृषिनां गान. टेक

धोरीने ललकारतो वरते वेसी हींचोळा खाय;
धरतीनां लई धावण खेडूत, पाण रोपाने पाय;
होजी रे, पाण रोपाने पाय. कीचु०

रवि शशीनां तेज झीलीने, मोल वधे दिन रात;
वगडाना वा संग रमंता, मीठडी करता वात;
होजी रे, मीठडी करता वात. कीचु०

धोळी गायना धोळा धमला, सुंदर एनां शींग;
चामर वींझतां एनां पूंछथी, शोभती आखी सीम;
होजी रे, शोभती आखी सीम. कीचु०

हाडने चाटती ठंडीमां ऊंचा, सीमना स्वर सुणाय;
भांगती राते कूवाने थाळे, पाणी खळळळ थाय;
होजी रे, पाणी खळळळ थाय. कीचु०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धोम धखंता तापमां लेती धरती ऊना श्वास;
खेडूत त्यारे खंतथी देतो, हळना ऊंडा चास;
होजी रे, हळना ऊंडा चास. कीचु०

आभथी अनराधार पडे जळ, सडाका करती वीज;
खेतर गारा खूंदतो त्यारे, खेडूत वावे बीज;
होजी रे, खेडूत वावे बीज. कीचु०

धरतीनां धन पामवा खेडूत, करतो काम अथाक;
जीवनी पेठे जाळवेला शा ऊतरे उत्तम पाक;
होजी रे, ऊतरे उत्तम पाक. कीचु०

धोरी, धरा ने खेडूतनां तप, सौमां पूरे प्राण;
एनी तृप्ति थकी जग आखुं, थातुं तृप्तिमान;
होजी रे, थातुं तृप्तिमान. कीचु०

ત્રિભુવન વ્યાસ

❡ ખેડૂતનું જીવન, તેના સાથીઓ, તેનાં ઓજારો વગેરેનું જ્ઞાન આપી તેનું નિરીક્ષણ કરાવો.

❡ બળદ, જમીન અને ખેડૂત–એ ત્રણના તપથી અનાજ પેદા થાય છે. પશુપંખી અને મનુષ્ય તેના વડે જીવી શકે છે. ખેડૂતને 'જગતનો તાત' કહે છે તે આ અર્થમાં.

❡ આપણા દેશની જમીનમાંથી આપણે બધા જીવી શકીએ તેટલું અનાજ આપણે પેદા કરવું જ જોઈએ—એ જાતની હાકલ વિદ્યાર્થીઓને સમજાવો.

કૃષિ = ખેતી
ધોરી = બળદ
વરત = કોસનું દોરડું
ધરતીનાં ધાવણ = કૂવાનાં પાણી
મોલ = પાક
ધમલો = વાછરડો

હાડ ચાટતી ઠંડી = હાડકાં સુધી પહોંચતી – કડકડતી ઠંડી
ભાંગતી રાત = પૂરી થવા આવેલી રાત; પાછલી રાત
અનરાધાર = મુશળધાર
ગારો = કાદવ

૪–૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૯ મો

તાડ — ૧



ચાલો મારા ઉખાણાનો જવાબ આપો —

"એક ગાય એવી,
કે જેને એક પગ,
ખાય નહિ ખડ,
પણ દૂધ આપે ઢગ."

બોલો, એ ગાય કઈ? નથી આવડતું? ત્યારે, હું કહું?

તાડનું ઝાડ.

'વાહ! ઝાડને તે વળી ગાય કહેવાય?'

કેમ ન કહેવાય? જુઓ તાડનું ઝાડ રોજ દશ શેર દૂધ આપે છે. તે પંદર વરસનું થાય ત્યારથી દૂધ આપવા માંડે. વરસમાં ચાર પાંચ મહિના દૂધ દે. અને ૬૦ વર્ષનું થાય ત્યાં સુધી આપે.

વળી, ગાયને ચરવા તો લાંબી પહોળી જમીન જોઈએ. પણ તાડને તો ઊભા રહેવા જેટલી જ જમીન જોઈએ. એક વખત તે ઊગ્યું, પછી તેને કશું ન કરવું પડે. ના તેને ચરાવવા લઈ જવું પડે, ના પાણી પાવું પડે, કે ના તેને માટે છાપરું બાંધવું પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમારી આ ગાય ખરી! પણ તેમાંથી દૂધ નીકળે?'

અરે, ઘડો ભરીને દૂધ નીકળે! તાડના દૂધને 'નીરો' કહે છે. તાડ રોજ પોતાનાં મૂળિયાં વડે જમીનમાંથી રસ ચૂસે. તે રસ ટોચ ઉપર ડાંડલાઓને પહોંચે. એ ડાંડલાઓને છેદીને ત્યાં ઘડો બાંધી દઈએ એટલે સવારના પહોરમાં ઘડો રસથી ભરાઈ જાય.

'દોહવાની આ ખરી રીત!'

અરે, પણ સાંભળો. ગાયનું દૂધ બહુ વખત રહે, તો બગડી જાય; તેમ નીરો પણ બહુ વખત રહે, તો ખાટો થઈ જાય. એટલે તેને તાજો તાજો જ પી લેવો જોઈએ.

વળી ગાયના દૂધને આપણે આખરીને વલોવીએ, ત્યારે તેમાંથી માખણ અને ઘી થાય છે. ઘી વધારે વખત રહી શકે છે. તેમ નીરાને પણ ઉકાળીએ તો ગોળ બને છે. ગોળ પછી લાંબો વખત રહી શકે છે. એ ગોળ ખાવામાં મીઠો અને સુગંધીદાર હોય છે.

'પણ ગોળ તો શેરડીનો બને છે ને? અમે તો રોજ એ જ ખાઈએ છીએ.'

એ વાત સાચી. પણ શેરડીના ગોળ માટે શેરડી સારી જમીનમાં વાવવી પડે. વળી તેને પીલવી પણ પડે. ત્યારે તાડ તો ગમે તેવી જમીનમાં ઊગે. એટલે સારી જમીનમાં શેરડીને બદલે અનાજ થાય.

'વાહ, તમારું તાડનું ઝાડ તો ખરું!'

¶ દેશમાં અનાજની અછતનો પ્રશ્ન બહુ મોટો છે. તેના અનુસંધાનમાં તાડની ઉપયોગિતા ખાસ ધ્યાન ઉપર લાવવી.

¶ તાડ, ખજૂરાં અને નાળિયેરી એ સમાન પ્રકારનાં ઊંચાં ઝાડ છે. ગુજરાતમાં બધે સ્થળે તે જોવા ન મળે; તોપણ કોઈ કોઈ વાર પર્યટન પ્રસંગે ધ્યાન પર લાવવા લક્ષ રાખવું. એ ઝાડોનાં પાનમાંથી પંખા, સાદડી વગેરે બને છે, એ પણ જણાવવું.

ઉખાણું = કોયડો; ઝટ ઊકલી ન શકે તેવો સવાલ.

ડાંડલો = નવી ફૂટેલી ડાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૦ મો

તાડ—૨

કનુ—ગુરુજી, મારા બાપુજી કહે છે કે, તાડમાંથી દારૂ નીકળે, એટલે તે ઝાડ ન રખાય.

ગુરુજી—તાડમાંથી તો 'નીરો' નીકળે. તે કંઈ દારૂ નથી. તે તો એક પીણું છે. પરંતુ કેટલાક લોકો નીરાને તાજો પીતા નથી. તેઓ તેને વધારે વખત રાખી મૂકે છે. એટલે તે ખાટો થઈ જાય છે. તેને 'તાડી' કહે છે. તેનો સ્વાદ પણ બગડી જાય છે, અને તે ગંધાઈ ઊઠે છે. તેને પીવાથી કેફ ચડે છે, અને ગાંડા થવાય છે.

કનુ—ગુરુજી, લોકો ગાંડા થવા માટે નીરાને બગાડીને તાડી બનાવે છે?

ગુરુજી—હા. લોકો જેમ ગાંડા બનવા દારૂ પીએ છે, તેમ તાડી પણ પીએ છે. તેના કેફથી ગાંડા બની પછી તે ફાવે તેમ બકે છે. ચાલતાં ચાલતાં પણ લથડિયાં ખાય છે, અને ગબડી પડે છે.

કનુ—ગુરુજી, તો તો તાડ બહુ ખરાબ કહેવાય. તેને તો કાપી જ નાખવો જોઈએ. તાડી પીને તો લોકો ગાંડા થાય.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુજી — એ ખરું. પણ લોકો તાડીને બદલે તાજો નીરો પીએ તથા ગોળ બનાવીને ખાય, તો કશું નુકસાન ન થાય. પહેલાં આપણા દેશમાં અંગ્રેજોનું રાજ હતું. તેઓ તાડના રસની તાડી બનાવતા અને લોકોને વેચતા. હવે તો સ્વરાજ છે. સરકારે તાડી બનાવવાની બંધી કરી છે. અને નીરામાંથી તે ગોળ બનાવરાવે છે.

કનુ — એ તો બહુ સારું કર્યું. લોકોને તાજો નીરો પીવા મળશે, અને ગોળ પણ મળશે. પણ ગાંડા થવા માટે તાડી નહિ મળે. પછી તાડને શું કામ કાપી નાખવા?

¶ દારૂ-તાડીનાં વ્યસનથી થતા નુકસાનની વિશેષ ચર્ચા કરવી. દારૂબંધીની યોજનાની વાત કહેવી.

¶ બને તો તાડગોળ પ્રત્યક્ષ દેખાડવો; તથા શેરડીના ગોળની સાથે તેની સરખામણી કરાવવી.

પીણું = પીવાની વસ્તુ કેફ = નશો; ઘેન

પાઠ ૨૧ મો

અબ્બાસ સાહેબ

મુંબઈનાં જૂનાં મુસલમાન કુટુંબોમાં તૈયબજી કુટુંબ જાણીતું છે. તૈયબજી કુટુંબ પરદેશી કાપડના વેપારમાં ખૂબ તાલેવંત થયું હતું; પણ તે કુટુંબમાં સારા સારા દેશસેવકો જન્મ્યા, તેથી જ તે કુટુંબ પ્રખ્યાત થયું છે.

દેશના પ્રસિદ્ધ આગેવાન બદરુદ્દીન તૈયબજી આ જ કુટુંબમાં થઈ ગયા. તેઓ ઈ. સ. ૧૮૮૭ની રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ થયા હતા.

અબ્બાસ તૈયબજીનો જન્મ આ કુટુંબમાં થયો હતો. કુટુંબના બધા સારા ગુણો તેમનામાં પૂરેપૂરા ઊતર્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૈયબજી-કુટુંબ ચુસ્ત મુસલમાન હોવા છતાં ઘરમાં કે બહાર પડદો પાળતું નહિ. પડદાનો રિવાજ છોડવા અને છોડાવવામાં એ કુટુંબે આગળપડતો ભાગ લીધો છે.

અબ્બાસ સાહેબની લાયકાત જોઈ વડોદરાના શ્રી. સયાજીરાવ ગાયકવાડે તેમને પોતાની નોકરીમાં લીધા અને છેવટે પોતાના ન્યાયમંદિરના વડા ન્યાયાધીશ બનાવ્યા.



ઈ. સ. ૧૯૧૯ની સાલમાં પંજાબમાં જલિયાંવાલા બાગમાં અંગ્રેજ લશ્કરે હિંદીઓ ઉપર ગોળી ચલાવી સેંકડો માણસોની કતલ કરી. આ બનાવે આપણા દેશમાં ઘણાંનાં જીવન પલટી નાખ્યાં. અબ્બાસ સાહેબના જીવનમાં પણ તેમ બન્યું. એ બનાવથી તેમનું દિલ બીજાં કામકાજમાંથી ઊઠી ગયું, અને તેમણે દેશસેવામાં ઝંપલાવ્યું.

જલિયાંવાલા બાગના અત્યાચારોની તપાસ કરવા હિંદી રાષ્ટ્રીય મહાસભાએ એક તપાસ–સમિતિ નીમી. તેમાં ન્યાય અને કાયદો બરાબર જાણતા એવા મોટા મોટા આગેવાનોને નીમવામાં આવ્યા. ન્યાયમૂર્તિ અબ્બાસ તૈયબજીને પણ તેમાં લેવામાં આવ્યા. આ સમિતિમાં તે ઉપરાંત પંડિત મોતીલાલ નેહરુ, મહાત્મા ગાંધી, પંડિત મદનમોહન માલવીય, શ્રી. વિઠ્ઠલભાઈ પટેલ તથા શ્રી. જયકર પણ હતા.

આ સમિતિએ પંજાબમાં જઈ ભડકી ગયેલા લોકોને હિંમત આપી, અને પૂરી તપાસ કરી પોતાનો અહેવાલ દેશ આગળ અને સરકાર આગળ મૂક્યો. તેમાં તેણે સરકારનો ગુનો પુરવાર કરી આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સરકારનો ગુનો પુરવાર તો થયો; પણ તેથી શું વળે? સરકાર પોતાનો ગુનો કબૂલ કરવા તૈયાર ન હતી. તેથી આ સમિતિમાં નિમાયેલા આગેવાનોએ ઈશ્વરને સાક્ષી રાખીને પ્રતિજ્ઞા કરી કે, "આવા અન્યાયો ફરીથી ન થાય એવી સ્થિતિ દેશમાં આવે, તથા દેશમાં સ્વરાજ્યની સ્થાપના થાય, ત્યાં સુધી અમારે માટે તમામ આરામ હરામ છે; ત્યાં સુધી અમે કોઈ જંપીને બેસીશું નહિ."

અબ્બાસ સાહેબે તે દિવસથી પોતાનું આખું જીવન સ્વરાજ્યની લડતમાં કુરબાન કરી દીધું. ત્યારે એમની ઉંમર ૬૫ વર્ષની હતી. તેમણે ગાંધીટોપી ધારણ કરી અને શુદ્ધ ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લીધી, અને તે આખર સુધી પાળી.

પછી તો વયોવૃદ્ધ અબ્બાસ સાહેબ લોકોમાં જાગૃતિ આણવા ગામડે ગામડે ઘૂમવા લાગ્યા. કામ કરતાં તેઓએ ન દેખ્યો દિવસ કે ન દેખી રાત. ગરીબ લોકોનાં ઝૂંપડાંઓમાં સૂએ, તેઓ આપે તેવો રોટલો ખાય, અને બધી જાતની અગવડો આનંદથી ઉઠાવે.

ઈ. સ. ૧૯૩૦માં ગાંધીજીએ પૂર્ણ સ્વરાજ્યની લડત ઉપાડી. તે અંગે કાયદાનો સવિનય ભંગ કરવાને માટે તેમણે આખી પ્રજાને અકારો એવો મીઠાનો કાયદો પસંદ કર્યો. તેનો ભંગ કરવા ગાંધીજી સાબરમતી આશ્રમથી કૂચ કરી દાંડીને સમુદ્રકિનારે પહોંચ્યા.

અબ્બાસ સાહેબથી હવે કેમ રહેવાય? તેઓ ગાંધીજીને મળવા દાંડી દોડી આવ્યા. ગાંધીજીએ તેમને પોતાની સત્યાગ્રહી ટુકડીના સેનાપતિ નીમ્યા.

ધરાસણાના અગર લૂંટવા ગાંધીજી નીકળ્યા, એટલે તેમને સરકારે પકડી લીધા. અબ્બાસ સાહેબે તેમની જગા લઈ ધરાસણા તરફ કૂચ ચાલુ રાખી. સરકારે તેમને પણ પકડી જેલમાં પૂરી દીધા. અબ્બાસ સાહેબે એ જેલ હસતાં હસતાં ભોગવી, અને નાના મોટા બધા દેશસેવકો સાથે સમાન ભાવે રહી સૌનાં હૃદય જીતી લીધાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ સેવા કરતાં કરતાં અબ્બાસ સાહેબ ૮૦ વર્ષની ઉંમરે પહોંચ્યા. તે પ્રસંગે આખા ગુજરાતે એમને 'બુઝુર્ગ જુવાન' કહીને વર્ણવ્યા અને ખૂબ ભાવથી તેમની જયન્તી ઊજવી.

નિર્મળ રહેણી અને ખુશમિજાજ સ્વભાવને કારણે અબ્બાસ સાહેબ જીવ્યા ત્યાં સુધી શરીરે તંદુરસ્ત રહ્યા. ૮૩ વર્ષની લાંબી આવરદા ભોગવી, હિમાલયના ખોળામાં મસૂરી ખાતે તેમણે દેહ છોડ્યો. એમની રૂપેરી દાઢી અને હસતો ચહેરો ગુજરાતમાં કદી ભુલાશે નહિ.

¶ અબ્બાસ સાહેબનો જન્મ ઈ. સ. ૧૮૫૪માં અને અવસાન ઈ. સ. ૧૯૩૬માં.

¶ મહાસભા એટલે શું? હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના ક્યારે થઈ, કેમ થઈ, તે જાણો છો? આગળ 'રાષ્ટ્રપિતા'વાળા પાઠમાં તે વિષે માહિતી છે.

¶ પડદો પાળવો એટલે શું? એ રિવાજ તમારા ગામમાં કે કુટુંબમાં તમે જોયો છે? મુસલમાન સ્ત્રીઓ આખા શરીરે બુરખો ઓઢે તે તમે જોયો છે?

¶ જલિયાંવાલા બાગની કતલ અંગે આગળ 'રાષ્ટ્રપિતા'ના પાઠમાં ઉલ્લેખ છે.

¶ પંડિત મોતીલાલ નેહરુ, પંડિત મદનમોહન માલવીય, શ્રી. વિઠ્ઠલભાઈ પટેલ વગેરેની ઓળખ તમારા શિક્ષક પાસેથી મેળવો.

¶ ધરાસણા ક્યાં આવ્યું? સુરત જિલ્લાના તે સ્થળે મીઠાના જાણીતા અગરો છે. દાંડી ક્યાં આવ્યું? 'રાષ્ટ્રપિતા'વાળા પાઠમાં આપેલા નકશામાં જુઓ.

તાલેવંત = પૈસાદાર, તવંગર
ચુસ્ત = આગ્રહી; દૃઢતાથી (ધર્મ કે નિયમ) પાળનાર
ન્યાયમંદિર = અદાલત; કચેરી; હાઈકોર્ટ
તપાસ-સમિતિ = તપાસ કરનાર સમિતિ
પુરવાર = સાબિત
હરામ = અનૂતતું; વગર હકનું
કુરબાન = બલિદાન તરીકે સમર્પેલું; ન્યોછાવર
જાગૃતિ = જાગવું તે; સજાગ થવું તે
અકારું = ન ગમતું; અળખામણું
સવિનયભંગ = વિનયપૂર્વક — અહિંસાયુક્ત ભંગ (અન્યાયી કે અધર્મી કાયદા કે હુકમનો)
પ્રસંગ = ટાણું; અવસર
બુઝુર્ગ જુવાન = ઘરડા છતાં જુવાન
આવરદા = આયુષ્ય; ઉંમર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૨ મો

કાચા સૂતરનો તાંતણો



अतूट एक काचा सूतरनो तांतणो. —टेक

हां रे ओली लोढानी बेडियुंय तूटे; अतूट०
हां रे ओली सोनानी सांकळी वछूटे. अतूट०

हां रे धार खांडानी तेय थाय खांडी; अतूट०
हां रे हार माने हजार तोप गांडी. अतूट०

हां रे दुर्बळियांशुं बळियाने बांधे; अतूट०
हां रे शामळांशुं ऊजळियांने सांधे. अतूट०

हां रे अंध साथे आंखाळांने बांधे; अतूट०
हां रे पंगु साथे पांखाळांने सांधे. अतूट०

हां रे रंक साथे ते राजवीने बांधे; अतूट०
हां रे राम साथे ते मानवीने सांधे. अतूट०

हां रे कांतो कांतोने बहेन पूरी प्रीते; अतूट०
हां रे कांतो कांतोने भाई एकचित्ते. अतूट०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हां रे घरोघरमां ए प्रेमने प्रसारो; अतूट०
हां रे मारी भारतीना भारने उतारो. अतूट०
हां रे रूडा रेंटिया अखूट बाप! देजो,
अतूट एक काचा सूतरनो तांतणो.
हां रे बापु गांधीजीनी जिंदगीनो रहेजो;
अतूट एक काचा सूतरनो तांतणो.

જુગતરામ દવે

¶ પરદેશી સરકારે નાખેલી ગુલામીની બેડી અને પરદેશી સરકારે આપેલી વેપાર–ધંધાની લાલચો રૂપી સોનાની સાંકળ એ બે તોડવામાં રેંટિયો કેવી રીતે મદદગાર થાય, તે સમજ્યા? પરદેશી સરકાર મુખ્યત્વે પોતાનો કાપડનો વેપાર ચલાવવા આપણા દેશને ગુલામ રાખી રહી હતી.

¶ પરદેશી સરકારને મારફાડથી – હિંસાથી નહિ, પણ જાતે સ્વાશ્રયી, ઉદ્યમી બનીને હાંકી કાઢવાની અહિંસાત્મક રીત ગાંધીજીએ બતાવી હોવાથી, પરદેશી સરકારનાં શસ્ત્રો નકામાં બની જાય, એ વાત સમજ્યા?

¶ ખાદી દ્વારા ગરીબ અને તવંગર, ભણેલા અને અભણ એ સૌનો સંબંધ સધાય છે; તેમ જ ભગવાનની પણ સાચી ભક્તિ થાય છે, એ સમજ્યા?

¶ આ ગીત મોઢે કરવું. રાષ્ટ્રીય પ્રસંગો અથવા સમૂહકાંતણ વખતે કાંતતાં કાંતતાં ગાવાની મજા પડશે.

અતૂટ = ન તૂટે તેવું
ખાંડું = તલવાર
ખાંડી = બુઠ્ઠી; તૂટેલી
દુર્બળિયાંશું = દુર્બળની સાથે
શામળાંશું = શામળાંની સાથે – ગરીબ પછાત લોકની સાથે
પંગુ = પાંગળું; અપંગ
ભારતી = ભારત માતા
અખૂટ = ખૂટે નહિ તેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૩ મો

દ દ દ

ત્રણ મિત્રો હતા. એક દેવ, બીજો માણસ, ત્રીજો અસુર. તેઓ ગુરુ પાસે જ્ઞાન લેવા તેમના આશ્રમમાં ગયા.

ત્રણે મિત્રો ઘણાં વરસ સુધી ગુરુ પાસે રહ્યા. તેઓ તન મનથી ગુરુની સેવા કરીને વિદ્યા ભણ્યા. ભણી રહ્યા એટલે પોતાને ઘેર પાછા જવાનો વખત આવ્યો. ત્રણે જણ ગુરુ પાસે રજા લેવા ગયા.

સૌથી પહેલો ગુરુ પાસે દેવ આવ્યો. ગુરુના પગમાં પડી તેણે પ્રાર્થના કરી :

'ગુરુદેવ, મને જ્ઞાન દો.'

ગુરુ એક જ અક્ષર બોલ્યા, 'દ.'

દેવ આ શબ્દ સાંભળી વિચારમાં પડી ગયો. તેની સામે જોઈ ગુરુએ કહ્યું, 'બેટા, સમજ્યો ? શું સમજ્યો તે કહે.'

દેવ — હાજી, કહું. 'દ' એટલે દમ. 'મનને દાબમાં રાખ' એવો આપે મને ઉપદેશ આપ્યો.

ગુરુ — બેટા, તું બરાબર સમજ્યો. તારું કલ્યાણ થાઓ.

દેવની પછી ગુરુ પાસે માણસ આવ્યો. ગુરુના પગમાં પડી તેણે પ્રાર્થના કરી :

'ગુરુદેવ, મને જ્ઞાન દો.'

ગુરુ તેની પાસે પણ એ જ એક અક્ષર બોલ્યા, 'દ.'

તે સાંભળી માણસ પણ વિચારમાં પડ્યો. ગુરુએ તેને પૂછ્યું, 'બેટા, સમજ્યો ? શું સમજ્યો તે કહે.'

માણસ — હાજી, કહું. 'દ' એટલે દાન. 'દાન કર' એવો ઉપદેશ આપે મને આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ — સાચું સમજ્યો, બેટા. તારું કલ્યાણ થાઓ.

માણસ પછી ગુરુ પાસે અસુર આવ્યો. ગુરુના પગમાં પડી તેણે પ્રાર્થના કરી :

'ગુરુદેવ, જ્ઞાન દો.'

ગુરુએ તેને પણ એક જ અક્ષર કહ્યો, 'દ.'

અસુર પણ વિચારવા લાગ્યો કે, ગુરુએ શું કહ્યું. ગુરુએ તેની સામે જોઈ કહ્યું, 'બોલ બેટા, મેં કહ્યું તેમાંથી શું સમજ્યો ?'

અસુર — હાજી, કહું. 'દ' એટલે દયા. 'દયા કરવી' એવો ઉપદેશ આપે કર્યો.

ગુરુ — ખરું સમજ્યો, બેટા. તારું કલ્યાણ થાઓ.

એ રીતે આશીર્વાદ લઈને ત્રણે મિત્રો પોતપોતાને ઘેર ગયા.

આમ ગુરુએ એક જ 'દ' અક્ષરથી દરેકને જેવો ઘટે તેવો બોધ આપ્યો. દેવ બહુ મોજશોખ કરે; તેને કહ્યું, તું મન પર કાબૂ રાખજે. માણસ બહુ સ્વાર્થ ને લોભ કરે; તેને કહ્યું, તું દાનધર્મ ભૂલીશ નહિ. અસુર બહુ બળિયો એટલે બહુ ગુસ્સો કરે અને ક્રૂર બને; તેને કહ્યું, તું દયા રાખતાં શીખજે.

'દ દ દ'ની આ કથા આપણને સમજીએ તો, રોજ સાંભળવા મળે છે. દૂધમલ બાળકો તેમની કાલી કાલી ભાષામાં 'દ દ દ' એમ જ બોલે છે ને ? એમનાં મુખથી ભગવાન આપણને આજ્ઞા કરે છે :

દયા કરો.

દાન કરો.

મનને દાબમાં રાખો.

જેને કાન હોય તે, પેલા ત્રણ મિત્રોની જેમ, આ ભગવાનની આજ્ઞા સમજી જાય છે. બીજાને માટે એ બાળકની ઠાલી લવરી છે.

૧ જે સ્વભાવે ક્રૂર હતો તેણે દ નો અર્થ 'ક્રૂરતા ન કરવી, દયા કરવી' એવો કર્યો.

જે સ્વભાવે લોભિયો હતો તેણે 'લોભ ન કરવો પણ દાન કરવું' એવો અર્થ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સ્વભાવે ભોગવિલાસી હતા તેણે ‘મોજશોખ ન કરવા, પણ ઇન્દ્રિયોનું દમન કરવું — સંયમ કરવો’ એવો અર્થ કર્યો.

આ કથા બૃહદારણ્યક ઉપનિષદમાં આવે છે.

અસુર = દાનવ; રાક્ષસ
તનમનથી = શરીરથી અને ભાવભક્તિથી
દાબ = કાબૂ; સંયમ
આશીર્વાદ = ‘ભલું થાઓ’ એવા અર્થનું કહેવું તે; આશિષ; દુવા
દૂધમલ = માત્ર દૂધ પીને જીવનારું – ધાવણું
ઠાલું = નકામું; અર્થ વગરનું
લવરી = લવારો; નકામો બકવાટ

પાઠ ૨૪ મો

પોપટમંદિર



એક રાજાએ પોપટ પાળ્યો અને તેને ભણાવવા પંડિતો રાખ્યા. સામાન્ય ઘરના પોપટ તો ‘સીતારામ’ ‘સીતારામ’ એવું જ કંઈક બોલે. આ તો રાજાનો પોપટ, અને એને ભણાવવા મોટા પંડિતો રાખેલા, એટલે તે તો ઘણું ઘણું બોલતાં શીખ્યો. મોટાં મોટાં વાક્યો બોલે અને લાંબા લાંબા શ્લોકો પણ લલકારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોપટ નાસી ન જાય અને ડાહ્યો થઈને પઢતાં શીખે તે માટે રાજાએ તેને પાંજરામાં રાખ્યો. રાજાને ઘેર ક્યાં ખોટ હતી? તેણે તો પોતાના પોપટ માટે સોનાનું પાંજરું ઘડાવ્યું. એમાં હીરામાણેક જડાવ્યાં. તેમાં પોપટને ખાવાપીવા માટે રૂપાની વાડકીઓ રાખી. પોપટની શાળાનું 'પોપટમંદિર' એવું સરસ નામ પાડ્યું. પંડિતો રોજ બરાબર શીખવી શકે એટલા માટે પંડિતોને રહેવા માટેયે સરસ ઓરડા બંધાવી આપ્યા.

અવારનવાર રાજા પોપટનો અભ્યાસ જોવા આવે. પંડિતો તરત ઊભા થાય. પાંજરામાં પુરાયેલો પોપટ પઢાવેલું બધું બોલવા માંડે. રાજા ખુશ થાય. 'વાહ! વાહ! પંડિતો, આપે મારા પોપટને બહુ સારું શિક્ષણ આપ્યું.'

પણ કોઈકે ગામમાં વાત ચલાવી: 'પોપટનું બરાબર ચાલતું નથી. એના શિક્ષણમાં કંઈક ખામી છે.'

રાજાને કાને આ વાત પહોંચી. રાજા વિચારમાં પડ્યો. બીજે દિવસે પંડિતોને બોલાવ્યા, 'કેમ પંડિતો, પોપટનું શિક્ષણ કેમ ચાલે છે?'

'રાજાજી, બરાબર, બધું જ બરાબર છે!' બધા પંડિતો બોલી ઊઠ્યા. તેમણે ગોખાવી ગોખાવીને શીખવેલા શ્લોકો પોપટ પાસે પઢાવી બતાવ્યા.

પોપટ ભણે ખરો, બોલે પણ બરાબર, પણ પાંજરામાં પુરાયેલો એટલે બિચારો હિજરાય. પરમેશ્વરે ઊડવા માટે પાંખો આપી, પણ પાંજરામાં તે કેમ વાપરી શકાય! બહારનું ખુલ્લું આકાશ, ઝાડ અને વેલા, કલ્લોલ કરતાં પંખીઓ, એ બધું રોજ પોપટ જોયાં કરે અને બહાર ઊડી જવા ઝંખે. પરંતુ પંડિતો આવે ત્યારે બાપડો ડાહ્યો થઈ 'પાઠ' ભણવા મંડી જાય. પંડિતો જાય એટલે પગમાં બાંધેલી સાંકળો ચાંચ વતી કરડે, સળિયા બહાર ચાંચ કાઢી ધીમું ધીમું રડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને છતાં પંડિતો તો રાજાને હંમેશ જણાવે: 'બરાબર છે, બધું જ બરાબર છે.'

પંડિતોને પગારો બરાબર મળતા રહે છે, પોપટને 'પાઠો' બરાબર ભણાવવામાં આવે છે, રાજાને સંતોષ મળતો રહે છે; છતાં પોપટ તો પાંજરામાં ઝૂર્યાં કરે છે; એનો ઉત્સાહ ચાલ્યો ગયો છે; એનો આનંદ ઓસરી ગયો છે. રૂપાની વાડકીમાં મૂકેલાં તાજાં મરચાં કે પાકાં જમરૂખ અને જાંબુ ઘણી વખત એમ ને એમ પડ્યાં રહે છે.

અવારનવાર પોપટની પરીક્ષા લેવાય છે અને તેનાં પરિણામ રાજા પાસે પહોંચાડવામાં આવે છે. એટલે પોપટના પાંજરા પાસે પણ જવાની હવે તો તેને જરૂર રહી નથી. પંડિતો જ 'બરાબર છે, બધું જ બરાબર ચાલે છે' એમ કહી દે છે. તે જાણી રાજા ખુશ થઈ પોપટના પાંજરામાં વધારે ને વધારે મોંઘાં હીરામાણેક મઢાવી આપે છે.

છતાં ગામમાં તો વાતે વધારે જોર પકડ્યું. 'કહો કે ન કહો, પણ રાજાના પોપટને કંઈ ઠીક નથી.'

રાજા આવી અફવાઓ સાંભળી ખિજાઈ ગયો: 'અરે કોણ છે આવું બોલનારો?'

ફરી પાછો રાજા 'પોપટમંદિરે' ગયો. આ વખતે તો તે ઠેઠ પોપટના પાંજરા પાસે ગયો. પોપટ ચૂપ હતો, હાલતો ન હતો, ચાલતો ન હતો. રાજાએ પોતાની લાકડી પાંજરામાં ખોસી પોપટને ઢંઢોળ્યો.

પોપટ બોલ્યો નહિ, ફક્ત ખર ખર ખર તેની પાંખો ખખડી ઊઠી. જાણે કે અત્યાર સુધી ભણેલાં શાસ્ત્રોનાં પાનાં અવાજ કરી ઊઠ્યાં!

પોપટમાંથી પ્રાણ ઊડી ગયા હતા. હવે એને ભણવાનું કશું જ બાકી રહ્યું નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❡ મોટાં મકાનો, મોટા પંડિતો અને મોટાં શાસ્ત્રો એ બધું પોપટને માટે ઉપયોગી હતું? પોપટને ખરેખર શું જોઈતું હતું?

❡ ચિત્રમાં કોણ કોણ છે? એક સાદો લાગતો માણસ કોણ છે? ચિત્રની વિગતો વિષે સવાલ જવાબ કરી તે સમજાવવું.

❡ પોતાની પાંખ વાપરવાની ન મળે, એક જગાએ પાંજરામાં પુરાઈ રહેવાનું; પછી ભલે બીજી મોટી મોટી સગવડો હોય; પરંતુ પોપટનું જીવન તો મરતું જ ગયું. પંડિતોની અને રાજાની ભૂલ ક્યાં થતી હતી?

❡ આપણી શાળાઓ 'પોપટમંદિરો' ન થાઓ, એવી ટકોર આ પાઠ કરે છે.

લલકારવું = મોટે સાદે ગાવું
પઢવું = ભણવું (૨) બોલવું
હિજરાવું = ઝૂરવું; બળ્યા કરવું
ઓસરવું = ઓછું થવું; ઘટવું
મઢાવવું = જડાવવું
ઢંઢોળવું = જગાડવા માટે હલાવવું

પાઠ ૨૫ મો

બે પંખી



૧

પાંજરાનું પંખી રહેતું સોનાના પિંજરમાં જી—
વનવગડાનું પંખી રહેતું સુંદર મનહર વનમાં જી.
एक दिवस बंने पंखीडां हळयांमळयां ने बोल्यां जी,
राम तणी मरजीथी भेटयां, दिल आगळ दिल खोल्यां जी.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वननुं पंखी बोल्युं : 'सांभळ, पिंजरना ओ पंखी जी !
चालो वनमां ऊडी जईए, वनमां झाझां पंखी जी.'

पांजरानुं पंखी बोल्युं : 'वनना पंखी वहाला जी !
आव पड्या रहीए पिंजर; शा दोडा करवा ठाला जी ?'

वनवगडानुं पंखी कहे, 'ना, ए तो खोटी वातो जी;
नथी अमारे बंदी थावुं, केद कारमी आ तो जी !'

गरीब बापडुं बोल्युं पंखी पिंजरनुं रहेनार जी :
'हाय हाय ! हुं केम करीने छूटी नीकळुं बहार जी !'

२

वनवगडानुं पंखी गातुं बेठुं बेठुं बहार जी,
वनवगडानां मीठां गीतडां, करी करी ललकार जी.

पिंजरमां रहेनारुं पंखी पढे पढाव्या बोल जी,
जात एक पण भेद अहा शो भाषामां अणतोल जी !

वननुं पंखी बोल्युं : 'पिंजरना ओ पंखीभाई जी !
वनवगडानां जरा आज तुं बताव गीतडां गाई जी.'

पांजरानुं पंखी बोल्युं: 'वनना पंखी वहाला जी !
शीखे तो शिखवाडुं गीतो पिंजरनां रढियाळां जी.'

वनवगडानुं पंखी कहे : 'ना, कोण शीखे ते एवुं जी ?
पढ्युं बीजानुं पढ पढ करवुं, बोट्युं भोजन लेवुं जी.'

गरीब बिचारुं बोल्युं पंखी पिंजरनुं रहेनार जी :
'हाय हाय ! हुं वननां गीतो केम गाई शकनार जी ?'

३

वनवगडानुं पंखी बोल्युं : 'शी शोभा आकाश जी !
घनश्याम शामळिया जेवुं, नहि नामे तंगाश जी !'

पांजरानुं पंखी बोल्युं : 'पिंजरना जो तार जी—
चोगम केवा बांधी लीधा ! बीक नहि तलभार जी.'

४–५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वननुं पंखी बोल्युं : 'भाई ! छोड पांजरुं तारुं जी,
मेघ फरे त्यां आपण फरीए, सुख अतिशे सारुं जी.'

पांजरानुं पंखी बोल्युं : 'सुख साचुं पिंजरमां जी.
पापी पीडे नहि पारधी, आव भाई, मुज घरमां जी.'

वनवगडानुं पंखी बोल्युं : 'ना, भाई, तारो पाड जी;
विशाळ वादळ क्यां त्यां फरवा; क्यां त्यां लीलां झाड जी ?'

गरीब बापडुं बोल्युं पंखी पिंजरनुं रहेनार जी :
'हाय ! थाकीने पग टेक्यानो क्यां नभमां आधार जी ?'

४

आ रीते ए बे पंखीजन पूरां प्रेमीजन जी,
प्रेमबंधने बंधायां, पण नव संधायां तन जी.

रही रहीने वळी फफडावे पांखो घडीए घडीए जी;
दीन वदन करी कहे : 'आव हजी कने आव हजी, हजीये जी !'

वनवगडानुं पंखी कहे : 'ना, हवे न आवुं आवुं जी,
कोक क्यांक पकडी पूरी दे : तुं ज आव, हुं मागुं जी.'

गरीब बापडुं बोल्युं पंखी पिंजरनुं रहेनार जी :
'नबळी पांखे केम उडाशे ? हाय हाय लाचार जी !'

જુગતરામ દવે

¶ બે પંખીમાં એક આઝાદીનું અને બીજું ગુલામીનું પાત્ર છે. એમના સંવાદનું નાટક ભજવી શકાય.

¶ 'પોપટમંદિર'નો પાઠ અહીં યાદ કરાવો. આખું જીવન કેદમાં રહેલો કેદી છૂટે ત્યારે તેને બહાર નથી ગમતું, એ વાત કહો.

¶ લાંબાં વર્ષો સુધી પાંજરામાં પુરાઈ રહેવાને લીધે આપણે હિંદુસ્તાનની પ્રજા ઘણી શક્તિઓ ગુમાવી બેઠા છીએ, અને આપણે આત્મભાન ભૂલી જઈ ઘણી વાર નાહિંમત થઈ જઈએ છીએ.

¶ આપણી સ્વતંત્રતાના પ્રયાસનો ઇતિહાસ વિદ્યાર્થીઓને કહો.

¶ સ્વતંત્ર કે મુક્ત થયેલો જ્ઞાની અને સંસારમાં બંધાયેલો કે ફસાયેલો જીવ—આ બેની દશા પણ આ બે પંખી જેવી જ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોડા કરવા = દોડધામ કરવી
ઠાલું = નકામું; નાહક
બંદી = કેદ
કારમું = ભયંકર; ત્રાસદાયક
અણુતોલ = અમાપ; અતિશય
રઢિયાળું = રમણીય; સુંદર
એટયું = એટલું; એહું
ઘનશ્યામ = ઘન–વાદળ – મેઘ જેવું કાળું
નામે = જરા પણ
તંગાશ = તંગી; અછત
તલભાર = લેશમાત્ર; જરા પણ
પાડ = આભાર; ઉપકાર
ટેક્યાનો = ટેકવવાનો – મૂકવાનો
નભ = આકાશ
સંધાવું = જોડાવું

પાઠ ૨૬ મો

જીવલેણ બેદરકારી

આપણે કેળું, નારંગી વગેરે ખાઈને તેનાં છોતરાં ગમે ત્યાં રસ્તા ઉપર ફેંકીએ છીએ. એમાં આપણને કશું ખોટુંય લાગતું નથી.

સ્ટેશન કે રેલવેના ડબામાં બેઠેલા લોકો ફળ ખરીદે છે; અને પછી તેનાં છોડાં સ્ટેશનની ફરસબંધી ઉપર ફેંકે છે. ભીડમાં લોકો નીચે નજર કર્યાં વિના ઉતાવળા ચાલતા હોય, ત્યારે કોઈનો ને કોઈનો પગ એ છાલ ઉપર પડી જાય; અને તે જોરથી લપસી પડે. તે વખતે હાથમાંનો સામાન કે બાળક નીચે પડી જાય, હાથ-પગનું હાડકું ભાગે કે બીજું કેટલુંય નુકસાન થાય. ત્યારે આજુબાજુ જોનારા લોકો હસે છે. પણ એ રીતે ફરસબંધી ઉપર અવરજવરની જગાએ છોડાં નાખવાં ન જોઈએ, એવું બહુ થોડા લોકો વિચારે છે.

એ બધામાંથી કોઈ વાર કેવું કારમું નુકસાન થઈ બેસે છે, તે નીચેના સાચા કિસ્સા ઉપરથી સમજાશે.

દીનબંધુ ઍન્ડ્રૂઝ વિષે તમે આગળ એક પાઠમાં વાંચી ગયા. તેમણે પોતાની આત્મકથા લખી છે; તેમાં એક કિસ્સો નોંધેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઍન્ડ્રૂઝે પોતાના દાદાને જોયેલા નહિ; કારણ કે ઍન્ડ્રૂઝના જન્મ પછી થોડા જ વખતમાં એ ગુજરી ગયા હતા. એમનો એક ફોટો ઘરમાં ટાંગેલો હતો. તે ઉપરથી દાદાને ઍન્ડ્રૂઝ ઓળખતા. ઍન્ડ્રૂઝ કહે છે: ' એ ફોટો મને એવો જીવતો જાગતો લાગતો કે, નાનપણમાં હું એ ફોટા વડે દાદા જોડે વાતો કરવાનો આનંદ મેળવતો. '

એક દિવસ ઍન્ડ્રૂઝે પોતાના પિતાને પૂછ્યું : ' બાપુ, દાદાનો ફોટો જોઈને તો મને એમ જ લાગે છે કે, એ આપણા ઘરમાં જ છે. પણ દાદાનું મરણ શાથી થયેલું ? '

ઍન્ડ્રૂઝનો સવાલ સાંભળી તેમના પિતાનો ચહેરો બદલાઈ ગયો. તેમની આંખ ચમકવા લાગી. તેમણે કહ્યું :

' બેટા, એ વાત બહુ કારમી છે. દાદા ઘરડા તો હતા જ, એટલે તેમની તબિયત નબળી હતી. એક દહાડો અમે બે જણ રસ્તાની ફરસબંધીવાળી પગથી ઉપર થઈને જતા હતા. કોઈ બેદરકાર છોકરાએ કે ઘરવાળાએ નારંગી ખાઈને છોતરું ત્યાં નાખેલું. ચાલતાં ચાલતાં દાદાનો પગ એના પર પડ્યો, ને એ લપસ્યા. બેટા ! એ દેખાવ યાદ આવતાં મારું હૈયું ભરાઈ આવે છે. દાદા રસ્તા ઉપર એવા તો પટકાયા કે એમાંથી એમનું મરણ નીપજ્યું. '

બાપબેટો થોડી વાર શાંત રહ્યા. પછી બંને જણે સાથે જ આંખો ઊંચી કરીને ફોટા સામે જોયું. દાદા જાણે એ બંનેને ધીરજ આપતા હોય એવા દેખાતા હતા.

થોડી વાર પછી બાપુ બોલ્યા, ' બેટા, એ દહાડાથી જ્યારે જ્યારે હું રસ્તા ઉપર કેળાનું કે નારંગીનું છોતરું જોઉં છું, ત્યારે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને દાદાનું કારમું મોત યાદ આવે છે, અને હું તરત જ તે છોડું ઉપાડીને કચરાની પેટીમાં નાખું છું. ત્યાર પછી જ હું આગળ જઈ શકું છું.'

બાળક ઍન્ડ્રૂઝ ઉપર પણ આ કિસ્સાની ઊંડી અસર થઈ. તેમની આત્મકથામાં તે લખે છે, 'મારા પિતાની જેમ મને પણ છોતરું રસ્તા ઉપરથી તરત જ ઉઠાવી લેવાની ટેવ પડી ગઈ છે.'

¶ સામાન્ય રીતે આપણે ઘર વાળીને કચરો વગેરે પણ રસ્તા ઉપર જ નાખીએ છીએ. એ બહુ ખોટી વસ્તુ છે, તે સમજાવો.

¶ પછીના પાઠમાં સૌ માટે સવડોનો ઉપયોગ આપણે કેવી રીતે કરવો જોઈએ તેની વાત છે. તે અહીં કહી શકાય.

ફરસબંધી = પથ્થરની જડેલી ભોંય
આત્મકથા = જાતે લખેલી પોતાના જીવન વિષેની કથા
કારમું = ભય ઉપજાવે તેવું
કિસ્સો = બનેલી વાત; બનાવ

પાઠ ૨૭ મો

સૌ માટેની સવડોનો ઉપયોગ

કોઈ પણ દેશના લોકો કેટલા સુધરેલા છે એ જાણવું હોય, તો આગગાડી જેવી અવર-જવરની સવડોનો ઉપયોગ તેઓ કેવી રીતે કરે છે, તે ઉપરથી પણ જાણી શકાય. ટિકિટ લેવા જઈએ ત્યારથી આપણી પરીક્ષા શરૂ થઈ જાય છે. તે વખતે આપણે ધક્કામુક્કી કરીએ છીએ; આપણી પહેલાં આવનારને પણ હડસેલી કાઢવા પ્રયત્ન કરીએ છીએ; ટિકિટ લેનારાઓની હાર લાગી ગઈ હોય તો તેમાં વચ્ચે ઘૂસવા જઈએ છીએ; પોલીસને કે રેલવેવાળાને લાંચ આપીને વહેલી ટિકિટ કઢાવીએ છીએ; અથવા ટિકિટ વિના જ મુસાફરી કરવાની ઇચ્છા રાખીએ છીએ; તેમ જ ઘરડાં, નબળાં કે સ્ત્રીઓને પહેલી સગવડ આપવાનો વિચાર કરતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ખોટી રીત



સાચી રીત

વળી આગગાડી આવ્યા પછી તેમાં બેસવા જતી વખતે પણ આપણે એમ જ પડાપડી કરીએ છીએ. ઘરડાં વગેરેને બેસવામાં મદદ નથી કરતા. અને જો ડબામાં બેઠેલા હોઈએ, તો નવા આવનારને અંદર નથી પેસવા દેતા.

ડબામાં બેઠા પછી, પાસે બેઠેલાનો વિચાર કર્યા વિના ગમે તેમ બોલીએ છીએ અથવા બૂમો પાડીએ છીએ. બીડી પીને ગમે તેમ ધુમાડાના ગોટા કાઢીએ છીએ. બેઠા બેઠા જ ફળનાં છોડાં કે કૂચા, પડીકાંના કાગળ, એઠવાડ, થૂંક અને લીંટ પણ પગ આગળ નાંખીએ છીએ; જાજરૂમાં પણ ગમે તેમ ગંદકી કરીએ છીએ.

આ બધું જોઈ ગાંધીજીને ઘણું દુઃખ થતું. લોકોની હાડમારી સમજવા તે ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા. તે ઉપરથી તેમણે કેટલીક સૂચનાઓ રેલવેવાળાઓ અને મુસાફરો બંનેને કરેલી છે. મુસાફરો પોતે પણ જો સમજીને વર્તે, તો મોટા ભાગની હાડમારીઓ દૂર થઈ જાય એવી છે.

ગાંધીજીએ મુસાફરોને આપેલી સૂચનાઓ સૌએ ધ્યાનમાં લેવા જેવી છે. તે નીચે મુજબ છે :

"૧. સ્ટેશનમાં જતાં કે આગગાડીમાં બેસતી વેળા, તમે બળ કરીને વહેલા પેસી જવાને બદલે પાછળ રહેશો, તોપણ કાંઈ હરકત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ખોટી રીત



સાચી રીત

નથી એમ સમજીને વર્તજો. તેથી તમને ખાસ નુકસાન નહિ થાય, ઉપરાંત બીજાઓને તેથી લાભ થશે.

"૨. ગાડીમાં બેઠા પછી તમારે યાદ રાખવું કે, લખેલી સંખ્યા સુધી બીજાઓને ડબામાં બેસવાનો હક તમારા જેટલો જ છે. એટલે જો તમે જગા હોવા છતાં બીજાને આવતા અટકાવો, તો તમે જૂઠું બોલીને નીતિના કાયદાનો તેમ જ રેલવેના કાયદાનો ભંગ કરો છો.

"૩. ત્રીજા વર્ગના ઉતારુને જેટલો સામાન રાખવાનો અધિકાર છે, તેટલો જ સામાન તમે સાથે રાખશો, તો બીજાઓ સુખેથી બેસી શકશે. એથી વધારે સામાન તમારે લઈ જવો હોય, તો તમારે તે સામાનને માલ મૂકવાના ડબામાં મુકાવવો, અને વધારાનું ભાડું આપવું.

"૪. તમારો સામાન એવા પ્રકારનો હોવો જોઈએ કે, તે બાંકડાની નીચે અથવા તો સામાન રાખવાની પેઢલી ઉપર સહેલાઈથી સમાઈ શકે.

"૫. તમે પૈસેટકે સુખી હો, તો ઉપલા વર્ગની ટિકિટ લેવી જોઈએ. કેવળ કંજૂસપણાથી તમે ત્રીજા વર્ગની ટિકિટ લો, તેથી તમે ગરીબ ઉતારુઓ ઉપર બોજારૂપ જ થાઓ છો.

"૬. તમારે યાદ રાખવું જોઈએ કે, લાંબી મુસાફરીએ જતા બધા ઉતારુઓને સૂવાની કાંઈક સગવડ મળવાનો અધિકાર છે, એટલે તમારાથી ભાગે પડતી નિદ્રા જ લઈ શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"૭. ગાડીમાં બેઠા પછી તમારે વિચારવું જોઈએ કે, તમે બીડી પીનારા હો, તો બીજાને અગવડ ન પડે તેમ તેઓની રજા લઈને જ તમે પી શકો છો.

"૮. તમારે થૂંકવું હોય ત્યારે તમે જો ગાડીની અંદર જ પગ મેલવાની જગા ઉપર થૂંકશો, તો એથી ઘણી ગંદકી થશે. તેથી દરદો થવાનો પણ સંભવ છે.

"૯. રેલવેનાં પાયખાનાં સંભાળથી વાપરશો, તો બધાની સુખાકારીમાં વધારો થશે. જેમ તેમ વાપરીને ચાલ્યા જવામાં તમારી પાછળ જનારા ઉતારુઓનો તમે જરા પણ વિચાર નથી કરતા.

"૧૦. મુસાફરી કરતી વખતે તમે બ્રાહ્મણ, વૈશ્ય કે શૂદ્ર છો અને બીજા તેથી અલગ વર્ણના છે, અથવા તમે હિંદુ છો અને બીજા મુસલમાન છે, અથવા તમે મુંબઈ ઇલાકાના છો અને બીજા મદ્રાસના છે, એવો ભેદભાવ લાવી દ્વેષ ઉત્પન્ન ન કરતા. પણ તમે બધાં હિંદુસ્તાનનાં સંતાન છો, અને અત્યારે મુસાફરીના પ્રસંગને લઈને એક છાપરી નીચે ભેળાં થયાં છો, એમ જાણો અને ભ્રાતૃભાવ રાખો, તો તે જ ઘડીએ સુખી થશો અને હિન્દુસ્તાનને શોભાવશો."

¶ સૌ માટેની સવડોનાં બીજાં દૃષ્ટાંતો પણ આપવાં. જેમ કે, જાહેર બાગબગીચા, કૂવા-તળાવ, ધર્મશાળા, જાહેર પુસ્તકાલય વગેરે. એ બધી સવડોનો પણ સંભાળપૂર્વક ઉપયોગ કરવો જોઈએ; જેથી કરીને આપણી પછી ઉપયોગ કરનારાઓને તે કામની રહે.

¶ રેલવે વગેરેના અમલદારો અને નોકરો પોતાની ફરજ બજાવવાને બદલે મુસાફરોની ભીડ અથવા અજ્ઞાનનો ગેરલાભ લેવા પ્રયત્ન કરે છે. એથી પણ મુસાફરોની હાડમારી ઘણી વધી જાય છે. પરંતુ સમજુ મુસાફરોએ લાંચરુશવત આપીને તેમાંથી માર્ગ કાઢવાનો વિચાર કરવાને બદલે, મક્કમતાથી સામનો કરવો જોઈએ. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં રેલવેમાં મુસાફરી કરતી વખતે આ પ્રમાણે કરેલા સામનાનાં દૃષ્ટાંતો કહી બતાવવાં.

સવડ = સગવડ
હાડમારી = મુશ્કેલી
હરકત = અડચણ; વાંધો
ઉતારુ = વાહનમાં ભાડું આપીને મુસાફરી કરનાર
ભ્રાતૃભાવ = ભાઈ જેવો સ્નેહ, લાગણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૮ મો

અંધેરી નગરી

૧

[ભુજંગી છંદ]

पुरी एक अंधेरी ने गंडु राजा,
टके शेर भाजी टके शेर खाजां;
बधी चीज वेचाय त्यां भाव एके,
कदी सारी बूरी न वेचे विवेके. १

त्यां जई चडचा बे गुरु एक चेलो,
गयो गाममां मागवा शिष्य पेलो;
लीधी सुखडी हाटथी आपो आटो,
गुरु पासे जईने कहे खूब खाटचो. २

गुरुजी कहे रात रहेवुं न आंही,
सहु एक भावे खपे चीज ज्यांही;
हशे चोर ने शाहनो न्याय एके,
नहीं होय शिक्षा गुनानी विवेके. ३

न ए वस्तीमां एक वासो वसीजे,
चलो सद्य चेला जवुं गाम बीजे;
कहे शिष्य खावा पीवा खूब आंही,
तजी तेह हुं तो न आवीश क्यांही. ४

गुरुए बहु बोध दीधो ज खासो,
नहीं योग्य आंही रहे रातवासो;
न मानी कशी वात ते शिष्य ज्यारे,
गुरुजी तजीने गया गाम त्यारे. ५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रह्या शिष्यजी तो त्यहां दिन झाझा,
बहु खाई पीने थया खूब ताजा;
पछीथी थया तेहना हाल केवा,
कहुं छुं हवे हुं सुणो सर्व तेवा. ६

२



[દોહરા]

तस्कर खातर पाडवा, गया वणिकने द्वार;
तहां भींत तूटी पडी, चोर दबाया चार. ७

मात प्रभाते चोरनी, गई नृपने फरियाद;
शूळी ठरावी शेठने, डोशीनी सुणी दाद. ८

'एवुं घर केवुं चण्युं, खून थयां ते ठार;
राते खातर खोदतां, चोर दबाया चार.' ९

वणिक कहे, कडिया तणो एमां वांक अपार;
खरेखरी एमां नथी, मारी खोड लगार. १०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कडियाने शूळी ठरी, वणिक बच्यो ते वार;
चूक गारो करनारनी, कडिये करी उच्चार. ११

गारो करनारो कहे, पाणी थयुं विशेष;
ए तो चूक पखालीनी, मारी चूक न लेश. १२

पुरपति कहे पखालीने, जो तुं शूळीए जाय,
आज पछी आ गाममां, एवा गुना न थाय. १३

'मुल्लां नीसर्या मारगे, में जोयुं ते दिश;
पाणी अधिक तेथी पडचुं, राजा छांडो रीस.' १४

मुल्लांजीने मारवा, करी एवो निरधार;
शूळी पासे लई गया, मुल्लांने ते वार. १५

फळ जाडुं शूळी तणुं, मुल्लां पातळे अंग;
एवी हकीकत चाकरे, जई कही भूप प्रसंग. १६

भूप कहे शुं हरघडी, आवी पूछो कोई;
शोधी चडावो शूळीए, जाडा नरने जोई. १७

जोतां जोतां ए जडचो, जोगी जाडे अंग;
बहु दिन खाईने बन्यो, राते माते रंग. १८

शिष्य मुदत मागी गयो, गुरु पासे पस्ताय;
गुरुए आवी उगारियो, अद्‌भुत करी उपाय. १९

जोगी शूळी पास जई, कहे भूप सुण कान;
आ अवसर शूळीए चडे, वेगे मळे विमान. २०

चेलो बोल्यो, हुं चडुं, ने गुरु कहे हुं आप;
अधिपति कहे, चडीए अमे, पूरण मळे प्रताप. २१

गुरु चेलाने गामथी, पहोंचाडचा गाउ पांच;
राजा शूळी पर रह्यो, अंगे वेठी आंच. २२

કવિ દલપતરામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ રાજકર્તા વર્ગ સમજદાર ન હોય તથા લોભી હોય તો રાજ્યમાં કેવું અંધેર ફેલાઈ જાય? "પોલા દેખ કે પેઠ જાઓ"ની કહેવતવાળા પોપાંબાઈના રાજ્યનો પણ ઉલ્લેખ કરવો.

૧ સ્વાદના લોભમાં પડી ચેલાએ ગુરુની શિખામણ ન માની, તેથી તેની કેવી વલે થઈ? માખીનું બચ્ચું માની સલાહ ન માનીને જ્યાં ત્યાં ઊડવા ગયું અને તેલની કઢાઈમાં પડીને મરી ગયું, તેનો જાણીતો દાખલો પણ કહેવો.

પુરી = નગરી

અંધેરી = અંધેર–વ્યવસ્થા જ્યાં છે તેવી કલ્પિત નગરી

વિવેક = (સારું-ખોટું) જુદું પાડવાની બુદ્ધિ

ખાટવું = ફાયદો મેળવવો

ખપવું = વેચાવું

સદ્ય = તરત જ

તસ્કર = ચોર

ખાતર પાડવું = ચોરી કરવા ભીંત કોચવી

દાદ = ફરિયાદ

ખોડ = દોષ

પખાલી = ચામડાની મોટી થેલી વડે પાણી ભરી લાવનાર

નિરધાર = નિશ્ચય

ફળ = ભાલા–શૂળી વગેરેનો લોઢાનો અણીદાર ભાગ

પ્રસંગ = અવસર

રાતુંમાતું = હૃષ્ટપુષ્ટ; શરીરે ખૂબ જાડું; માતેલું

આપ = પોતે

પૂરણ = પૂર્ણ; પૂરેપૂરું

આંચ = ઈજા; દુઃખ

પાઠ ૨૯ મો

ભક્તરાજ નંદ—૧

ઈસવી સનના ચૌદમા સૈકાની વાત છે. મદ્રાસ રાજ્યના તાંજોર જિલ્લામાં આધનૂર નામે ગામમાં એક ચમારને ઘેર નંદ નામે છોકરાનો જન્મ થયો. ચમારોની જાત બહુ હલકી મનાતી. તેમને કોઈ અડે નહિ. તેમને રહેવાનું પણ ગામ બહાર. ગંદાં ઝૂંપડાંમાં તેઓ પડી રહે, અને મરેલાં ઢોરનું માંસ પણ ખાય. મંદિરમાં તો તેમને પેસવા જ કોણ દે? તેઓ પોતાનાં જુદાં દેવ-દેવી પૂજે; તેમની આગળ બકરાં, પાડા કે મરઘાં વધેરે. તેવો ભોગ ચડાવવાથી દેવ-દેવી ખુશ થાય છે, એમ તેઓ માને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંદ નાનો હતો ત્યારથી જ તેને દેવ-દેવી આગળ બકરાં મરઘાં કપાતાં જોઈને બહુ દુઃખ થતું. તેણે એક નાનકડું બકરીનું બચ્ચું પાળ્યું હતું. જ્યાં નંદ જાય ત્યાં તે તેની પાછળ પાછળ જતું. નંદ તેને પાંદડાં ખવડાવે, પાણી પાય અને રમાડે.

એક દિવસ નંદને તાવ આવ્યો. તેનું બકરીનું બચ્ચું તેની પથારી પાસે જ બેસી રહ્યું. નંદની સામું જોઈને તે વારંવાર બેં બેં કર્યાં કરતું. થોડા દિવસ પછી નંદ સાજો થયો. પણ તેની માએ નંદ સાજો થાય તે માટે દેવીને બકરું ચડાવવાની બાધા રાખી હતી. એટલે એક દિવસ વહેલી સવારે તેનાં માબાપ તેના પાળેલા બચ્ચાને દેવી આગળ વધેરી આવ્યાં.

નંદે જ્યારે આ જાણ્યું ત્યારે તે ખૂબ રડ્યો. પોતે સાજો થાય તે માટે દેવીને બકરો શા માટે ચડાવવો પડે? એવા તે દેવ હોય? શું એ દેવી બકરાની પણ માતા નથી? તેને લાગ્યું કે, દેવ આવા ન હોય. તેણે માને પૂછ્યું, "આપણા બ્રાહ્મણ શેઠનો છોકરો માંદો પડતો હશે, ત્યારે તેઓ પણ બકરો ચડાવતા હશે?"

મા — ના ના, તેઓ તો દવા કરે, અથવા મંદિરમાં ભગવાનને પ્રાર્થના કરે. તેઓ બહુ બહુ તો નાળિયેર વધેરે.

નંદ — ત્યારે આપણે શા સારુ બકરાં મરઘાં વધેરીએ છીએ? આપણે પણ ભગવાનની પ્રાર્થના કેમ કરતા નથી?

મા — ભાઈ, તેમના દેવ જુદા અને આપણા દેવ જુદા. એ લોકોનાં મંદિરમાં તો આપણને પેસવા પણ ન દે. પછી આપણે તેમના ભગવાનની પ્રાર્થના શી રીતે કરી શકીએ?

નંદને આ જવાબથી સંતોષ ન થયો. તેને લાગ્યું કે, જો આપણે ચોખ્ખા રહીએ અને ખરાબ કામ ન કરીએ, તો આપણે પણ ભગવાનની પ્રાર્થના કરી શકીએ.

જેમ જેમ તે મોટો થતો ગયો, તેમ તેમ તેના વિચારો દૃઢ થતા ગયા. તે પોતાના ભાઈબંધોને પણ આ બધું સમજાવતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવામાં એક વખત નંદ ખૂબ માંદો પડ્યો. ઘરડા લોકો એને કહેવા લાગ્યા : "લેતો જા; તું દેવીને માનતો નથી, તેનું ફળ હવે ભોગવ. તારા બાપ પણ રોગમાં મરી ગયા અને હવે તું પણ મરીશ. હજી સમજીને દેવીની માફી માગ અને બકરો ચડાવ."

નંદે કહ્યું, "ભલે હું રોગમાં મરી જાઉં, પણ બકરો મારીને મારે જીવવું નથી. હું તો ભગવાનની પ્રાર્થના કરીશ."

નંદ પથારીમાં પડ્યો પડ્યો ભગવાનનું નામ લેવા લાગ્યો. તેના ભાઈબંધો પણ તેને માટે ભગવાનનું નામ લેવા લાગ્યા.

આખી રાત ભગવાનનું નામ લીધા પછી, નંદને લાગ્યું કે, જાણે મંદિરમાંથી આવીને મહાદેવ તેના માથા ઉપર હાથ મૂકે છે. આથી તેના આનંદનો પાર ન રહ્યો.

બકરો ચડાવ્યા વગર, થોડા દિવસ પછી નંદ સાજો થઈ ગયો. તેના ભાઈબંધોએ 'હર હર મહાદેવ'ની બૂમોથી ગામ ગજાવી મૂક્યું.

¶ હિંદના નકશામાં મદ્રાસ રાજ્ય બતાવો. ગુજરાતની કઈ દિશાએ એ આવ્યું તે દેખાડો.

¶ ઈસવી સન એટલે કે ઈશુખ્રિસ્તના જન્મદિવસથી ગણાતો સંવત. આપણો વિક્રમ સંવત તેનાથી લગભગ ૫૬ વર્ષ આગળ હોય છે. મુસલમાન, જૈન, પારસી વગેરે ધર્મો પણ પોતપોતાના જુદા સંવતો ગણે છે, તેની ખબર આપો.

¶ દેવદેવી આગળ કે યજ્ઞમાં પ્રાણીઓને હોમવા કે વધેરવાની રીત જૂના વખતમાં પ્રચલિત હતી. આજે પણ કોઈ કોઈ ઠેકાણે તે પ્રચલિત છે. બુદ્ધ–મહાવીરે તેની સામે ઘણો પોકાર ઉઠાવેલો, તેની વાત કહેવી.

¶ સૌના સરજનહાર ઈશ્વરના ધામમાં પણ તેનાં અમુક સંતાનોને પેસવા ન દેવાં એ કેવો અધર્મ છે? મંદિર-પ્રવેશની હિલચાલ વિષે ખ્યાલ આપવો. અસ્પૃશ્યતાને હિંદના રાજ્યબંધારણમાં ગુનો ગણ્યો છે, એ ખબર કહો.

વધેરવું = બલિદાન તરીકે ફોડવું – કાપવું
ભોગ ચડાવવો = ભોગ તરીકે – બલિદાન તરીકે મારવું – વધેરવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૦ મો

ભક્તરાજ નંદ—૨



એક દિવસ પાસેના ગામમાં આવેલા શિવમંદિરમાં ઉત્સવ હતો. તે દિવસે મહાદેવને રથમાં પધરાવી આખા ગામમાં તેમની સવારી કાઢવામાં આવતી. હરિજનો પણ તે વખતે મહાદેવનાં દર્શન કરી શકતા. નંદ અને તેના ભાઈબંધો ત્યાં ગયા. દર્શન કર્યાં પછી તેઓ એક બ્રાહ્મણ કથા કરતો હતો ત્યાં ઊભા રહ્યા. કથામાં નંદે સાંભળ્યું કે, ચિદંબરમમાં મહાદેવ નટરાજનું મંદિર છે; તેમનાં જે દર્શન કરે, તે ચંડાળ હોય તોપણ તરી જાય.

નંદ તરત જ ત્યાંથી સીધો ચિદંબરમ તરફ જવા તૈયાર થયો. પણ તેના ભાઈબંધોએ તેને કહ્યું, "શેઠની રજા વિના તેનું કામ છોડી આપણાથી શી રીતે જવાય? આપણું કામ છોડીને જઈએ, તો ભગવાન પણ રાજી ન થાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાનનું નામ સાંભળી નંદ થોભ્યો. તે પાછો પોતાને ગામ આવ્યો અને શેઠની રજા લેવા ગયો. શેઠ તો નંદની વાત સાંભળી ખૂબ ગુસ્સે થયો. તેણે નંદને કહ્યું, "મારાં છ ખેતરોમાં પાક ઊભો છે. તેની લણણી પૂરી થાય પછી જવાની વાત કરજે."

નંદ તરત ખેતરે દોડ્યો. રાતે પણ ઘેર પાછો ન આવ્યો. તેણે આખી રાત કામ કર્યું. સવાર થતાંમાં તો શેઠને ઘેર તે પાછો આવ્યો અને બોલ્યો, "શેઠ, તમારાં છયે ખેતરની લણણી પૂરી થઈ છે; હવે મને નટરાજનાં દર્શન કરવા જવા દો."

શેઠે કહ્યું, "સાચું કહે છે? છયે ખેતરની લણણી થઈ ગઈ? એ બને શી રીતે?"

નંદે કહ્યું, "હું આખી રાત જાગ્યો છું. ખાતરી ન થતી હોય તો આવીને જોઈ જાઓ."

શેઠ ખળા ઉપર ગયો. બધું કામ પૂરું થયેલું હતું. એ જોઈને તે નવાઈ પામ્યો. તેણે ખુશીથી નંદને દર્શન કરવા જવાની રજા આપી.

નંદ અને તેના દોસ્તો આખે રસ્તે 'નટરાજ' 'નટરાજ' પોકારતા ચિદંબરમ પહોંચ્યા. પણ મંદિરમાં તેમને હરિજનોને કોણ પેસવા દે?

નંદ બિચારો મંદિરના શિખર સામું જોતો ઊભો રહ્યો. રાત પડી. પૂજારી વગેરે સૌ રસ્તે પડ્યા, પણ નંદ નટરાજનાં દર્શન કર્યા વિના શી રીતે જાય? તે આખી રાત મંદિરના શિખર સામે જોતો ઊભો રહ્યો.

હવે એવું બન્યું કે, તે રાતે મંદિરના બધા પૂજારીઓને એકીસાથે એક જ સ્વપ્નું આવ્યું. નટરાજે જાણે તેમને એવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
હુકમ કર્યો કે, 'નંદ નામનો અંત્યજ પરગામથી મારાં દર્શને આવ્યો છે; તેને કાલે દેહશુદ્ધિ કરાવીને મારાં દર્શન કરાવજો.'

બીજે દિવસે પૂજારીઓ ભેગા થયા, અને પોતપોતાના સ્વપ્નની વાત કહેવા લાગ્યા: 'નટરાજનો હુકમ છે; નંદને મંદિરમાં લઈ જઈ દર્શન કરાવવાં જ જોઈએ.' પણ તેના દેહની શુદ્ધિ કેમ કરીને કરવી તેની ચર્ચા ચાલી. કેટલાક કહે, 'તેને પાણીથી નવરાવવો.' કેટલાક કહે, 'અંત્યજ વળી પાણીમાં નાહવાથી શુદ્ધ થાય? તેને તો અગ્નિમાં સ્નાન કરાવવું જોઈએ.'

નંદને આ વાતની ખબર પડી. તે રાજી થઈને નાચવા લાગ્યો. તેના દોસ્તો ગભરાઈ ગયા. પણ નંદે તો બ્રાહ્મણોને કહેવરાવ્યું કે, 'તમે અગ્નિ પ્રગટાવો; હું તેમાં જરૂર પ્રવેશ કરીશ. જો ભગવાન નટરાજની ઇચ્છા હશે તો મને કશું નહિ થાય.'

બ્રાહ્મણોએ અગ્નિ સળગાવ્યો. નંદ નાહીધોઈને ત્યાં આવ્યો અને નટરાજનું નામ લેતો લેતો હસતે મોઢે તેમાં થઈને સામે પાર નીકળી ગયો.

બ્રાહ્મણો શરમાઈ ગયા. તેમણે નંદને પ્રણામ કર્યા. પછી તેઓ તેને આદરપૂર્વક મંદિરમાં લઈ ગયા.

ત્યારથી દક્ષિણમાં શિવની ૬૨ મૂર્તિઓમાં ૬૩મી મૂર્તિ નંદની મુકાઈ. શિવની મૂર્તિઓની સાથે નંદની મૂર્તિ આજે પણ ત્યાં પૂજાય છે.

૧ નટરાજ એટલે નૃત્ય કરતું શિવનું સ્વરૂપ. સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય ત્રણેનું સૂચન એ સ્વરૂપમાં છે. દક્ષિણ તરફ ભગવાનના એ સ્વરૂપની પૂજા વધારે છે.

૪–૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૧ મો

કરોળિયો અને કબૂતર

હજરત મહમદ સાહેબ મક્કા છોડી અબુ બકર સાથે મદીના તરફ હિજરત કરી રહ્યા હતા. મક્કાના કુરેશી લોકોએ જાહેર કર્યું હતું કે, જે કોઈ હજરત મહમદને મારી નાખશે તેને સો ઊંટનું ઇનામ આપવામાં આવશે. શહેરના ઘોડેસવારો તેમને ઢૂંઢવા ચારે દિશામાં નીકળી પડ્યા હતા.

રાત પડી. પાસેના ડુંગરામાં સૌર નામની ગુફા જોઈ મહમદ સાહેબે પોતાના પ્રિય સાથી અબુ બકરને કહ્યું, 'ચાલો, આ સૌરની ગુફામાં આશરો લેવો ઠીક પડશે.'

રેતાળ વાટમાં પડતાં પગલાં પોતાની પછેડીઓના છેડાથી લૂછતા લૂછતા તેઓ ગુફામાં દાખલ થયા.

અબુ બકર બોલ્યા, 'હજરત, એ લોકો ગુફા શોધી કાઢશે તો આપણને માર્યા વિના નહિ મૂકે!'

રાતમાં ગુફા બહાર ઘોડાના ડાબડા સંભળાવા લાગ્યા. થોડી વારમાં મક્કાવાળી એક ટોળી સૌર ગુફાના દ્વાર પાસે આવીને ખડી થઈ. ગુફા પાસે ઊભા ઊભા એ લોકો માંહોમાંહે ચર્ચા કરવા લાગ્યા. ગુફાની અંદર જઈ તપાસ કરવી, એવો એ લોકોએ મનસૂબો કર્યો. અબુ બકર ગુફાની અંદર રહ્યા સાંભળતા હતા. ઘોડેસવારોની વાત સાંભળી તે બહુ જ ફિકર કરવા લાગ્યા. તેમણે મહમદ સાહેબના કાનમાં કહ્યું, 'હજરત, ખરેખર, હવે તો આપણું આવી બન્યું. આપણે બે જ છીએ, અને સામે તેઓ તો ઘણા છે.'

પેગંબર સાહેબ અલ્લાના બંદા હતા. તેમને એક અલ્લાનો પૂરો ભરોંસો હતો. તેઓ બોલ્યા : 'ભાઈ, ઇતબાર રાખો. આમ જોતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આપણે બે સગાથી છીએ, એ ખરું. પણ ખરી રીતે આપણે બે જ નથી; આપણે તો ત્રણ છીએ. સૌનો રાખણહાર ત્રીજો ખુદા આપણી પાસે હાજરાહજૂર છે. ડરો નહિ. ખુદા ખેર કરે. તે ધારશે તો દુશ્મનની આંખો ધબ કરી દેશે.'

હવે બહાર આવી ચડેલી મક્કાવાળાઓની ટોળી અંદર જઈ તપાસ કરવા ગુફાના મોં પાસે આવી. તો ત્યાં તેમને એક જુદો જ ખેલ જોવા મળ્યો.

ગુફાના મોં આગળ પેસતાં જ એક કબૂતરીએ ઈંડાં મૂક્યાં હતાં અને તેમને એ સેવતી હતી, અને પાસે કબૂતર અંદર ગુફામાંથી હળવે હળવે ઘૂ ઘૂ ઘૂ કરતો હતો.

આ ઉપરાંત એ લોકોએ બીજું કૌતુક એ જોયું કે, ગુફાના મોંની વચ્ચોવચ કરોળિયાએ જાળ રચી હતી. અને નિરાંતે પોતાની જાળની વચમાં બેસીને કરોળિયો શિકારની રાહ જોતો હતો. જાળ આખી અકબંધ હતી. તેનો એક પણ તાંતણો તૂટેલો નહોતો.

ગુફામાં પેસવા જતાં જ આ દેખાવ જોઈને, હજરતને પકડવા નીકળેલા મક્કાવાસીઓનો નાયક બોલ્યો :

'નાહકના આપણે આ ડુંગરામાં આથડી મૂઆ. જ્યાં કબૂતરી ઈંડાં સેવતી હોય અને કરોળિયાએ જાળ બાંધી હોય, ત્યાં તે કોઈ માણસ કેમનું કદી ફરકયું હોય? ચાલો આગળ. અહીં તપાસ કરવાની હોય નહિ.'

એમ કહી તેઓ ગુફામાં તપાસ કરવાનું પડતું મૂકી આગળ ચાલ્યા ગયા.

ખુદાનું કરવું એટલે, કબૂતર અને કરોળિયાએ આમ પાક પેગંબરની જિંદગી બચાવી! તુચ્છમાં તુચ્છ જન્તુ પણ પોતાના પેદા કરનાર અને માલિકની ખિદમત કરી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ ઇસ્લામના પેગંબર હજરત મહમદ સાહેબે મૂર્તિપૂજા વગેરે જૂના રીતરિવાજોનું ખંડન કરી નવો ધર્મ ફેલાવવા માંડ્યો, તેથી મક્કાના જૂના વિચારના લોકોએ તેમની ઉપર અને તેમની શિષ્યમંડળી ઉપર વેર બાંધ્યું. સ્વપ્નમાં પેગંબરને ખુદાએ આ સ્થાનનો ત્યાગ કરી લીલી વાડી સમી કોઈ બીજી ભૂમિમાં હિજરત કરવાની પ્રેરણા આપી. એ ભૂમિ તે મદીના. ત્યાંના લોકો મોટી ટોળીમાં પેગંબર સાહેબને તેડવા આવ્યા. હ૦ મહમદના કાકાએ એમને લઈ જવામાં કેવું જોખમ રહેલું છે તે તરફ તેઓનું ધ્યાન દોર્યું. મદીનાવાસીઓએ હિંમતથી જવાબ દીધો : પેગંબર સાહેબનો વાળ વાંકો થાય તે પહેલાં અમારાં માથાં પડશે. છેવટે મહમદ સાહેબે મક્કાથી મદીના હિજરત કરી. એ મહાન બનાવની યાદમાં મુસલમાનોએ હિજરી સન ચાલુ કરી છે.

૨ અબુબકર એ હ૦ મહમદના સસરા થાય. પછી તે ઇસ્લામના ખલીફ થયા હતા.

હજરત = સ્વામી; માલિક (૨) (મુસલમાનોમાં) મોટા કે પૂજ્ય માણસને લગાડાતો માનવાચક શબ્દ
હિજરત કરવી = વતનનો ત્યાગ કરવો
ઢૂંઢવું = શોધવું
વાટ = રસ્તો
પછેડી = ઓઢવાની જાડી ચાદર
ડાબડા = ઘોડાનાં પગલાંનો અવાજ
મનસૂબો = વિચાર; ઇરાદો
બંદો = સેવક; દાસ
ઇતબાર = વિશ્વાસ
રાખણહાર = બચાવનાર
હાજરાહજૂર = સાક્ષાત્ હાજર
ખેર = ક્ષેમકુશળ – સહીસલામત હોવું તે
ધબ = ન દેખે તેવું; શૂન્ય
સેવવું = ઈંડાંને (પક્ષીની માદાએ ઉપર બેસી) હૂંફ આપવી
અકબંધ = જેમનું તેમ; વગર ખોલેલું કે તોડેલું
ફરકવું = પાસે જવું
પાક = પવિત્ર
ખિદમત = સેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૨ મો

ના હઠવું

डगलुं भर्युं के ना हठवुं, ना हठवुं;
वेण काढ्युं के ना लटवुं, ना लटवुं. डगलुं०

समजीने तो पगलुं मूकवुं, मूकीने ना बीवुं;
जवाय जो नहि आगळ, तोये फरी न पाछुं लेवुं. डगलुं०

ज्यां ऊभा त्यां चोंटी रहीने, वचन लेवुं सबळुं;
आभ पडो के पृथ्वी फाटो, तोय न करीए नबळुं. डगलुं०

फतेह करीने आगळ वधशुं, अथवा अहींयां मरशुं;
पण लीधेलुं ते पाळीशुं, रे वज्जरनुं करशुं. डगलुं०

નર્મદાશંકર

૧ કવિ નર્મદ ઈ. સ. ૧૮૩૩–૧૮૬૬ માં થઈ ગયા.

૧ સમાજસુધારાની બાબતમાં તે આગળ પડતા હતા. 'ડાંડિયો' નામનું છાપું તે ચલાવતા. ગુજરાતી ભાષાનો જાણીતો શબ્દકોશ (નર્મકોશ) તેમણે તૈયાર કર્યો હતો.

લટવું = નમી પડવું; કાલાવાલા કરવા
સબળું = દઢ; મક્કમ
પણ = પ્રતિજ્ઞા; વચન
વજ્જરનું કરવું = વજ્રની પેઠે કદી ન તૂટે તેવું કરવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૩ મો

વાલિયો લૂંટારો

એક હતો લૂંટારો. એનું નામ વાલિયો. તે જંગલમાં રહે, ચોરી–લૂંટફાટ કરે, અને સહેજ સહેજમાં ખૂન કરી નાખે. કોઈ એના જંગલમાંથી સાજોસમો જાય નહિ; કોઈ લૂંટાયા વિના રહે નહિ.

વાલિયાને મોટું કુટુંબ હતું. માબાપ હતાં, બૈરીછોકરાં હતાં. એ બધાંને ખવડાવવું, પિવડાવવું, ઓઢાડવું તો જોઈએ ને? એટલે એ લૂંટનો ધંધો કરતો. જંગલમાંથી જતા રસ્તાની બાજુએ તે લપાઈ રહેતો; અને રસ્તે નીકળે એને માર મારીને લૂંટી લેતો.

એક વખત વાલિયો એક ઝાડની ઓથે ભરાઈને બેઠો હતો. એટલામાં તેણે એક બ્રાહ્મણને ત્યાં થઈને જતો જોયો. તેના એક હાથમાં તંબૂરો હતો અને બીજા હાથમાં કરતાલ હતી. તેના શરીર ઉપર પીળું પીતાંબર હતું અને માથા ઉપર ઊભી શિખા હતી. તે મુખેથી 'નારાયણ' 'નારાયણ' બોલતો હતો. તે નારદ મુનિ હતા.

શિકાર હાથમાં આવેલો જાણીને વાલિયો તો આગળ ધસી આવ્યો. એણે બૂમ પાડી, "એ બામણા, મૂકી દે તંબૂરો નીચે અને દેખાડ તારી ઝોળી!"

નારદ મુનિએ બૂમ સાંભળી. પણ તેમને બીક કેવી? તે તો ગાતા ગાતા વાલિયાની પાસે આવ્યા. નજીક આવી તેમણે દયાથી વાલિયા લૂંટારા સામે જોયું અને હાથ પસારી તેને આશીર્વાદ આપ્યા.

લૂંટારાએ આજ સુધી અનેક વટેમાર્ગુ જોયા હતા, પણ આવો કોઈ જોયો ન હતો. બીજા તો તેની બૂમ સાંભળતાં જ થથરી ઊઠતા. આવો નીડર માણસ જોઈ વાલિયો નવાઈ પામ્યો, અને મુનિ તરફ જોઈ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

નારદ મુનિ એકાદ બે ક્ષણ થોભીને બોલ્યા: “ભાઈ! તું Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
લૂંટવાનો ધંધો કરે છે? તું શા માટે એવો પાપી ધંધો કરે છે?”

લૂંટારો બોલ્યો: “મારે કુટુંબ છે, માબાપ છે, બૈરીછોકરાં છે. તેમને બધાંને ખવરાવવું-પિવરાવવું જોઈએ ને?”

નારદ મુનિ — પણ ભાઈ, તે માટે આવું ઘોર પાપ શા માટે કરે છે? તારાં બૈરીછોકરાં તારા પાપમાં ભાગીદાર થશે ખરાં?

વાલિયો — થાય જ ને? હું કાંઈ ઓછો મારા એકલા સારુ આ પાપ કરું છું?

નારદ મુનિ — પણ તેં એમને પૂછી જોયું છે?

વાલિયો — ના, પૂછ્યું તો નથી.

નારદ મુનિ — ત્યારે બાપુ, તું ઘેર જઈને પૂછી આવીશ? તું પાછો આવે ત્યાં સુધી હું અહીં જ ઊભો રહીશ.

વાલિયો લૂંટારો દોડતો દોડતો ઘેર ઊપડ્યો.

જઈને પ્રથમ તેણે પોતાની માને પૂછ્યું: “મા મા, હું લૂંટ કરીને તને ખવડાવું છું, તો મારા પાપમાં તું ભાગીદાર ખરી કે નહિ?”

મા — પાપમાં હું ભાગીદાર શાની? કરે તે ભરે એ કર્મનો કાયદો છે.

પછી તેણે એ જ પ્રમાણે પોતાના બાપને પૂછ્યું. તેમણેય એવો જ જવાબ આપ્યો. સ્ત્રીને પૂછ્યું. તો તેણે પણ એવો જ જવાબ આપ્યો.

આથી વાલિયાનું મોઢું પડી ગયું. એ નારદ મુનિ પાસે આવીને રડી પડ્યો; એમને પગે પડીને કહેવા લાગ્યો: “મહારાજ, હવે તો તમે મને બચાવો. મારાં સગાં તો સૌ ખાવાનાં જ સગાં છે. મારા પાપમાં કોઈ ભાગિયાં નથી. હું એકલો આવડા મોટા પાપની સજા કેમ કરીને ભોગવીશ?”

પછી નારદ મુનિએ તેના ઉપર દયા કરી તેને રામનામ શીખવ્યું, અને કહ્યું: “હું પાછો આવું ત્યાં સુધી આ પીપળાના ઝાડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે બેસી આ મંત્રના જપ કરજે. તારાં સર્વ પાપો બળી જશે."

એમ કહી નારદ મુનિ ચાલ્યા ગયા. વાલિયો લૂંટારો પીપળા નીચે આસન જમાવી રામનામનો જપ કરવા લાગ્યો. તેને શરીરનું પણ ભાન ન રહ્યું.

બહુ વર્ષે નારદ મુનિ ફરીથી એ જ રસ્તે થઈને નીકળ્યા. ત્યારે વાલિયાના શરીર ઉપર તો ઊધઈના મોટા વલ્મીક બાઝેલા હતા !

નારદ મુનિ પ્રેમભર્યા સ્વરે બોલ્યા : " હે વાલ્મીકિ મુનિ, ઊઠો."

વાલિયો ઊઠ્યો, પણ હવે એ પહેલાંનો વાલિયો રહ્યો નહોતો. એના મોઢા ઉપર જ્ઞાનનું તેજ છવાયું હતું. રામનામના જપથી તેનાં પાપ બળી ગયાં હતાં.

આ વાલ્મીકિ ઋષિએ જ પછીથી રામાયણની કથા રચી.

¶ બુદ્ધ અને અંગુલિમાલ લૂંટારાની વાત આના અનુસંધાનમાં કહી શકાય (જુઓ છઠ્ઠી ચોપડી). 'સાચાબોલો છોકરો' (ત્રીજી ચોપડી) વાળી વાત પણ અહીં કહી શકાય. જે ખરેખર તરેલો હોય તે જ બીજાને તારી શકે, એ ભાવની આ ચોપડીની પહેલી કવિતા પણ યાદ કરાવવી.

¶ પોતાનાં કુટુંબીજનોનું ભરણપોષણ કરવાની ફરજ કહેવાય; પરંતુ ગમે તે માર્ગે — અધર્મથી પણ — તેમનું ભરણપોષણ કરવાની ફરજ ન હોઈ શકે. એ આ કથાનું રહસ્ય છે, તે સમજાવવું.

¶ તંબૂરો અને શિખા એ બે નારદ મુનિની જાણીતી એધાણીઓ છે.

સહેજ સહેજમાં = વાતવાતમાં; નજીવા કારણથી

શિખા = ચોટલી

વલ્મીક = રાફડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૪ મો

શ્યેન ચાંગ

૧

આપણા દેશની ઈશાન બાજુએ, હિમાલયને પેલે પાર આપણો પડોશી ચીન દેશ આવેલો છે. હિમાલય વગેરે મોટા મોટા પર્વતથી આપણો દેશ અને ચીન દેશ છૂટા પડે છે. છતાં ઘણા જૂના સમયથી, બંને દેશના લોકો વચ્ચે ગાઢ સંબંધ ચાલતો આવે છે.

પહેલાં હિંદુસ્તાનમાંથી બૌદ્ધ ધર્મના ઘણા સાધુઓ ચીનમાં જતા અને બુદ્ધ ભગવાનનો ઉપદેશ ચીનના લોકોને સંભળાવતા. ચીનના ઘણા લોકો આજે પણ બુદ્ધ ભગવાનને પોતાના ગુરુ માને છે.

ઘણાં વરસો પહેલાંની વાત છે. ચીન દેશમાં શ્યેન ચાંગ નામે એક વિદ્યાર્થી હતો. તે નવ દશ વરસનો થયો ત્યાં સુધીમાં બુદ્ધ ભગવાનના ઉપદેશના ઘણા ગ્રંથો ભણી ગયો, અને નાની ઉંમરે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિક્ષુ બન્યો. પછી તેને વિચાર આવ્યો કે, બુદ્ધ ભગવાનના જ દેશમાં જઈને સારા સારા ગ્રંથો ભણી લઉં તો કેવું સારું!

પણ હિંદુસ્તાન જવું એ સહેલી વાત ન હતી. રસ્તામાં પહાડ પણ ઓળંગવાના આવે અને દરિયા જેવડાં મોટાં રેતીનાં રણ પણ આવે. તેથી તેણે ટાઢ અને તડકો વેઠવાની ટેવ પાડવા માંડી. શિયાળામાં તે ઉઘાડે શરીરે ફરતો અને ઉનાળામાં બે-ચાર કામળા ઓઢીને બફારો વેઠતો. રસ્તામાં દિવસો સુધી ખાવા-પીવાનું ન મળે તોપણ ગભરાઈ ન જવાય, તે માટે તેણે ભૂખ-તરસ વેઠવાની પણ ખૂબ ટેવ પાડી.

આ ટેવ તેને ખૂબ કામમાં આવી. ચીનમાંથી નીકળવા ઉત્તર તરફની સરહદના દરવાજાને રસ્તે તે ચાલ્યો, ત્યારે તેની સાથે ત્રીસ જણ હતા. પણ ચાર મહિને દરવાજે પહોંચ્યો, ત્યારે તે એકલો જ બાકી રહ્યો હતો. બાકીના કાં તો માંદા પડ્યા, મરી ગયા, કે અધવચથી પાછા ફર્યા.

૨

ચીનના દરવાજામાંથી બહાર નીકળ્યા પછી ખરી મુસાફરી શરૂ થઈ. કેટલેક દૂર ગયા પછી ગોબીનું મોટું રણ વટાવવાનું આવ્યું. તેમાં પાણી કે ખાવાનું કશું જ ન મળે. એટલે શ્યેન ચાંગે રસ્તામાં ચાલે તેટલાં ખજૂર-ખારેક અને પાણીની મશક સાથે લીધાં. એટલો ભાર ઉપાડીને રણમાં ચાલવું એ પણ ઘણું જ અઘરું કામ કહેવાય.

અર્ધું રણ વટાવ્યું. તેવામાં એક દિવસ પાણી પીતી વખતે તેના હાથમાંથી મશકનું મોઢું છૂટી ગયું, અને પોણા ભાગનું પાણી ઢોળાઈ ગયું. પાણી વગર કેટલા દિવસ ચાલે? છેવટે તેનાથી એક ડગલું પણ આગળ ભરાય તેવું ન રહ્યું. તે ધગધગતી રેતી પર ગબડી પડ્યો. એમ પાંચ દિવસ અને પાંચ રાત ભૂખે તરસે તે ત્યાં પડી રહ્યો. પછી એક સવારે ઠંડી હવા શરૂ થઈ અને ખૂબ ઝાકળ પડ્યું. રેતીમાં આસપાસ ઝાંખરાં ઊગેલાં, તેના ઉપર ઝાકળનાં ટીપાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાઝયાં હતાં. [illegible] શ્યેન ચાંગ તે [illegible] પાસે ગયો અને ઝાકળ ચાટીને તેણે પોતાની તરસ છિપાવી. તેના શરીરમાં કંઈક તાકાત આવી. તેણે કોથળીમાંથી ખજૂર અને ખારેક કાઢીને ખાધાં. પછી તે ઊભો થયો, અને બુદ્ધ ભગવાનને યાદ કરી આગળ ચાલ્યો.

હવે તેને એક વેરાન વગડામાંથી પસાર થવાનું હતું. એક જગ્યાએ એક ઝેરી પ્રાણી રસ્તામાં આડું પડ્યું હતું. તેના ઝેરી શ્વાસમાંથી બચવા શ્યેન ચાંગ પાસેની ઝાડીમાં ભરાઈ ગયો. ત્રણ દિવસ બાદ પેલું પ્રાણી ચાલ્યું ગયું ત્યારે જ તે આગળ વધી શક્યો.

થોડે દૂર ગયા પછી એક ડોસો અને તેનો જુવાન દીકરો તેને સામા મળ્યા. ડોસાએ શ્યેન ચાંગની વાત સાંભળી તેને રસ્તો બતાવવા પોતાના જુવાન છોકરાને તેની સાથે મોકલ્યો.

પેલો છોકરો થોડા દિવસ તેની સાથે ચાલ્યો. પણ પછી તે કંટાળ્યો. એક વખત રાતે બંને જણા સૂતા હતા ત્યારે તે મધરાતે ઊઠ્યો અને શ્યેન ચાંગની પથારી પાસે ગયો. પછી તેણે પોતાની તલવાર પથારી પર એટલા જોરથી મારી કે જમીન સુધી પથારી કપાઈ ગઈ. પછી તે તરત ચીન તરફ પાછો ફર્યો.

તે વખતે શ્યેન ચાંગ પાણી પીવા ગયો હતો, તેથી તે બચી ગયો. આવીને તેણે પથારીમાં તલવારનો ઘા જોયો. તે પરથી એ બધી વાત સમજી ગયો. બુદ્ધ ભગવાનની પ્રાર્થના કરીને ત્યાંથી તે એકલો જ આગળ વધ્યો.

૩

આવી અનેક મુશ્કેલીઓ વેઠતો તે કોચાંગના રાજ્યમાં આવ્યો. ત્યાંના રાજાને તેના ઉપર એટલી બધી ભક્તિ ઊપજી કે તેણે તેને પોતાના રાજ્યમાં રહેવા આગ્રહ કર્યો. શ્યેન ચાંગે તેની વાત ન માની, એટલે તેણે ચિડાઈને તેને કેદ કર્યો. શ્યેન ચાંગે ખાવાનું-પીવાનું તથા સૂવાનું છોડી દીધું. આમ ત્રણ દિવસ જતાં જ કોચાંગનો રાજા પીગળી ગયો. ચોથે દિવસે સવારના આવીને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્યેન ચાંગને પગે પડ્યો અને માફી માગવા લાગ્યો. રાજાએ શ્યેન ચાંગને મુસાફરી માટે ખૂબ સગવડ કરી આપી તથા તેની સાથે પોતાના માણસો મોકલ્યા. પછી તે સહેલાઈથી હિંદ આવી પહોંચ્યો.

હિંદ પહોંચી તેણે ઘણો અભ્યાસ કર્યો. પછી ઘણાં પુસ્તકો સાથે લઈને તે ચીન પાછો ફર્યો.

વિદ્યા મેળવવા માટે આટલાં બધાં દુઃખ સહન કરનાર અને મહેનત કરનાર શ્યેન ચાંગને ચીનના લોકો 'શ્યેન ચાંગ તાસ્સ'ના નામથી ઓળખે છે. તાસ્સ એટલે ભગવાન !

¶ અંગ્રેજી ઢબ અનુસાર સામાન્ય રીતે શ્યેન ચાંગ માટે હ્યુએન્તસાંગ જેવો ઉચ્ચાર પ્રચલિત છે. શ્યેન ચાંગ એ મૂળ ચીની ઉચ્ચાર છે. તેની મુસાફરીનો સમય ઈ. સ. ૬૨૭–૬૪૩ છે.

¶ બૌદ્ધ ભિક્ષુઓ પગે ચાલતા દૂર દૂર સુધીના દેશોમાં જતા અને બુદ્ધ ભગવાનનો ઉપદેશ સૌને કહેતા. એ રીતે હિંદ બહાર બ્રહ્મદેશ, ચીન, સિલોન વગેરે દેશોમાં એ ધર્મનો પ્રચાર થયો હતો. એ પ્રચાર તલવારને જોરે નહિ, કે લોભ લાલચ વડે નહિ, પણ પોતાના ધર્મમય જીવનથી કરવામાં આવતો. એના અનુસંધાનમાં આ ચોપડીની શરૂઆતમાં આવેલો પૂર્ણનો પાઠ યાદ કરાવવો. સિલોનમાં ધર્મપ્રચાર માટે અશોકે પોતાનાં પુત્ર અને પુત્રીને મોકલ્યાં હતાં.

¶ ચીન દેશમાંથી પછી અવારનવાર ઘણા વિદ્યાર્થીઓ હિંદમાં બૌદ્ધ ધર્મ શીખવા આવતા. તે વખતે તક્ષશિલા, નાલંદા વગેરે ઘણી જાણીતી વિદ્યાપીઠો હિંદમાં હતી. ત્યાં વિદ્યાર્થીઓને મોટે ભાગે મફત શિક્ષણ મળતું.

¶ શ્યેન ચાંગથી ૩૦૦ વર્ષ પહેલાં એટલે કે ચોથા સૈકામાં ફાહિયાન ('ધર્માચાર્ય') નામે જાણીતા થયેલા વિદ્વાન પંડિત પણ અહીં બૌદ્ધ ગ્રંથોનો અભ્યાસ કરવા ૧૫ વર્ષ સુધી રહ્યા હતા.

મશક = પાણી ભરવાની ચામડાની કોથળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૫ મો

સુખ દુઃખ મનમાં ન આણીએ

[રાગ વેરાવળ]

सुख दुःख मनमां न आणीए, घट साथे रे घडियां;
टाळ्यां ते कोईनां नव टळे, रघुनाथनां जडियां. सुख दुःख० – १

नळ राजा सरखो नर नहि, जेनी दमयंती राणी;
अर्धे वस्त्रे वनमां भम्यां, न मळ्यां अन्न ने पाणी. सुख दुःख० – २

पांच पांडव सरखा बंधवा, जेने द्रौपदी राणी;
बार वरस वन भोगव्यां, नयणे निद्रा न आणी. सुख दुःख० – ३

सीता सरखी सती नहि, जेना रामजी स्वामी;
रावण तेने हरी गयो, सती महा दुःख पामी. सुख दुःख० – ४

रावण सरखो राजियो, जेनी मंदोदरी राणी;
दश मस्तक छेदाई गयां, बधी लंका लूंटाणी. सुख दुःख० – ५

हरिश्चंद्र राय सतवादियो, तारालोचनी राणी;
तेने विपत्ति बहु पडी, भर्यां नीच घेर पाणी. सुख दुःख० – ६

सर्व देवने ज्यारे भीड पडी, समर्या अंतरजामी;
भावट भांगी भूधरे, महेता नरसैंना स्वामी. सुख दुःख० – ७

નરસિંહ મહેતા

¶ રાજા અને રંક બધાંને સુખ અને દુઃખ વારાફરતી ભોગવવાં પડે જ છે. તે વાત નરસિંહ મહેતાએ આ કવિતામાં દૃષ્ટાંતો આપીને કહી છે.

¶ એ દૃષ્ટાંતોની વાતો તમને આવડે છે ? નળરાજા, પાંડવો, રામ, હરિશ્ચંદ્ર એમની કથાઓ બહુ રસિક છે.

¶ જ્યારે ભક્તને ભીડ પડે છે, અને તે ખરા દિલથી ભગવાનને સમરે છે, ત્યારે ભગવાન તેની ભીડ ભાગે છે એવું નરસિંહ મહેતા છેવટે કહે છે. પાંચમી ચોપડીમાં 'ભાઈ અને વેરી' નામે પાઠ છે. તેમાં પણ આવું જ દૃષ્ટાંત છે, તે વાંચો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટ = શરીર
ઘડવું = બનાવવું; રચવું
ટાળવું = દૂર કરવું
રઘુનાથ = રામ; પરમેશ્વર
જડવું = સજ્જડ બેસાડવું – જોડવું
બંધવા = બાંધવો; ભાઈઓ
નયણ = નયન; આંખ
રાજિયો = રાજા
રાય = રાજા
સતવાદિયો = સત્યવાદી; હંમેશાં સાચું જ બોલનાર
તારાલોચની = તારામતી (રાણીનું નામ)
વિપત્તિ = આફત; દુઃખ
ભીડ = મુસીબત; આફત
સમરવું = યાદ કરવું
અંતરજામી = અંતર્યામી; અંતરમાં વસનાર–પરમેશ્વર
ભાવટ = ભીડ; ઉપાધિ; દુઃખ
ભૂધર = પૃથ્વીનું પાલન કરનાર–પરમેશ્વર

પાઠ ૩૬ મો

મારી રોજનીશી

તા. ૧૪–૪–૧૯૫૧, શનિવાર

સવારના પાંચ વાગ્યે ઊઠ્યો. મોડો થાઉં તો બા ઉઠાડે છે. પણ આજે તો મારી મેળે જ જાગ્યો. બા એ જોઈને ખુશ થઈ.

પછી શૌચ તથા દાતણપાણી કરી પરવાર્યો. પ્રાર્થના કરી. ઓટલો તથા આંગણું વાળી નાખ્યાં. ગઈ કાલે છોટુભાઈએ બે આસન શીખવ્યાં હતાં તે કર્યાં. સાત વાગ્યા સુધીમાં નાહીને તૈયાર થયો.

સાતથી દશ સુધીમાં વાંચ્યું-લખ્યું; કુમુદને દાખલા શીખવ્યા; કાંત્યું.

જમીને **સાડા દશ** વાગ્યે શાળામાં જવા નીકળ્યો.

આજે ઉપાસનામાં ગવરાવેલું ભજન મને બહુ ગમ્યું.

"पानीमें मीन पियासी,
मोहिं सुनि सुनि आवत हाँसी रे. पानीमें॰"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રકાંતભાઈએ અમને ઉપાસનામાં ટટાર અને સ્થિર બેસવા કહ્યું. ગાલ હથેળી ઉપર ટેકવીને બેસવાની રીત ખરાબ છે, એ સમજાવ્યું. પ્રાર્થના પછી શાળા-સફાઈ કરી. અર્ધા કલાકમાં સફાઈ પૂરી થઈ. હાથપગ ધોઈ વર્ગમાં ગયો.

વિજ્ઞાનના સમયમાં આજે ગાય અને ભેંસ વિષે શીખ્યો. નાગરિકશાસ્ત્રમાં ગ્રામ–પંચાયતનો પાઠ ચાલ્યો. ઉદ્યોગમાં તુનાઈ કરીને રેંટિયા ઉપર ૬૦ તાર કાંત્યા. ગણિતમાં વિભાજ્ય અને અવિભાજ્ય સંખ્યાઓ ચાલી. ભાષામાં ‘સુદામા’નો પાઠ હતો. ચંદ્રકાંતભાઈએ સુદામાની આખી વાત કહી સંભળાવી. બહુ મજા પડી.

ચાર વાગ્યે ચર્ચાસભા હતી. શ્રી. શંકરભાઈ પ્રમુખ હતા. ‘મિલકાપડ કે ખાદી’ એની ચર્ચા હતી. મિલકાપડના પક્ષમાં મહેન્દ્ર, લતાબહેન અને ચિમન બોલ્યાં. મિલનું કાપડ સારું અને સસ્તું હોય છે; ખાદી તો ખરબચડી અને મોંઘી હોય છે; હાથે કાંતતાં અને વણતાં ખૂબ વખત લાગે, એમ તેમણે કહ્યું. ખાદીના પક્ષમાં ફૂલચંદ, મનુ અને ઉષાબહેન બોલ્યાં. ખાદી પહેરીએ તો દેશના ઘણા લોકોને રોજી મળે; પરદેશ પૈસા ન જાય, એવું તેમણે કહ્યું.

ચર્ચાસભા એક કલાક ચાલી. ખાદીવાળો પક્ષ જીત્યો. આજની ચર્ચામાં બહુ મજા પડી.

પાંચથી છ રમતગમત. આજે હુતુતુ રમવાનો વારો હતો. અમારો પક્ષ આજે ન ફાવ્યો. સામા પક્ષમાં હીરાલાલ સરસ રમ્યો.

પછી ઘેર આવ્યો. હાથપગ ધોયા. વાડામાં કેટલાક છોડને પાણી પાયું. ક્યારા ગોડ્યા.

પછી વાળુ કર્યું. મોટાભાઈ પાસે વાતો સાંભળી. પછી રોજનીશી લખવા બેઠો.

નવ વાગ્યે રોજ મુજબ ઉપાસના; પછી સૂવાનું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ જેમ પોતાના પૈસાનો હિસાબ રાખવો જરૂરી છે, તેમ પોતાના રોજબરોજના કામકાજનો હિસાબ રાખવો જરૂરી છે. તેથી સમય અને શક્તિનો ઘણો દુર્વ્યય થતો અટકી શકે, અને યોજના પ્રમાણે કામ થઈ શકે.

૧ શિક્ષકે રોજનીશી લખવાની ટેવ પાડવા તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું. વિદ્યાર્થીની સામાન્ય લેખનપ્રવૃત્તિના એક ભાગ તરીકે તે લઈ શકાય.

૧ 'પાનીમેં મીન પિયાસી,' આ ભજન કબીરનું છે.

તુનાઈ=(ધનુષ્ય જેવા નાના સાધનથી) પીંજવું તે. ગોડવું=ખોદવું

પાઠ ૩૭ મો

સ્નેહસંમેલન

આવતી પૂનમે શાળાનું સ્નેહસંમેલન છે. તે દિવસે શાળામાં મોટો ઉત્સવ થશે.

ઉત્સવમાં મોટા મોટા માણસો આવશે. વિદ્યાર્થીઓનાં માબાપોને ખાસ નોતરવામાં આવશે.

ઉત્સવમાં શાળાના જૂના વિદ્યાર્થીઓ પણ આવશે. ઘણા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ તો હવે મોટાં થઈ ગયાં છે. ભલે તેઓ મોટાં થયાં, પણ શાળાનાં તો છોકરાં જ ને? એમાં કંઈ ના કહેવાશે?

ઉત્સવને હજુ તો દશ દિવસની વાર છે. પણ શાળામાં જેને મળો તેને મોઢે ઉત્સવ વિના બીજી વાત સંભળાતી નથી. છોકરા, છોકરીઓ, શિક્ષકો, શિક્ષિકાઓ – બધાં ઉત્સવની તૈયારીમાં લાગ્યાં છે.

છોકરાંને તો શાળામાં આવે ત્યાં પણ એ જ રટણ, અને ઘેર જાય ત્યાં પણ એ જ વાત. જે મળે તેને પૂછે છે: "કેમ છગનકાકા, કેમ સવિતામાશી, જાણો છો ને? આવતી પૂનમે અમારું સ્નેહસંમેલન છે, તમારે જરૂર આવવું પડશે. આવશો ને?"

CC-0. In Public Domain..Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સવમાં એક તો ગેડીદડાની હરીફાઈ થવાની છે. તેમાં ઊતરનારા છોકરાઓ નવરા પડે કે દોડે છે મેદાનમાં અને તૈયારી કરવા મંડી જાય છે. કેટલાક દડા ગૂંથવામાં લાગ્યા છે. જુઓ, એ ટોળીવાળાઓ બધા ક્યાં ઊપડ્યા? તેમના હાથમાં કુહાડીઓ છે. તેઓ બાવળીમાં જાય છે; ત્યાંથી તેઓ સારી સારી ગેડીઓ કાપી લાવશે.

શાળાના ચિતારાઓને હમણાં ઘડીની નવરાશ નથી. ઢગલાબંધ સૂત્રો અને ચિત્રો તૈયાર કરવાનાં છે. એક આખો ઓરડો તેમણે રોક્યો છે. રંગની કુલડીઓ, નાની મોટી પીંછીઓ, કાગળ, પૂંઠાં, કાગળ ચોડવાની લાહી – એ બધાંની વચ્ચે શિક્ષિકા બહેન અને આઠદશ છોકરાં રોજ બેસે છે, અને ચીતર ચીતર કરે છે. છેલ્લા દિવસ સુધી તેમનું ચીતરવાનું પૂરું થવાનું નથી.

છોકરાંઓમાંથી સ્વયંસેવકોની એક સેના થઈ છે. તેઓ સભાની વ્યવસ્થા સાચવશે અને સાફસૂફી કરશે. હમણાં તેઓ ખાડા ખોદી વધારાની મુતરડીઓ તૈયાર કરે છે. પછી તેઓ શાળાનાં મકાનોને ધોઈને ચોખ્ખાં ચણાક કરશે. પછી તેઓ જ તોરણો કરીને બાંધશે, કેળના થંભ રોપશે, અને જોવા જેવી શોભા કરશે.

સંગીત મંડળી અને નાટક મંડળીનું કામ પણ ધમધોકાર ચાલે છે. સૌ પોતપોતાના ભાગની તૈયારી કરે છે. કોઈ બાવાજીની દાઢી બનાવે છે, કોઈ વાંદરાની પૂંછડી તૈયાર કરે છે, કોઈ રાજાનો મુગટ બનાવી રહ્યા છે. આ મંડળીમાં નાનાં નાનાં બાળકો પણ જોડાયાં છે. નાટકમાં ગાવાનાં ગીતો તેઓ ગણગણ્યા કરે છે:

"મ્યાઉં મ્યાઉં કરી તારું દૂધ પી જાઉં !
"મીંદડીનું જો બચ્ચું બની જાઉં !"

મોટાઓ તેમને વારે છે: "અરે, કોઈના સાંભળતાં ન ગાઓ. નહિ તો લોકો પહેલેથી જાણી જશે !" પણ એમનાથી તે ગાયા વિના રહેવાય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ઉતાવળે કે વગર
વિચાર્યે કંઈ ન
બોલીએ. પૂર્વાપર
કર્યા વિના પ્રતિજ્ઞા
ન લઈએ. લઈએ તો તે
[illegible]
પાળીએ
બાપુ
૨૪-૩-૩૨

એક ઓરડો બહુ જ સંભાળથી બંધ રાખવામાં આવ્યો છે. તેમાં પ્રદર્શન ગોઠવાય છે. પ્રદર્શનવાળી મંડળી બીજા કોઈને તેમાં જવા દેતી નથી. પ્રદર્શનમાં તેઓ બાળકોનું સૂતર મૂકશે, તેમનાં ચિત્રો મૂકશે, તેમણે બનાવેલી માટીની વસ્તુઓ મૂકશે. એક છોકરી મહાત્મા ગાંધીજીનો પત્ર મૂકવાની છે. તેના બાપુ ઉપર ગાંધીજીએ પોતાને હાથે તે લખ્યો હતો. ગાંધીજીના હસ્તાક્ષર સૌને જોવાના મળશે.

એક કુંભારના છોકરાએ પ્રદર્શનને માટે નવો જ વિચાર રાખ્યો છે. તે કંઈ તૈયાર ચીજ મૂકવાનો નથી. તે તો એક ખૂણામાં નાનો સરખો ચાકડો ગોઠવશે, અને તેના ઉપર પોતે જુદા જુદા ઘાટ ઉતારી બતાવશે. એક છોકરાના ઘરમાં સો વર્ષનો જૂનો પુરાણો રેંટિયો છે, તેને એ પ્રદર્શનમાં મૂકવાનો છે.

ગમે તેમ થાય, પણ આ સ્નેહસંમેલનમાં આપણે જવું જ છે.

૧ શાળામાં સફાઈ, મનોરંજન વગેરે જુદાં જુદાં કામો માટે સમિતિઓ રચાવવી; તેમના મંત્રીઓ ચૂંટણીથી પસંદ કરાવવા. આ બધું વિદ્યાર્થીઓને સ્થાનિક સ્વરાજ્યની તાલીમરૂપ થઈ પડે.

૧ શાળામાં લટકાવી રખાતાં સૂત્રવાક્યો વારંવાર જોવા – સાંભળવાથી સારી અસર થાય છે. ઉપયોગી માહિતીના આલેખો અને નકશાઓ પણ તૈયાર કરવા જોઈએ.

૧ જુદા જુદા ધંધાદારીઓનાં મુખ્ય ઓજારોનાં નામ જણાવો, અને પ્રસંગોપાત્ત તે બધાં ઓળખાવો. જેમ કે, કુંભાર – ચાકડો, સુતાર – વાંસલો, ખેડુત – હળ, કડિયો – લેલું, સલાટ – ટાંકણું, લુહાર – ઘણ, મોચી – રાંપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ ગાંધીજીના પત્રના ચિત્રમાં 'આલીએ', 'લઈએ', 'રાખીએ', 'પાળીએ' એ શબ્દોની જોડણી જુદી છે. પહેલાં ગુજરાતી ભાષાની જોડણી નક્કી ન હતી. ગાંધીજીએ એ જોડણી નક્કી કરાવવા માટે પછી 'જોડણીકોશ' તૈયાર કરાવ્યો, એ વાત કહેવી.

પાઠ ૩૮ મો

કાળુડી



काळुडी कूतरीने आव्यां गलूडियां,
चार काबरां ने चार भूरियां रे,
हालो गलूडां रमाडवा जी रे.

माडीने पेटे चस चस धावे,
वेले चोटचां जेम तूरियां रे. हालो०

माताने माथडे चडतां ने चाटतां,
जोगणनां जाणे लटूरियां रे. हालो०

रातां मातां ने रोम रोमे सुंवाळां,
होय मीठां गालमसूरियां रे. हालो०

बाने वहालां छे जेम वीरो ने बहेनी,
काळवीने वहालां कुरकुरियां रे. हालो०

मोटां थाशे ने मारी शेरी साचवशे,
जागशे राते बहादुरियां रे. हालो०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

टीपुडो दीपुडो डुंगरडे घूमशे,
गौधन भेगा वळाविया रे. हालो०

मोतियो ने मानियो झोके रोकाशे,
वाछरुं ने पाडरुं भळावियां रे. हालो०

डाघियो ने डूघियो खेतरमां जाशे,
वासु रहेशे बे रखोपिया रे. हालो०

काळियो ने लालियो पादर पसायता,
बाउ बाउ आलबेल बोलिया रे. हालो०

गोळ घी लोटना शीरा बनाव्या,
काळुडीनां पेटडां पूरियां रे. हालो०

पेट भरी माडी बाळक धवरावे,
धावीने पोढे टीपुडियां रे. हालो०

ઝવેરચંદ મેઘાણી

૧ બિલાડી, ખિસકોલી, ઉંદરડી, બકરી, ગાય વગેરે બાળકોનાં બીજાં દોસ્તોનાં ગીતો પણ તેમને શીખવો.

ગલૂડિયું = બચ્ચું (કૂતરીનું)
કાબરું = રંગબેરંગી; કાબરચીતરું
ભૂરિયું = આસમાની રંગનું
જોગણ = બાવી; સાધુડી
લટૂરિયાં = વાળની લટો
રાતુંમાતું = હૃષ્ટપુષ્ટ
રોમ = રુવાંટી; વાળ
ગાલમસૂરિયું = ગાલ તળે રાખવાનું મશરૂ વગેરે ભરેલું નાનું ગોળ ઓશીકું
વીરો = ભાઈ
ગૌધેન = ગાયોનું ધણ-ટોળું
વળાવિયો = વાટમાં સંભાળ રાખનાર
ઝોક = ઢોરનો વાડો
વાછરું = ગાયનાં વાછરડાં
પાડરું = ભેંસનાં પાડાં
વાસુ = ખેતરમાં રાતવાસો રહી ચોકી કરનાર
રખોપિયો = રખવાળું કરનાર
પાદર = ભાગોળ; ગામની સીમ
પસાયતો = પસાયતું (બક્ષિસ જમીન) લઈ ને સેવા કરનાર
આલબેલ = 'બધું સલામત છે' એવો ચોકીદારનો પોકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૯ મો

આપણો મહાન દેશ

તમે નકશા ઉપર આપણો ભારત દેશ ઘણી વાર જોયો હશે. પરંતુ તે પરથી તેની મોટાઈ તમારા સમજવામાં કદાચ નહિ આવે.

આપણો દેશ પૂર્વથી પશ્ચિમ બે હજાર માઈલ જેટલો પહોળો છે, તેમ જ ઉત્તરથી દક્ષિણ પણ તેટલો છે. યુરોપ ખંડમાંથી રશિયા



બાદ કરતાં, બાકીના તેના બધા દેશોના કરતાં આપણો દેશ મોટો છે. આપણા દેશમાં તો તે દેશો જેવડા જિલ્લાઓ અને રાજ્યો છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વિશાળ ભરતખંડમાં આપણે ૩૬ કરોડ હિંદીઓ વસીએ છીએ. આટલાં માણસો હારબંધ ખડાં રહી જાય, અને એક દરવાજે ઊભા રહી આપણે ગણવા માંડીએ, તો તેમને ગણી રહેતાં બારેક વર્ષ લાગે! અને તે પણ ખાવું પીવું અને સૂવું એ બધું છોડીને ચોવીસે કલાક ગણ્યા કરીએ અને મિનિટે ૬૦ જણને ગણી કાઢીએ તો.

આખી દુનિયામાં દર સાત માણસે એક માણસ હિંદી છે. એટલે કે આખી દુનિયાની વસ્તીનો સાતમો ભાગ આપણે હિંદીઓ છીએ.



અને તે પણ જેવા તેવા નહિ. જૂના સમયથી દુનિયામાં કેટલેય ઠેકાણે જુદા જુદા દેશોમાં આપણા લોકો જઈને વસ્યા છે અને કામ કરે છે. બધે ઠેકાણે શરીરની તાકાતમાં, ખડતલપણાની બાબતમાં, હુન્નરકળામાં તેમ જ બુદ્ધિબળમાં આપણા લોકો બીજી કોઈ પ્રજાથી ઊતરતા જણાયા નથી. દુનિયાના કેટલાય વેરાન ભાગોમાં તો આપણા લોકોએ જ જઈને જંગલો સુધાર્યાં છે, જમીન તૈયાર કરી છે, નગરો વસાવ્યાં છે અને વેપારધંધો ઊભો કર્યો છે. આપણા કુશળ વહાણવટીઓ જૂના વખતથી દરિયો ખેડીને આપણાં વહાણોને દૂર દૂર સુધી લઈ ગયા છે. આપણા સાધુ–સંતો પણ જૂના સમયથી પૂર્વમાં ચીન, જાપાન, જાવા, સુમાત્રા સુધી અને પશ્ચિમમાં ભૂમધ્ય સમુદ્રના કિનારા સુધી ફરતા ફરતા પહોંચ્યા છે; અને ઠેર ઠેર ઉપદેશ આપી તેમણે ધર્મ અને નીતિનો ફેલાવો કર્યો છે. આપણા ઇતિહાસમાં કોઈ વખત આપણા દેશના લોકોએ બીજા દેશોને જીતીને લૂંટવા કે બીજા દેશોના લોકોને વટલાવવા ઇચ્છા કરી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલાં બધાં કુશળ અને મહેનતુ લોકો હોવા એ જ દેશનું મોટું ધન છે. તે ઉપરાંત કુદરતે પણ પોતાની સંપત્તિ આ દેશમાં ઠાલવવામાં પાછી પાની કરી નથી. મોટા મોટા પર્વતો અને મોટી મોટી નદીઓ આ દેશને વરસાદપાણી પૂરાં પાડે છે. હિમાલય પર્વત એવી રીતે દેશને મથાળે ગોઠવાયો છે કે, દેશને રક્ષણ મળે છે તથા પુષ્કળ વરસાદપાણી પણ મળે છે. તે જો ન હોય, તો ઉત્તરનું વેરાન રણ છેક નીચે સુધી ધસી આવે, અને વરસાદનાં વાદળો રોકાયા વિના દૂર ઘસડાઈ જાય.

આપણા દેશને સૂર્યનાં સોનાનાં કિરણોની ભારે સગવડ છે. આપણે ત્યાં સૂર્યનો તાપ એવી રીતે પડે છે કે, ખેડેલી જમીન અને આપણાં શરીરને જોઈતી તાકાત મળે છે; અને સમુદ્રના પાણીનાં વાદળ બનીને નિયમિત ચોમાસું આવે છે. વનસ્પતિને જમીન તેમ જ હવામાંથી પોષક તત્ત્વો મળે છે; પરંતુ સૂર્યના તાપ વિના વનસ્પતિ પોષણ લઈ શકતી નથી. દરેક વનસ્પતિને વધવા માટે સૂર્યની ગરમી અને પ્રકાશની જરૂર રહે છે. તેથી કેટલાક પાક તો આપણા દેશમાં જ વધારે થાય છે.

આપણા દેશમાં ઢોર પણ આખી દુનિયાનાં ઢોરના પાંચમા ભાગ જેટલાં છે. એ ઢોર આપણને દૂધ આપે છે, આપણી જમીન ખેડે છે, આપણો ભાર ખેંચે છે, અને બીજી કેટલીય રીતે આપણને ઉપયોગમાં આવે છે.

આપણા દેશના પેટાળમાં કેટલી બધી કીમતી ધાતુઓ ભરેલી છે! કેટલીક ધાતુઓ તો આપણા દેશમાં જ વધારે મળે છે. એ ધાતુઓના ઉપયોગથી આપણે ઘણાં કામ કરી શકીએ છીએ.

આપણા દેશમાં આવી કીમતી સાધનસામગ્રી ભરેલી છે. આપણે આળસ કર્યા વિના, પ્રામાણિક મહેનતથી, કુશળતાપૂર્વક તેનો ઉપયોગ કરીએ, તો આપણે સૌ સુખેથી રહી શકીએ; તથા બીજા દેશોની પણ સેવા કરી શકીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

¶ આપણા દેશનું 'ભારત' નામ દુષ્યંત-શકુંતલાના પુત્ર ભરત ઉપરથી અથવા તો ભારત જાતના લોકો ઉપરથી પડ્યું કહેવાય છે.

¶ દુનિયામાં ઢોરની સંખ્યા ૬૫ કરોડ જેટલી ગણાય છે, તેમાંથી ૧૪ કરોડ જેટલાં ઢોર હિંદમાં છે. પરંતુ દૂધની પેદાશ તો દુનિયાના દૂધની કુલ પેદાશના પાંચ ટકા જેટલી જ છે! આપણે આપણાં ઢોરની વધુ માવજત કરવી જોઈએ.

¶ આપણા દેશની ખનિજસંપત્તિ વિષે વધુ વિગતો આપવી. લોખંડ અને કોલસો આપણા દેશમાં ખૂબ છે; અને તે એના ઉપયોગ કેટલા બધા છે, તે સમજાવવું. કોલસો આપણી જમીનમાં ૨૦ અબજ ટન જેટલો છે. લોખંડ આપણી ભૂમિમાં ૬ અબજ ટન જેટલું ગણાય છે. જમશેદપુરનું લોખંડનું કારખાનું, બિહાર બંગાળની કોલસાની ખાણો, મૈસૂરની સોનાની ખાણો, વગેરેનો ઉલ્લેખ કરવો. અબરખ અને મેંગેનિઝ એ બે ધાતુઓ મુખ્યત્વે આપણા દેશમાં જ મળે છે. મેંગેનિઝ તો આપણા દેશમાં દુનિયાના બીજા કોઈ પણ દેશ કરતાં વધુ છે. અબરખ, કે જે વીજળીનાં સાધનોમાં બહુ જરૂરી છે, તેનો પણ આપણા દેશમાં ઘણો મોટો જથો છે. દર વર્ષે દુનિયાના ઉત્પાદનનો ૪/૫ ભાગ આપણો દેશ જ પૂરો પાડે છે.

¶ હુન્નરકળા અને બુદ્ધિ વગર મનુષ્યસમાજ તેનો સુધારો આગળ લઈ ન શકે; સાધનસામગ્રીનો ઉપયોગ કરી ન શકે. કાંતણ અને વણાટકળા આપણા દેશમાં પ્રાચીન કાળમાં જગતભરમાં મશહૂર હતી. અંગ્રેજકાળમાં એ દબાઈ ગઈ. છતાં બુદ્ધિમાં આપણા લોક કદી નબળા ન પડ્યા. મોટા વિજ્ઞાનીઓ, ઇજનેરો, કવિઓ, લેખકો, વગેરે આપણે ત્યાં પાક્યા છે.

¶ કુદરતની સાધનસંપત્તિ ગમે તેટલી હોય, પણ જો સુખી અને ઉપયોગી જીવન ગાળતાં શીખવનારા સત્પુરુષો દેશમાં ન હોય, તો પેલી સાધનસંપત્તિ કદાચ વિનાશનું જ કારણ થઈ પડે. તેથી જ દેશનું સાચું ધન તેના સત્પુરુષો છે. ભારતદેશ એ બાબતમાં પણ ગરીબ નથી. જેમ કે, શ્રીકૃષ્ણ, બુદ્ધ, શંકરાચાર્ય, ગાંધીજી ઇ૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૦ મો

રાષ્ટ્રગીત

[ધ્વજવંદન કરીને ઘેર આવતાં]

કનુ — મોટાભાઈ, ધ્વજવંદન વખતે સૌ ભેગા મળી વંદે માતરમ્ ગાતા હતા, એ કેવું સારું લાગતું હતું! ઘણા જણ ભેગા મળીને



રાષ્ટ્રગીત ગાય છે, ત્યારે બહુ મજા આવે છે. અને વાજાંવાળી ટુકડીએ જનગણમનના સૂર વગાડ્યા, ત્યારે તો એ સાંભળી મારું હૃદય ઊછળવા લાગ્યું.

મોટાભાઈ — સાચી વાત છે. પોતાની જન્મભૂમિને વંદન કરતાં કોનું હૃદય ઊછળી ન આવે?

કનુ — પણ મોટાભાઈ, મને તે ગીતોના અર્થ નથી સમજાતા. એ ગીતોની ભાષા ગુજરાતી નથી લાગતી.

મોટાભાઈ— ખરી વાત. વંદે માતરમ્ ગીત બંગાળી ભાષાના જાણીતા લેખક શ્રી. બંકિમચંદ્રે લખ્યું છે. આખું ગીત તો બંગાળી ભાષામાં છે, પરંતુ રાષ્ટ્રગીત તરીકે તેમાંથી શરૂઆતનો ભાગ જ લીધો છે. એ ભાગની ભાષા સંસ્કૃત છે. બીજું ગીત પણ બંગાળી ભાષામાં છે. એ ગીત આપણા દેશના કવિવર શ્રી. રવીન્દ્રનાથ ટાગોરે લખ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કનુ — મોટાભાઈ, મને એ ગીતનો અર્થ કહી સંભળાવોને !

મોટાભાઈ— પહેલાં તને વંદે માતરમ્‌નો અર્થ કહી સંભળાવું.

" वंदे मातरम् — હું (ભારત) માતાને વંદું છું.

" મારી ભારતમાતા सुजला – સુંદર જળવાળી છે; सुफला – સુંદર ફળવાળી છે; मलयज – ચંદન જેવી शीतला – શીતલ છે; અને शस्य – ધાન્ય વડે श्यामला – શ્યામ છે. शुभ्रज्योत्स्ना – સફેદ ચાંદની વડે पुलकित – ખીલી ઊઠેલી यामिनी – રાત્રીઓવાળી છે; फुल्लकुसुमित – ખીલેલાં ફૂલવાળાં द्रुम-दल – વૃક્ષોનાં વૃંદથી शोभिनी – શોભીતી છે; सुहासिनी – સુંદર હાસ્યવાળી છે, અને सुमधुरभाषिणी – સુમધુર વાણીવાળી છે.

" सुखदा – સુખ આપનારી, वरदा – ઇચ્છેલું આપનારી मातरम् – માતાને હું વંદું છું."

કનુ — ખરેખર મોટાભાઈ, આપણી ભારતમાતા એવી સુંદર છે. હવે બીજા રાષ્ટ્રગીતનો અર્થ કહો.

મોટાભાઈ— જો સાંભળ –

" જનસમુદાયના હૃદયના સ્વામી, તથા ભારત દેશના હે ભાગ્ય-વિધાતા, તમારો જય !

" પંજાબ, સિંધુ, ગુજરાત, મહારાષ્ટ્ર, દ્રાવિડ, ઉત્કલ અને બંગાળા તેમ જ વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા અને સમુદ્રના ઊછળતા તરંગો – એ સૌને તમારું શુભ નામ જાગ્રત કરે છે; અને તમારી શુભ આશિષ માગીને તેઓ તમારું જયગાન ગાય છે.

" લોકોના સમૂહનું મંગળ કરનારા, હે ભારત દેશના ભાગ્ય-વિધાતા, તમારો જય !"

કનુ — મોટાભાઈ, આ ગીતમાં ખરી ખૂબી કરી છે. ભગવાનનો જય બોલાવવામાં આપણા દેશના ભાગોનાં નામ પણ ગણાવી દીધાં છે. એ રીતે એક પિતાનાં સંતાન જેવાં આપણે સૌ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈબહેન છીએ એમ સમજાવ્યું છે. वंदे मातरम् ગીતમાં આપણી ભારતમાતાને યાદ કરી છે, અને जनगणमनમાં આપણા સરજનહારને યાદ કર્યા છે. જય ભારતભૂમિનો! જય આપણા સૌના સરજનહારનો!

મોટાભાઈ—[હસીને] ઠીક કહ્યું ભાઈ, આપણાં રાષ્ટ્રગીત એ રીતે જોતાં ખરેખર સારાં છે.

¶ દરેક સ્વતંત્ર દેશને પોતાનું રાષ્ટ્રગીત હોય છે. તે ગીતમાં તે દેશની પ્રજાના અંતરમાં ઊછળતા ભાવો વ્યક્ત થયા હોય છે.

¶ वंदे मातरम् ગીતના કર્તા બંકિમબાબુ (૧૮૩૮–૧૮૯૪) બંગાળી ભાષાના પ્રથમ નવલકથાકાર ગણાય છે. તેમની 'આનંદમઠ' નામની સુપ્રસિદ્ધ નવલકથામાં આ ગીત આવે છે. તે ગીત બીજી ચોપડીના પાછળના પૂંઠા ઉપર તમે જોયું હશે.

¶ કવિવર રવીન્દ્રનાથ ટાગોર વિષે છઠ્ઠી ચોપડીમાં પાઠ છે. 'જનગણમન' એ ગીત ત્રીજી ચોપડીના પાછલા પૂંઠા પર તમે જોયું હશે.

¶ ભારતભૂમિને શસ્ય-શ્યામલા કહી છે. અર્થાત્ અહીં ધાન્ય એટલું બધું થાય છે કે, ધરતીનાં ખેતરો તેના પાકથી છવાઈ જઈને કાળાં દેખાય છે.

¶ બાળકોને વંદેમાતરમ્ સાથે એકસૂરમાં ગાતાં શીખવો. તેનો ઉચ્ચાર શુદ્ધ થાય; નહિ તો એ ગીતનું અપમાન થયું ગણાય. 'જ્યોત્સ્ના' શબ્દ કેટલાક ભૂલમાં 'જ્યોત્સના' પેઠે બોલે છે, તે ભૂલ ન થાય એ ધ્યાન આપો. રાષ્ટ્રગીત ગવાય ત્યારે શાંત બરોબર ઊભા રહેવું જોઈએ.

વૃંદ = જૂથ; સમૂહ
ભાગ્યવિધાતા = ભાગ્યના ઘડનાર – પરમાત્મા
દ્રાવિડ = દ્રાવિડી ભાષા બોલનાર દક્ષિણના પ્રદેશ
ઉત્કલ = ઓરિસા
વિંધ્ય = વિંધ્યાચલ પર્વતની બાજુનો પ્રદેશ
નાયક = નેતા; દોરનાર
શુભ = મંગળ; કલ્યાણકારી
સરજનહાર = સર્જન કરનાર, ઉત્પન્ન કરનાર – પરમાત્મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૧ મો

રાષ્ટ્રપિતા

૧

રેંટિયાબારશનો તહેવાર આવી પહોંચ્યો. શાળાનાં નાનાં મોટાં સૌ આગલે દિવસે તેની તૈયારીમાં લાગી ગયાં હતાં. એક જગ્યાએ શિક્ષક તથા કેટલાક વિદ્યાર્થીઓ કૂંડાળું વળીને બેઠા હતા. તેઓ તોરણ બનાવતા હતા.

કનુ — ગુરુજી, ગાંધીજીને 'બાપુજી' કહે છે, 'મહાત્માજી' કહે છે, અને હવે લોકો તેમને 'રાષ્ટ્રપિતા' કહે છે તે શા માટે?



ગુરુજી — ગાંધીજીની દોરવણી હેઠળ આપણે આઝાદી માટે લડ્યા, અને છેવટે આપણો દેશ આઝાદ થયો, તેથી ગાંધીજી 'રાષ્ટ્રપિતા' કહેવાય છે.

કનુ — ગુરુજી, આજે એ વાત કહો.

ગુરુજી — ઘણું સારું, સાંભળો. ગાંધીજી બારિસ્ટર થઈને દક્ષિણ આફ્રિકામાં વકીલાત કરતા હતા. હિંદુસ્તાનમાંથી ઘણા લોકો ત્યાં જઈને વસ્યા હતા, અને મજૂરી તેમ જ વેપાર-ધંધો કરતા હતા. પરંતુ ત્યાંના ગોરાઓએ તેમને હાંકી કાઢવા કાયદાઓ કર્યા તથા તેમની સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુચ્છકારથી [illegible] ગાંધીજીથી આ [illegible] અપમાન સહન થઈ શક્યાં નહિ. પરંતુ હથિયારબંધ ગોરાઓની સામે શું થઈ શકે? ગાંધીજીએ કહ્યું, ભલે તેમની પાસે હથિયાર રહ્યાં; આપણી પાસે તેનાથી જબરું હથિયાર સત્યબળ છે: ગમે તે થાય તોય આપણે તેમના અન્યાયને તાબે ન થવું.

ગોરાઓ ગાંધીજી ઉપર ચિડાયા. તેમણે ગાંધીજી ઉપર હુમલા કર્યા. તેમને જેલમાં નાખ્યા. બીજા પણ કેટલાય હિંદીઓને પકડવામાં આવ્યા. પરંતુ હિંદીઓએ ગાંધીજીના કહ્યા પ્રમાણે જુલમ સહન કર્યા, પણ અન્યાયને તાબે થવા ના પાડી.

છેવટે ગોરાઓ સમજ્યા, અને એ લોકોએ સમાધાન કર્યું. હથિયાર વિના સત્યને ખાતર લડવાની ગાંધીજીની આ રીતને 'સત્યાગ્રહ' કહે છે. પોતે અન્યાય કરવો નહિ, ને ગમે તે દુઃખ સહન કરવું પડે તોપણ સામાના અન્યાયને તાબે થવું નહિ.

૨

ગાંધીજી ત્યાર બાદ ૧૯૧૪માં હિંદ પાછા ફર્યા. દેશમાં પણ તેમણે જોયું કે, દેશના લોકો અંગ્રેજોના જુદા જુદા જુલમો હેઠળ કચરાય છે.

ઈ. સ. ૧૮૮૫થી દેશના આગેવાનોએ રાષ્ટ્રીય મહાસભા કે કૉંગ્રેસ સ્થાપી હતી. તેઓ દર વર્ષે ભેગા થઈ ઠરાવો પસાર કરતા અને સરકાર સમક્ષ તે રજૂ કરતા. પરંતુ તેથી ખાસ કશું પરિણામ આવતું નહિ.

ગાંધીજી દેશમાં આવીને કૉંગ્રેસના કામમાં જોડાયા. પછી તે દેશમાં ઠેર ઠેર ફર્યા અને તેમણે લોકો ઉપર થતા જુલમો નજરે જોયા. જેમ કે, બિહારમાં ગળીનાં કારખાનાંવાળા ગોરાઓ હિંદી મજૂરો ઉપર જુલમો કરતા. ગાંધીજી ત્યાં પહોંચ્યા. અમદાવાદના મજૂરોને ટૂંકા પગાર મળતા; બૂમો પાડવા છતાં તેમનું કાંઈ વળતું ન હતું. ગાંધીજી ત્યાં પણ પહોંચ્યા. ખેડા જિલ્લામાં પાક નિષ્ફળ ગયો હતો; છતાં સરકાર પૂરું મહેસૂલ ઉઘરાવવા માગતી હતી. ગાંધીજી ત્યાં પણ પહોંચ્યા. મુસલમાનોને અંગ્રેજ સરકારે અન્યાય કર્યો હતો. ગાંધીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસલમાનોને પણ મળ્યા. યુરોપમાં જર્મનો અને અંગ્રેજો વચ્ચે લડાઈ ચાલતી હતી. અંગ્રેજો ઉપર આવેલા સંકટ વખતે તેમને મદદ કરવી જોઈએ, એમ માનીને ગાંધીજી ભરતીના કામમાં પણ જોડાયા. તેના થાકમાં તેમનું શરીર ઘણું ઘસાયું અને મરડો થવાથી તે લગભગ મરણપથારીએ પડ્યા.

તે અરસામાં યુરોપની લડાઈ પૂરી થઈ. જર્મનો હારી ગયા. પોતાની જીતથી અંગ્રેજો જોરમાં આવ્યા, અને તેમણે હિંદુસ્તાન સાથે કડક હાથે કામ લેવાનો વિચાર કર્યો. તે માટે તેઓએ એક 'કાળો કાયદો' તૈયાર કર્યો. ગાંધીજીને એ જાણી બહુ દુઃખ થયું. લડાઈ વખતે હિંદે કરેલી મદદની કદર કરવી જોઈએ, તેને બદલે દેશને કચરી નાખવા આવો કાયદો કરવાનો? ગાંધીજીએ પથારીમાં પડ્યા પડ્યા તે કાયદા સામે સત્યાગ્રહ કરવાનો નિશ્ચય કર્યો. અને એ રીતે તેમણે દેશની આઝાદીની લડત શરૂ કરી.

૩

૧૯૧૯ની છઠ્ઠી એપ્રિલે આખા દેશને ઉપવાસ કરવાની અને હડતાલ પાડવાની સૂચના આપવામાં આવી. દેશના લોકોએ એ સૂચના ઝીલી લીધી અને ઠેર ઠેર સખત હડતાળ પાડી. લોકો ગાંધીજીની દોરવણીથી ઉત્સાહમાં આવી ગયા. અંગ્રેજો એ જોઈ ચોંક્યા. તેમણે ઠેર ઠેર જુલમ શરૂ કર્યાં. પંજાબમાં તો સ્ત્રીઓ, બાળકો સુધ્ધાં નાનાં મોટાં સૌ ઉપર તેમણે ભારે જુલમ કર્યાં.

ગાંધીજીએ આવી 'સેતાની' સરકાર સામે 'અસહકાર' પોકાર્યો. અસહકાર એટલે જુલમીને તેનાં ખોટાં કામમાં સહકાર અથવા મદદ ન આપવી તે: તેની નિશાળોમાં ભણવા ન જવું, તેની અદાલતમાં ફરિયાદ કરવા ન જવું, તેની નોકરી ન કરવી, અને સ્વદેશીને ઉત્તેજન આપવું.

ત્યાર પછી તો ગાંધીજીની ધરપકડો શરૂ થઈ. ગાંધીજી જેલમાંથી છૂટે એટલે પાછા લડત ચલાવે. ૧૯૩૦માં તેમણે 'આખરી ફેંસલા'ની લડત ઉપાડી. આખી પ્રજાને અકારો એવો મીઠાનો કાયદો તેમણે સવિનય ભંગ માટે પસંદ કર્યો. તેનો ભંગ કરવા ગાંધીજીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાબરમતી [illegible] માં તેમણે 'હિંદ છોડો' ની જાણીતી લડત ચલાવી.



સાથે સાથે દેશના લોકોની ઊણપો દૂર કરવા પણ ગાંધીજી પ્રયત્ન કરતા હતા. હરિજન-પ્રવૃત્તિ, ખાદી-પ્રવૃત્તિ, પાયાની કેળવણી વગેરે વડે તેમણે લોકોનાં વહેમ, અજ્ઞાન અને આળસ દૂર કર્યાં, અને તેમનામાં આઝાદી માટે જુસ્સો પેદા કર્યો.

છેવટે ૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટને દિવસે હિંદ દેશનો કારભાર હિંદના લોકોને સોંપવામાં આવ્યો, અને પછી ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ દેશ પૂરેપૂરો આઝાદ થયો.

કનુ — ખરેખર, ગાંધીજી આપણા 'રાષ્ટ્રપિતા' જ કહેવાય.

¶ રેંટિયાબારશ એટલે ભાદરવા વદ બારશ: ગાંધીજીની જન્મતિથિ. અંગ્રેજી તારીખ પ્રમાણે ૨ જી ઑક્ટોબર. પોતાની જન્મતિથિ તરીકે એ દિવસ ઊજવાય તે ગાંધીજીને પસંદ ન હોવાથી, રેંટિયાની તિથિ તરીકે તેને ઊજવવાનું ગાંધીજીએ જ સૂચવ્યું હતું.

¶ કાળો કાયદો — એટલે રૉલેટના પ્રમુખપદે નિમાયેલી કમિટીએ તૈયાર કરેલો રૉલેટ-ઍક્ટ.

¶ પંજાબની જલિયાંવાલા બાગની કતલની વાત કહેવી. ત્યારથી માંડીને, એપ્રિલ ૬ થી એપ્રિલ ૧૩ સુધીનું સપ્તાહ 'રાષ્ટ્રીય સપ્તાહ' તરીકે ઊજવાય છે.

¶ આ પાઠમાં આવતી બીનાઓને લગતી વિશેષ માહિતી ગાંધીજીની 'આત્મકથા'માંથી મળી રહેશે.

ધરપકડ=પકડીને કેદમાં પૂરવું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૨ મો

સુભાષિતો—૨

चंदा वेरी वादळां, जळ वेरी सेवाळ;
पुरुष वेरी ऊंघ ने मछली वेरी जाळ. १

गयुं धन ते सांपडे, गयां वळे छे वहाण;
गयो अवसर आवे नहि, ने गया न आवे प्राण. २

दळ फरे, वादळ फरे, फरे नदीनां पूर;
शूरा बोल्या ना फरे, भले पश्चिम ऊगे सूर. ३

चीले चीले गाडी चले, चीले चले कपूत;
चीले चीले नव चले, घोडा, सिंह, सपूत. ४

विपत पड्ये ना वलखीए, वलख्ये विपत न जाय;
विपते उद्यम कीजिये, उद्यम विपतने खाय. ५

होय काम मुश्केल पण, उद्यमथी झट थाय;
खंत जो दिलमां होय तो, कदी न फोगट जाय. ६

मोटा जनना संगमां, पद पण मोटुं पमाय;
पवननी संगे धूळ पण, ऊडी आकाशे जाय. ७

बोलो बोल विचारीने, पस्तावो नव थाय;
बोलेलुं खेंचाय ना, करतां कोटि उपाय. ८

पोपट कोयल बोल, थोडो पण लागे भलो;
वृथा गुमावे तोल, बहु बोलीने मेंडका. ९

मोती भांग्युं वींधतां, मन भांग्युं कुवेण;
घोडो भांग्यो खेडतां, नहि सांधो नहि रेण. १०

खरा मित्रनुं पारखुं, अवसर वखते थाय;
क्षीरने काजे नीर ज्यम, अग्निए बळी जाय. ११

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परस्परे वांस घणा घसाय,
अग्नि झरे ने वन नाश थाय;
कुटुंबमां तेम कुसंप जामे,
परस्परे ते लडी नाश पामे. १२

વેરી = ઝાંખપ લાવનાર; બગાડનાર
ગયું = ખોવાયેલું; ગુમાવેલું
વળે છે = પાછાં ફરે છે; પાછાં મળે છે
પશ્ચિમ ઊગે = પશ્ચિમમાં (સૂરજ) ઊગવા જેવી અસંભવિત વાત બને તોપણ
સૂર = સૂર્ય
ચીલે ચાલવું = જૂને રસ્તે ચાલ્યા કરવું (નવો રસ્તો ન શોધવો)
કપૂત = (અહીં) નમાલો પુત્ર
વલખવું = ફાંફાં મારવાં; ગભરાઈ જવું
તોલ ગુમાવવો = વક્કર, આબરૂ ગુમાવવાં
ખેડતાં = પલોટતાં; કેળવતાં

પાઠ ૪૩ મો

લાલા લજપતરાય

લાલા લજપતરાયનું નામ લેતાં જ કયા હિંદીનું લોહી ઊછળવા નહિ લાગે? સિંહની ગર્જના જેવો એમનો અવાજ આપણે હવે સાંભળતા નથી, પણ એમનું સ્મરણ કરતાં આપણામાં નવું જોમ રેડાય છે. આપણને થઈ જાય છે કે, જીવવું તો લાલાજીની જેમ આઝાદીને ખાતર જ જીવવું.

લાલા લજપતરાયને નાનપણથી જ દેશસેવાનો રંગ લાગ્યો હતો. તેમના જમાનામાં મહર્ષિ દયાનંદ સરસ્વતીએ હિંદુઓમાં ઘર કરી બેઠેલાં વહેમ, અજ્ઞાન, કાયરતા વગેરે ઉપર ભારે સપાટા લગાવ્યા હતા, અને સમાજમાં સુધારો કરવા માટે ખૂબ જુસ્સો પેદા કર્યો હતો. દેશમાં ઘર કરી બેઠેલા છૂતઅછૂતના અને નાતજાતના વહેમો ઉપર સપાટા મારવામાં આવતા હતા. પ્રાચીન ઋષિમુનિઓના યુગનાં વર્ણનો કરવામાં આવતાં હતાં. ગુરુકુળો જેવી શિક્ષણની સંસ્થાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાપવામાં આવતી હતી. રાષ્ટ્રભાષા શીખવા ઉપર જોર મૂકવામાં આવતું હતું. કયો દેશપ્રેમી યુવક આવા પ્રવાહમાં જોડાયા વિના રહી શકે? લાલાજી એમાં જોડાઈ ચુસ્ત આર્યસમાજી બન્યા.



તેમની કામ કરવાની ધગશ ન્યારી જ હતી. તે જોતજોતામાં 'સમાજ'ના એક નેતા બન્યા. તેમનાં જોશભર્યાં ભાષણો સાંભળી ઘણાનાં જીવન પલટાયાં. તેઓ જ્યારે સેવાનાં કામો માટે નાણાંની માગણી કરતા, ત્યારે સભાઓમાં પૈસાનો વરસાદ થતો.

લાલાજીની શક્તિ જોઈ કેટલાક મિત્રોએ તેમને સરકારી નોકરીમાં ખેંચવાનો પ્રયત્ન કરી જોયો. પણ આઝાદ સિંહ નોકરીના પીંજરામાં પુરાવા કદી તૈયાર થાય? પોતે વકીલાતનો અભ્યાસ કર્યો હતો, એટલે એક સ્વતંત્ર ધંધા તરીકે તેમણે વકીલાત કરવાનું પસંદ કર્યું.

લાલાજીનો વકીલાતનો ધંધો સાફ અને ઊંચા પ્રકારનો હતો. વકીલાતની કમાણી તેમણે મોજશોખ કરવામાં વાપરી નહિ, પણ તેમાંથી હજારો રૂપિયાનું દાન કરી સેવાનાં કામો કર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિજનોની સેવાનો લાલાજીને ખૂબ જ ઉત્સાહ હતો. તેઓ માત્ર ભાષણથી જ નહિ, પણ પોતાના વર્તનથી પણ લોકોને દાખલો બેસાડતા. તેઓ છડેચોક હરિજનોનાં ઘરનું પાણી પીતા અને તેમના ઘરની રોટી ખાતા.

દેશમાં દુકાળ પડે, ધરતીકંપ થાય, કે મરકી ફાટી નીકળે, ત્યારે એવી કુદરતી આફતો વખતે લાલાજી માથું મૂકીને સેવા કરવા નીકળી પડતા, અને તેમનો દાખલો લઈ સેંકડો લોકો તે કામોને માટે તૈયાર થઈ જતા.

અંગ્રેજીમાં જ બોલવામાં માન છે એવી સમજવાળા તે જમાનામાં લાલાજીએ મહાસભામાં હિન્દુસ્તાનીમાં બોલવાની પહેલવહેલી હિંમત કરી.

લાલાજીને વધારેમાં વધારે કંઈ ખટકતું હોય તો તે ભારતવર્ષની ગુલામીની બેડીઓ હતી. તે ભણતા ત્યારથી સ્વરાજ્યની ઝંખના કરતાં શીખ્યા હતા. પછી તો તેમણે સ્વરાજ્યની લડતમાં પુરહિંમતથી ઝંપલાવ્યું. સ્વરાજ્યની દરેકેદરેક હિલચાલમાં તે સદા આગળ રહેતા અને પ્રજાને પ્રેરણા આપતા.

હિંદી રાષ્ટ્રીય મહાસભાની શરૂઆતથી તેઓ તેની બેઠકોમાં ભાગ લેવા લાગ્યા હતા. સ્વદેશીની હિલચાલ ઊપડી તો લાલાજી તેમાં મોખરે; રાષ્ટ્રીય શિક્ષણની હિલચાલ નીકળી તો તેમાં પણ લાલાજી મોખરે; અને છેલ્લે મહાત્મા ગાંધીનો સત્યાગ્રહ આવ્યો, તો તેમાં પણ લાલાજી એક મહાન નેતા થયા હતા.

સ્વરાજ્ય માટે લડતાં તેમણે કેટલું બધું સહન કર્યું ! એક વખત અંગ્રેજ સરકારે એમને દેશનિકાલ કરી દૂર બ્રહ્મદેશમાં માંડલેના કિલ્લામાં પૂર્યા હતા.

ઈ. સ. ૧૯૧૪માં લાલા લજપતરાય અમેરિકાના પ્રવાસે ગયા. તે જ વર્ષમાં યુરોપમાં લડાઈ સળગી. એવા કટોકટીના વખતે માતૃભૂમિથી દૂર રહેવું એમના જેવાને કેમ ગમે? પરંતુ અંગ્રેજ સરકારે તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વદેશમાં દાખલ થવાનો પરવાનો ન આપ્યો. આથી, પાંચ વર્ષ સુધી તેમને માતૃભૂમિનો વિયોગ સહન કરવો પડ્યો. હજારો માઈલ દૂર આવેલા અને ઘણા જ ખર્ચાળ એવા એ દેશમાં લાલાજી ઘણી જ ભીડમાં દિવસ ગુજારતા હતા. તેઓ છાપાંમાં લેખો લખી તેમાંથી પૈસા મળે તે ઉપર નિર્વાહ ચલાવતા. રાંધવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં, વગેરે કામો તે જાતે કરી લેતા. એમની મુસીબતની જાણ થતાં લોકમાન્ય તિલક મહારાજે તેમને વગર માગ્યે પાંચ હજાર ડૉલર મોકલ્યા હતા. પણ લાલાજીએ તે રકમ ખાનગી ઉપયોગમાં ન લેતાં જાહેર કામમાં જ વાપરી.

છેવટે દેશમાં આવવાની પરવાનગી મળી, ત્યારે અહીં તો મહાત્મા ગાંધીજી અસહકારનું યુદ્ધ માંડવાની તૈયારી કરી રહ્યા હતા. સને ૧૯૨૦માં કલકત્તામાં રાષ્ટ્રીય મહાસભા મળી. તેના પ્રમુખ તરીકે પંજાબકેસરી લાલા લજપતરાય જ ચૂંટાયા.

પછી અસહકારની લડત ચાલી. લાલાજીને તે લડતમાં જેલ મળી. પણ તે કંઈ ડગે? સિંહ તે સિંહ જ રહ્યા.

એક પ્રસંગે, ઈ. સ. ૧૯૨૮માં, અંગ્રેજ સરકાર સામે વિરોધ બતાવવા આખા દેશમાં સરઘસો કાઢવાનો ઠરાવ થયો. તેવું સરઘસ લાહોરમાં લાલાજીની આગેવાની નીચે નીકળ્યું. સરઘસને ખાળવા માટે સરકારે તેના રસ્તામાં તારની આડી વાડ નાખી. લાલાજીએ ગર્જના કરી: અમારું સરઘસ પાછું નહિ જ હઠે.

માથા ફરેલા સરકારી અધિકારીઓએ આગળ વધતા સરઘસ પર લાઠી ચલાવી. લાલાજી તેને મોખરે હતા. તેમની છાતી પર લાઠીના જીવલેણ ફટકા મારવામાં આવ્યા. ત્યારથી લાલાજીને છાતીમાં શૂળનું દર્દ ચાલુ થયું અને થોડા જ મહિનામાં એ દર્દે તેમનો પ્રાણ લીધો.

ખરેખર, પંજાબકેસરી લાલા લજપતરાય સ્વરાજ્ય માટે ઝૂઝતા ઝૂઝતા જીવ્યા અને સ્વરાજ્ય માટે ઝૂઝતા ઝૂઝતા જ મૂઆ. નહિ, નહિ, તે મૂઆ નથી. દરેક હિંદીના હૃદયમાં તે સદાને માટે વિરાજે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

■ લાલાજીનો જન્મ સન ૧૮૬૫માં, મૃત્યુ સન ૧૯૨૮માં.

■ 'નરવીર લાલાજી' નામની ચોપડીમાંથી લાલાજી વિષે વિદ્યાર્થીઓને વધારે માહિતી આપો.

■ આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ મૂળે સૌરાષ્ટ્રના વતની હતા. તેમણે હિંદુસ્તાનમાં જાગૃતિ આણવા આર્યસમાજ સ્થાપ્યો. આર્યસમાજનો મૂળ ગ્રંથ 'સત્યાર્થપ્રકાશ' છે.

■ લાલાજી પંજાબના સિંહ શાથી કહેવાતા તે હવે સમજાયું?

■ પહેલું વિશ્વયુદ્ધ, અસહકાર, ૧૯૨૮નો સાઇમન કમિશનનો પ્રસંગ, ઇ૦ વિગતો પાઠમાં આવે છે, તેની માહિતી બાળકોને પ્રસંગોપાત્ત કહેવી.

છૂતઅછૂત = આભડછેટ; સ્પર્શાસ્પર્શ

ગુરુકુળ = ગુરુને રહેવાનું ઠેકાણું, જ્યાં વિદ્યાર્થીઓને રાખીને તે શિક્ષણ આપે છે (૨) તે પદ્ધતિને અનુસરતી શિક્ષણસંસ્થા

રાષ્ટ્રભાષા = આખા રાષ્ટ્રમાં – દેશમાં ચાલતી સામાન્ય ભાષા

છડેચોક = ખુલ્લી રીતે; જાહેરમાં

ઝંખના = આતુરતાપૂર્વક રટણ; વારંવાર સ્મરણ

ઝંપલાવવું = યાહોમ કરીને કૂદી પડવું– સાહસ કરવું

રાષ્ટ્રીય શિક્ષણ = પરદેશી સરકારથી સ્વતંત્રપણે યોજેલું કે રાષ્ટ્રના કલ્યાણની દૃષ્ટિથી અપાતું શિક્ષણ

દેશનિકાલ = દેશમાંથી કાઢી મૂકવું તે

માતૃભૂમિ = જન્મભૂમિ

ડૉલર = અમેરિકાનો સોનાનો તથા ચાંદીનો સિક્કો (હાલ પાંચ રૂપિયા જેટલી કિંમતનો)

શૂળ = બાણ ભોંકાયા જેવી તીવ્ર વેદના

ઝૂઝવું = મચ્યા રહેવું; જોરથી લડવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૪ મો

આકાશદર્શન—૧

[રાતે અગાશીમાં મોટાભાઈ અને કુમુદ બેઠાં છે.]

કુમુદ—મોટાભાઈ, આ બધા તારાઓ પણ નાના નાના ચંદ્ર છે ને?

મોટાભાઈ—ના બહેન, તે બધા નાના પણ નથી, તેમ જ ચંદ્ર પણ નથી. તે તો મોટા મોટા સૂર્ય છે.

કુમુદ—મોટા મોટા સૂર્ય?

મોટાભાઈ—અરે, એવડા મોટા કે કોઈ કોઈમાં તો આપણા સૂર્ય જેવા ૭ કરોડ સૂર્ય સમાઈ જાય. 'ઠિંગુજી' ગણાતા તારા પણ આપણી પૃથ્વીથી નાના નથી. પરંતુ તે બધા આપણાથી ઘણા દૂર છે, તેથી નાના અને રૂપેરી દેખાય છે.

કુમુદ—બધા જ તારાઓ સૂર્ય છે, મોટાભાઈ?

મોટાભાઈ—ના બહેન. કેટલાક તારાઓ જુદી જાતના છે. સૂર્યની પેઠે તેમને પોતાનું તેજ હોતું નથી. જેમ કે, આપણી પૃથ્વીને પોતાનું તેજ નથી. પણ તેના ઉપર સૂર્યનું તેજ પડે છે; એટલે ચંદ્ર ઉપરથી કોઈ જોતું હોય તો તેને આપણી પૃથ્વી પણ મોટા ચંદ્ર જેવી ચળકતી દેખાય. આપણી પૃથ્વી ઉપરાંત મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ વગેરે બીજી આઠ મોટી પૃથ્વીઓ સૂર્યની આસપાસ ફરે છે. તેમને પણ પોતાનું તેજ નથી. છતાં સૂર્યના



ગ્રહો—કદના પ્રમાણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજથી તે આપણને ચળકતી દેખાય છે. પણ તે બહુ દૂર છે, તેથી તારા જેવી દેખાય છે. આવા તારાને ગ્રહ કહેવાય.

કુસુદ—મોટાભાઈ, ખરતા તારાઓ તો ખરેખર તારાઓ જ છે ને?

મોટાભાઈ—ના બહેન, તે પણ સૂર્યની આસપાસ ફરનારા નાના મોટા ટુકડાઓ છે. તેમાંના કેટલાક તો વટાણા જેટલા હોય છે. પણ પૃથ્વી પાસે આવે ત્યારે તેઓ જોરથી પૃથ્વી તરફ ખેંચાય છે. તે વખતે, પૃથ્વીની હવામાં થઈને જમીન તરફ આવતાં તપી જવાથી તેઓ સળગી ઊઠે છે.



ધૂમકેતુ

કુસુદ—અને પૂંછડિયા તારા? એ તો તારા જ છે ને?

મોટાભાઈ—ના બહેન, તે પણ ખરેખરા તારાઓ નથી. તેઓ આપણા સૂર્યની આસપાસ ફરે છે, તથા તેમનું ઘણુંખરું તેજ સૂર્યનું છે. તેમની ધુમાડા જેવી પૂંછડીને કારણે તેમને ધૂમકેતુ કહે છે. તેવા સેંકડો ધૂમકેતુ છે. તેમને હંમેશ પૂંછડી નથી હોતી. જ્યારે તેઓ ફરતા ફરતા સૂર્યની નજીક આવે છે, ત્યારે તેમને એક અથવા વધારે પૂંછડીઓ થાય છે. ધૂમકેતુ સૂર્યની પાસે આવે છે ત્યારે તેમાંથી વાયુ જેવાં રજકણો ઊડે છે, અને સૂર્યનાં કિરણોને લીધે તે પાછાં ઠેલાય છે. તે રજકણોની પૂંછડી બને છે. ચાલીસેક વરસ પહેલાં આપણી પૃથ્વી એક ધૂમકેતુની પૂંછડીમાંથી પસાર થઈ હતી; પણ આપણને ખબર પણ પડી ન હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

¶ કેટલાક ગ્રહોની આસપાસ પણ નાના ગ્રહ ફરે છે. તે ઉપગ્રહ કહેવાય છે. જેમ કે, ચંદ્ર એ પૃથ્વીનો ઉપગ્રહ છે. ગુરુને તેવા ૧૧ ચંદ્રો — ઉપગ્રહો છે.

¶ પદાર્થોના ઘર્ષણથી ગરમી ઉત્પન્ન થાય છે, એ વસ્તુ બે હાથ જોરથી ઘસી બતાવીને સમજાવવી. વનની અંદર પણ ઝાડો પવનના તોફાન વખતે એકબીજા સાથે ઘસાઈને સળગી ઊઠે છે, અને દાવાનળ શરૂ થાય છે. ખરતા તારા પણ એ રીતે હવામાં થઈને આવતાં સળગી જાય છે.

¶ ગ્રહોના ચિત્રમાં (૧) બુધ, (૨) શુક્ર, (૩) પૃથ્વી, (૪) મંગળ, (૫) ગુરુ, (૬) શનિ, (૭) યુરેનસ, (૮) નેપ્ચુન અને (૯) પ્લુટો એમ નવ ગ્રહો છે. ડાબી બાજુ સૂર્ય કલ્પીએ, તો સૌથી પ્રથમ તેની નજીકમાં બુધ આવે, પછી શુક્ર વગેરે, એ પ્રમાણે ક્રમ સમજવો.

ઠિંગુજી = ઠીંગણું; વામન
પૂંછડિયો = પૂંછડીવાળો

ધૂમકેતુ = ધૂમ – ધુમાડો, તેનો કેતુ – ધજાવાળો

પાઠ ૪૫ મો

આકાશદર્શન — ૨

કુમુદ — મોટાભાઈ, જે ખરેખરા તારાઓ છે, તે આપણાથી કેટલા દૂર છે?

મોટાભાઈ — બહેન, એ તારાઓ તો આપણાથી એટલા બધા દૂર છે કે, તે આટલા માઈલ દૂર છે એમ તને કહું, તોપણ તેનો કશો અર્થ સમજાય નહિ. તેથી તે કહેવા માટે બીજી રીત વાપરવામાં આવે છે: પ્રકાશ-વર્ષની.

કુમુદ — પ્રકાશ-વર્ષ એટલે શું?

મોટાભાઈ — પ્રકાશ એક સેકંડમાં ૧ લાખ ૮૬ હજાર માઈલની ઝડપે દોડે છે. એટલે કે, દૂર ક્યાંક પ્રકાશ થાય કે તરત તે એટલા વેગથી આપણી પાસે આવી પહોંચે છે. હવે ૬૦ સેકંડ, એટલે કે એક મિનિટમાં તે પ્રકાશ કેટલે દૂર પહોંચે, તે ગણવા માટે ૧ લાખ ૮૬ હજાર માઈલને સાઠે ગુણીએ. પછી ૬૦ મિનિટમાં, એટલે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
એક કલાકમાં તે કેટલે દૂર પહોંચે, તે ગણવા તેને પણ સાઠે ગુણીએ. તે ઉપરથી ૨૪ કલાકમાં, એટલે કે એક દિવસમાં તે કેટલે દૂર પહોંચે, તે ગણવા તેને ચોવીસે ગુણીએ. પછી તે ઉપરથી એક વર્ષમાં તે કેટલે દૂર પહોંચે, તે ગણવા તેને ૩૬૫ા વડે ગુણીએ. તો તેર આંકડા જેટલી મોટી રકમ તે થાય. આશરે કહીએ તો છગડા ઉપર બાર મીંડાં જેટલી તે રકમ થાય. કુલ એટલા માઈલને એક પ્રકાશ-વર્ષ કહે છે.

કુમુદ—ઓહોહો, મોટાભાઈ, એ તો બહુ જ મોટી રકમ થઈ કહેવાય !

મોટાભાઈ—હા બહેન. પણ આપણી પૃથ્વીની નજીકમાં નજીકનો જે તારો છે, તે પણ આપણાથી ૪ા પ્રકાશ-વર્ષ દૂર છે! અને તારાઓનું એક મંડળ તો આપણાથી દશ લાખ પ્રકાશ-વર્ષ દૂર છે; તથા તારાનાં બીજાં મંડળો તો દશ કરોડ પ્રકાશ-વર્ષ જેટલાં દૂર છે!

કુમુદ—ઓ હો હો હો હો ! મોટાભાઈ, એ તો બહુ જ દૂર કહેવાય. પણ એ તારાઓ કેટલા હશે ?

મોટાભાઈ—તારાઓ તો અસંખ્ય છે. આપણું સૂર્યમંડળ જે તારા-મંડળમાં આવેલું છે, તે તારા-મંડળમાં જ અંદાજે ચાલીસ અબજ તારાઓ છે. તેથી પણ વધુ તારા તેમાં હોય તો નવાઈ નહિ. અને એટલા તારા તો એક જ મંડળમાં છે. પણ આકાશમાં તો આપણા તારા-મંડળ જેવાં બીજાં ત્રીસ લાખ કરતાં વધુ તારા-મંડળો છે. એ બધાંના તારા ગણવા બેસીએ એ તો દરિયાકિનારા ઉપરની રેતીના બધા કણ ગણવા જેવું કામ થાય! તું પેલી કવિતા ગાય છે ને કે, "ગણ્યા ગણાય નહિ, વીણ્યા વિણાય નહિ !"

કુમુદ—મોટાભાઈ, તમારી પાસે તો જ્યારે આવીએ ત્યારે અજબ ગજબની જ વાતો સાંભળવા મળે છે.

મોટાભાઈ—બહેન, ખરેખર, આ વિશ્વની અજાયબીનો પાર જ નથી. આકાશ તરફ જોઈએ છીએ ત્યારે જ આપણને સમજાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે, વિશ્વ કેટલું વિશાળ છે તથા તેના સરજનહારની શક્તિ કેટલી મોટી છે.

૧ જુદા જુદા તારાઓ તથા તેમનાં જૂથોનાં નામ હોય છે. સપ્તર્ષિ, ધ્રુવ, તથા મૃગશીર્ષ (હરણાં), વીંછુડો, શ્રવણ વગેરે તારાઓ તથા નક્ષત્રોનાં નામ કહેવાં.

૧ અંધારી રાતે આકાશ ખુલ્લું હોય ત્યારે તારાઓ તથા નક્ષત્રો ઓળખતાં શીખવાનો રસ વિદ્યાર્થીઓમાં પેદા કરવો. નક્ષત્રો ઉપરથી રાતનો સમય પણ જાણી શકાય છે.

માઈલ = ૫૨૮૦ ફૂટ જેટલું અંતર – તેનું માપ

અજબ ગજબનું = નવાઈ પમાડે તેવું – અદ્ભુત

સરજનહાર = પેદા કરનાર; ઇશ્વર

પાઠ ૪૬ મો

પડઘો



एक विकट वनमां वसे, सिंह वडो वनराज ;
महा-मदोन्मत्त मन गणे, अवर न मुज सम आज. १
एणे अवसर एकमां, त्यां तो पाडी त्राड ;
पडघो पण तेवो पडचो, झुंड हतां त्यां झाड. २

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वळी वळी करे विचार जे, आव्यो आ कोई ओण;
कहे सिंह, 'तुं कोण?' त्यां कहे ध्वनि, 'तुं कोण?' ३

वनपति समज्यो वन तणुं, रखे चहे रे राज;
क्रोध करीने केसरी, कूद्यो जोवा काज. ४

ठाम ठाम जई ठेकतो, हैडे राखी हाम;
गर्व धरीने गर्जतो, तरु गिरि फर्यो तमाम. ५

त्यां देखी तेने कहे, शाणो एक शियाळ:
'ए अवाज छे आपनो, नहि, अवर वनपाळ.' ६

ए रीते आ लोकमां, बोले जेवा बोल,
पाछळथी पडघो पडे, ते तो तेनो तोल. ७

'भलो' कही सुणीए 'भलो', 'बाळ' कह्येथी 'बाळ',
कीर्ति कथ्येथी कीर्ति, गाळ दीधेथी गाळ. ८

કવિ દલપતરામ

૧ પડઘાની પ્રક્રિયા સમજાવો.

૧ બિજાપુરનો ગોળ ગુંબજ પડઘા માટે જાણીતો છે. ત્યાં એવી રચના છે કે, અંદર એક વખત બોલો તો તેના અનેક પડઘા એક પછી એક સંભળાય છે.

૧ 'કરો તેવું પામો' એ બોધ કવિ આ પડઘાના દૃષ્ટાંત ઉપરથી તારવે છે. તે વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર લાવવું.

વિકટ = ભયંકર; મુશ્કેલ	ધ્વનિ = અવાજ (પડઘાનો)
વડું = મોટું	કેસરી = કેસર – યાળવાળો, સિંહ
વનરાજ = વનનો રાજા – સિંહ	હૈડું = દિલ; હૃદય
મદોન્મત્ત = મદ – અભિમાન વડે ઉન્મત્ત – છકેલો	તરુ = ઝાડ
	ગિરિ = પર્વત
અવર = બીજું	હામ = હિંમત
ઓણુ = આ વર્ષ; ચાલુ સમયમાં	તોલ = ધોરણ; કાયદો

બાળ = નાદાન; અણસમજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૭ મો

હૈયા

આજ તો બહુ વહેલો ઊઠીને આવ્યો તોય અલ્યાં ચલિયાં, તમે મારા પહેલાં પહોંચી ગયાં !

હૈયા હૈયા હૈયા હે. . . . ય !
આવ્યો છું, આવ્યો છું, આવ્યો છું, એ . . . . . . ય !

મેં જાણ્યું માળા ઉપર બેસીને નિરાંતે તકલી કાંતીશ. પણ આ પંખીડાં આજે કાંતવા દે એમ લાગતું નથી. આ તરફથી ટોળું ઉડાડું છું તો પેલી તરફ ઊતરે છે, અને પેલી તરફથી ઉડાડું તો આ તરફ ઊતરે છે.

હેય હેય હેય હેય હે . . . . ક !
તમે ઝાઝાં ને હું તો એ . . . . ક !

કોણ જાણે તમે બધાં ક્યાંથી ઊતરી આવ્યાં છો ! ઉનાળામાં કોઈ દેખાતાં ન હતાં. ચોમાસામાં પણ કોઈ જોવામાં નહોતાં આવતાં. આ ખેતર પાક્યાં ને મોતી જેવા દાણા બેઠા કે મહેમાનો આવી પહોંચ્યા ! અને લણણી થઈ જશે, ખેતરના દાણા ઘરમાં પહોંચશે, એટલે પાછાં એમનાં દર્શન દુર્લભ થઈ પડશે. બીજે વર્ષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરીથી દાણા પકવીશું ત્યારે પાછાં મોં બતાવશો ! અલ્યાં પરદેશી પંખીડાં, તમે તે કયા દેશમાં વસો છો અને ક્યાંથી આવો છો ? એ દેશની કંઈક પ્રસાદી તો લેતાં આવો ! તમે તો ફક્ત અમારા દાણા ખાવા જ આવો છો !

હે હે હે હે હે . . . . સી !

અમે દેશી ને તમે પરદે . . . . શી !

આ દાણા ખાનારાં ચલિયાં કંઈ એક જાતનાં નથી હોતાં. રોજ એમને ઉડાડી ઉડાડીને હું ઘણી જાતોને ઓળખી ગયો છું. તેમાં ધોળી ચકલીઓનાં ટોળાં ઘણાં મોટાં છે. આપણા ગામમાં કાબરી ચકલીઓ હોય છે તે સીમમાં બહુ આવતી નથી. તે તો આપણા ગામની જ રહેવાસી છે. પણ આ ધોળી ચકલીઓ કોઈક પરદેશની રહેવાસી છે, અને દાણા પાકે ત્યારે આવે છે. બીજાં મોટાં ટોળાં લેલાંનાં છે. તેઓ તો લે લે લે લે કરતાં દાણાનો ઘાણ કાઢી નાખે છે. પોપટ ને સૂડાની વાત જ ન પૂછો.! એ તો પાંજરે પૂર્યા જ રામ રામ પઢે; બાકી ખેતરમાં તો ડૂંડાં ખાલી કરી મૂકે !

હેય હેય હેય હેય હે . . . . લાં !

ચકલાં, પોપટ, સૂડા, લે . . . . લાં !

મારી નાનકી બહેન મને વઢતી હતી. તે કહે, "ભાઈ તું પાપિયો છે. ચલિયાંને તું ઉડાડી મૂકે છે, તેથી તે બિચારાં ભૂખે મરશે." વાત ખરી. પણ તું કહે, હું શું કરું ? મને બાપુજીએ ખેતર સાચવવાનું સોંપ્યું, તે મારે સાચવવું કે બધું ચણાવી દેવું ?

અરે ભલાં ચલિયાં, તમારે માટે જંગલ બહુ પડયાં છે. ત્યાં જઈને વનનાં ફળો ખાઓને. મહેનત કરીને ઉગાડેલી અમારી જુવાર ચણવા શા સારુ આવો છો ?

હે હે હે હે હે . . . . ત !

તારું જંગલ ને મારું ખે . . . . . ત !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ચલિયાંને ચોર કહીને ઉડાડી મૂકીએ છીએ, ત્યારે તે દલીલ કરે છે: "ચોર તે અમે ચલિયાં કે તમે માણસ? દાણા ખાવા માટે તો ઈશ્વરે અમને કઠણ ચાંચ આપી છે. અમે ગમે એવું કઠણ બી ચાંચથી ફોડી શકીએ છીએ. તમે માણસો તો દાણાને ખાંડો, દળો, બાફો, ત્યારે માંડ પચાવી શકો છો. અમે ફળનો ગર્ભ કાઢી નાખી અંદરનો ઠળિયો ફોડીને બીજ ખાઈએ છીએ. તમે માણસો ગરભ ખાઈને બિયું ફેંકી દો છો. માટે તકરાર મેલો અને તમારા હકનું તમે ખાઓ, અને અમારા હકનું અમને ખાવા દો."

ભાઈસાહેબ, એ તો તમે માફ કરો. દાણા ખાવાનો તમારો હક હશે; પણ આ દાણા તો અમે બહુ મહેનતે પકવ્યા છે. અમારા ખેતરમાં પેસશો તો તમે ચોર જ ઠરશો.

હો હો હો હો હો . . . . ર!
અમે ઘરનાં ને ચલિયાં ચો . . . . ર!

મેં મારું કામ બજાવ્યું ને તમે પણ તમારું બજાવ્યું. મેં તમને બહુ ઉડાડયાં, પણ તમે અહીંથી તહીંથી ઝડપ મારીને પેટ ભર્યાં વિના ન રહ્યાં. તમે ચોર લોક ઉજાણી કરી ગયાં ને હું ઘરનો છોકરો પોંક ન ખાઉં? લાવવા દે કાંટા, કરવા દે અંગેઠી, અને શેકવા દે થોડાં પોંકિયાં.

અરરર! બહુ આવ્યાં, ચલિયાં બહુ આવ્યાં! અલ્યાં ચલિયાં, બે બૂકડા પોંક તો નિરાંતે ખાવા દો!

હરુરુ હરુરુ હરુરુ હરુરુરુરુ!
મોઢામાં પોંક ને બોલું છું ફરુરુરુરુ!

¶ ગામમાં ને આસપાસ જોવા મળતાં પંખીઓ નામ સાથે ઓળખાવવાં. તેમ જ દરેકની કંઈક ખાસિયત હોય તે જણાવવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

▪ અમુક મોસમે બહારથી આવતાં પંખીઓની વાત સાચી. કેટલાંક પંખીઓ અમુક મોસમમાં હજારો માઈલ દૂર એક કટિબંધમાંથી બીજા કટિબંધ સુધી નિયમિત જતાં આવતાં હોય છે.

▪ ખેતીકામમાં ખેડતી વખતે, પાક સાચવતી વખતે, એમ અનેક પ્રસંગે કાંઈક જીવહિંસા થતી હોય છે. તેનો ઉપાય, કેટલાક કહે છે તેમ, જાતે ખેતી કરવાનું છોડી દેવું, એ શી રીતે હોઈ શકે ? ખેતીની પેદાશ ખાઈને જો જીવતા હોઈએ, તો ખેતીમાં થતી હિંસા આપણે કરી કે બીજાએ કરી, તેથી ફેર પડતો નથી.

▪ પંખીઓ માત્ર પાકના દાણા જ ખાઈ જાય છે, એવું નથી. પાક ઉપર થતાં કેટલાંય નુકસાનકારક જીવજંતુ તે વીણી ખાય છે. સાપ પણ ખેતરમાંના ઉંદરનો નાશ કરતો હોવાથી 'ક્ષેત્રપાલ' તરીકે પૂજાય છે.

લણણી = તૈયાર થયેલો પાક — ચલિયું = નાનું પંખી
લણી – કાપી લેવો તે — મીજ = બિયાંનો ગર
અંગેઠી = પોંક પાડવા સળગાવેલી આગ

પાઠ ૪૮ મો

કહેવત-કથાઓ

કેટલાક લોકો વાત કરતાં કરતાં વચ્ચે કવિતાની લીટી જેવું ટૂંકું વાક્ય બોલે છે. તેથી તેમના કહેવાનો ભાવ ઝટ સમજાઈ જાય છે. એવાં વાક્ય 'કહેવત' કહેવાય છે. અરબ લોકો તો માને છે કે, "ભોજનમાં જેમ નમક, તેમ બોલીમાં કહેતી." સારામાં સારું ભોજન પણ જેમ મીઠા વગર બેસ્વાદ લાગે, તેમ સારું લખાણ કે વાત પણ કહેવતના ઉમેરા વિના ઝમકદાર કે અસરકારક બને નહિ.

જુદી જુદી કહેવતો જુદા જુદા પ્રસંગો ઉપરથી ઊભી થાય છે. તે પ્રસંગોની વાતો મજાની હોય છે. ઘણી વાર એ વાતો ભુલાઈ પણ જાય છે. કેટલીક વાતો પછીથી પણ જોડી કાઢવામાં આવે છે. કહેવતોની કેટલીક એવી વાતો સાંભળો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં

એક ભરવાડણ રોજ પાસેના શહેરમાં દૂધ વેચવા જાય. રસ્તામાં એક છીછરી નદી આવતી હતી. એક દિવસ તેની દાનત બગડી.



તેણે નદી ઓળંગતી વખતે થોડું પાણી દૂધમાં રેડી લીધું. દૂધ વેચીને વધારે પૈસા મળવાથી રાજી થતી થતી તે પાછી ફરી. નદી ઓળંગતી વખતે તે નીચે નમી પોસ ભરીને પાણી પીવા લાગી. તે વખતે તેના ખીસામાંથી થોડા પૈસા પાણીમાં પડી ગયા. તેણે નીચા નમીને તે પૈસા શોધવા ઘણી મહેનત કરી, પણ તે હાથ આવ્યા નહિ. તેથી તે ઘણી હાયવોય કરવા લાગી. તે વખતે તેની સાથે આવેલી બીજી ભરવાડણે તેને કહ્યું, " બાઈ, નકામી હાયવોય શું કામ કરે છે? આજે તેં દૂધમાં નદીનું પાણી ભેળવ્યું હતું, તેના જે પૈસા તેં લીધા, તે પાણીમાં ગયા, એમ સમજીને સંતોષ માન!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. બેની લડાઈમાં ત્રીજો ફાવે

બે બિલાડીઓ કોકના ઘરમાંથી રોટલો લઈ આવી. પછી તે રોટલાના બરાબર બે સરખા ભાગ કરવાની બાબતમાં તેમને તકરાર



પડી. એક કહે કે, "તું સરખા ભાગ નહિ કરે;" અને બીજી કહે કે, "તું નહિ કરે."

એક વાંદરો તેમની આ તકરાર સાંભળતો હતો. તેણે કહ્યું, "હું ત્રાજવું લઈ આવીને તમને બરાબર સરખા ભાગ કરી આપું."

બિલાડીઓ કબૂલ થઈ. વાંદરો એક ઘરના ઉપલા માળમાંથી ત્રાજવું ઉપાડી લાવ્યો અને પછી બંને પલ્લામાં રોટલાના બે કકડા મૂકી તોળવા લાગ્યો. એક પલ્લાનો રોટલાનો ટુકડો જરા વધારે મોટો હોવાથી તે પલ્લું નીચું નમ્યું. એટલે તે ટુકડો નાનો કરવા વાંદરે તેમાંથી બચકું ભરીને ખાઈ લીધું. પછી ત્રાજવું ઊંચકી જોયું. તો બચકું ભરેલો ટુકડો વધારે હલકો થયો, એટલે તે પલ્લું ઊંચું ગયું. ત્યારે વાંદરે સામા પલ્લાના ટુકડાને થોડો હલકો કરવા તેમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચકું ભર્યું. એમ દરેક પલ્લામાંથી વારાફરતી તેણે બચકાં ભરવા માંડયાં. પણ એકે વખત રોટલાના બંને કકડા બરાબર સરખા થયા નહિ. છેવટે એક નાનો કકડો એક બાજુના પલ્લામાં બાકી રહ્યો. વાંદરાએ કહ્યું, "મેં તમને રોટલો વહેંચી આપવા આટલી મહેનત કરી, તેના મહેનતાણા તરીકે આટલો ટુકડો મને મળવો જોઈએ." આમ કહીને તે ટુકડો લઈ કૂદકો મારી ચાલતો થયો.

બંને બિલાડીઓ અત્યાર સુધી વાંદરાની આ રમત જોઈ રહી હતી. તે હવે ઘણું પસ્તાઈ, તથા કહેવા લાગી કે, આપણે તકરાર કરવાને બદલે સંપીને રોટલાના બે ટુકડા કરી લીધા હોત, તો હાથ આવેલો રોટલો ગુમાવવો ન પડત.

"બેની લડાઈમાં ત્રીજો ફાવે," તે આનું નામ.

¶ કહેવતના નાના સરખા વાક્યમાં લાંબા અનુભવનો સાર તથા શિખામણ ભરેલાં હોય છે. મોટા ભાગની કહેવતો શિખામણ અથવા બોધને લગતી હોય છે. જેમ કે, 'વાવે તેવું લણે, ને કરે તેવું પામે', 'દાનત તેવી બરકત', 'દગો કોઈનો સગો નહિ'. (ભરવાડણના દાખલામાં આ ત્રણે કહેવતો લાગુ પડી શકે તેવી છે.)

¶ કેટલીક કહેવતોમાં જુદા જુદા લોકો, ધંધાઓ, શહેરો, સગાંઓ, ઉંમર વગેરેના ગુણદોષની નોંધ પણ કરેલી હોય છે. જેમ કે, 'અગમબુદ્ધિ વાણિયો', 'સઈની સાંજ ને મોચીનું વહાણું', 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ ચાકરી'; 'દિલ્હીનો ઠગ'; 'અમદાવાદી હરામજાદી'; 'સુરતી સહેલાણી'; 'બાપ તેવા બેટા'; 'મા તેવી દીકરી'; 'સોળે સાન અને વીસે વાન'; 'સાઠી બુદ્ધિ નાઠી'.

નમક = મીઠું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૯ મો

મોતીના દાણા

સીધી લીટીમાં, મોતીના દાણા જેવા લખેલા સુંદર અક્ષર કેવા શોભે !

ગાંધીજીએ પોતાની જીવનકથામાં જણાવ્યું છે કે, સારા અક્ષરે લખતાં ન આવડે ત્યાં સુધી કેળવણી પૂરી થઈ ન કહેવાય. તેમના પોતાના અક્ષર ખરાબ હતા. પાછળથી તેમણે અક્ષર સુધારવા ઘણો પ્રયત્ન કર્યો. પરંતુ પહેલેથી ખરાબ અક્ષર લખવાની ટેવ પડેલી, એટલે તેઓ બહુ ફાવ્યા નહિ. તે ઉપરથી તેમણે સૌ વિદ્યાર્થીઓને ચેતવણી આપી છે કે, સારા અક્ષર લખવાની ટેવ નાનપણથી જ પાડવી જોઈએ.

ઘણા માની બેસે છે કે, અક્ષર તો કુદરતી હોય છે; તેમાં સુધારો કરવો એ આપણા હાથની વાત નથી. આ વાત સાચી નથી. અક્ષરો પ્રયત્નથી જરૂર સારા કરી શકાય. વળી તે ગમે તેવા હોય

> સત્યનું સેવન ન કરે તે સત્યનું બળ કેમ
> દેખાડી શકે? એટલે સત્યની તો બરોબર જરૂર
> પડશે જ. ગમે તેટલું નુકસાન થતું હોય તોપણ
> સત્યને નહિ છોડી શકાય. સત્યને કંઈ સંતાડવાનું
> ન જ હોય.

તોપણ આપણે સ્થિર હાથે અને ડાઘડૂઘ વિના લખીએ, તો તે વાંચી શકાય અને સુંદર દેખાય.

અક્ષર એ એક જાતનું ચિત્ર છે. સુંદર અક્ષર કાઢવા હોય તો તમારી આંગળીઓને ચીતરવાની કળા શીખવી દો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક અક્ષરના ઘાટ–વળાંકને ધારી ધારીને અભ્યાસ કરો.

જરા પણ ગભરાટ કે ધાંધલ કર્યા વિના શાંતિથી અને ધ્યાનપૂર્વક લખો.

લખવાનું શરૂ કરો તે પહેલાં બધાં સાધન બરાબર છે કે કેમ તે જોઈ લો. કલમ સારી ન હોય તો સમારી લો. ખડિયો ઢોળાય તેમ નથી ને? શાહી જોઈએ તેવી છે કે નહિ?

શું લખવા માગો છો તે પણ વિચારી લો, નહિ તો લખ્યા પછી છેકવા-વારો આવશે.

લખતા પહેલાં જોડણીનો તેમ જ વાક્યરચનાનો પણ વિચાર કરી લેવો જોઈએ.

લીટીમાં કેટલા શબ્દો સમાશે તેનો અંદાજ પણ મનમાં કાઢતા રહેવું, તથા લખાણ સીધી લીટીમાં લખવું.

શબ્દો છૂટા લખવા, ફકરા પાડવા, હાંસિયો રાખવો, અને લીટીઓ વચ્ચે પૂરતી જગા રાખવી. આ ઉપરાંત લીટીઓ સીધી આવવી જોઈએ. આટલી વસ્તુઓ જળવાય, તો ગમે તેવા અક્ષરો પણ સારા દેખાય.

ગરબડિયા અક્ષરે લખીને વાંચનારને તકલીફ આપવી એ અવિનય છે. ગંદા અને બેડોળ અક્ષરોનું લખાણ કોઈના મોં ઉપર ફેંકવું એ તેનું અપમાન છે. આટલું સમજો તો તમને અક્ષર સુધારવાની ચાનક લાગ્યા વિના નહિ રહે.

સુંદર વિચાર, સુંદર ભાષા અને સુંદર અક્ષર, એ ત્રણેનો સંગમ કરી તમારી વિદ્યાને શોભાવો.

¶ ગુજરાતી લિપિના અક્ષરોનો મરોડ અને કાનો-માતર વગેરેના ગોળ વળાંકને લીધે ગુજરાતી અક્ષરો હારબંધ મોતીના દાણા ગોઠવ્યા હોય તેવા સુંદર દેખાય છે. એટલે આ ખાસિયતો જળવાઈ રહે તે રીતે ગુજરાતી લખાણ લખતાં શીખવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ ગાંધીજીના જમણા હાથના હસ્તાક્ષરનો નમૂનો પાઠ ૩૭માં છે. આ પાઠમાં તેમના ડાબા હાથના હસ્તાક્ષરનો નમૂનો છે. ગાંધીજી બંને હાથે લખી શકતા. કેટલાક પ્રયોગો ઉપરથી જણાયું છે કે, બેધ્યાન કે ઓછી સ્મરણશક્તિવાળાં બાળકોને બીજે હાથે લખવાની ટેવ પાડવાથી તેમની એકાગ્રતા વગેરેમાં નોંધપાત્ર સુધારો થાય છે.

૧ અક્ષર એ એક જાતનું ચિત્ર છે. ચિત્રકળાના ભાગ તરીકે સુંદર અક્ષર ગણવા જોઈએ.

ઘાટ–વળાંક = આકાર અને મરોડ
ધારી ધારીને = ધ્યાનપૂર્વક
અંદાજ = અડસટ્ટો, આશરો
અવિનય = અસભ્યતા
મોં ઉપર ફેંકવું = બેપરવાઈથી સામે ધરવું – આપવું
ચાનક લાગવી = ચીવટ આવવી
સંગમ = મેળાપ; જોડાણ

પાઠ ૫૦ મો

અવગુણ કેડે ગુણ કરો

નાનપણમાં ગાંધીજી બીકના ઓસડ તરીકે ઘરની કામવાળી રંભાબાઈ પાસેથી રામનું નામ શીખ્યા હતા. કવિ શામળના એક નાના છપ્પામાંથી તે નીતિ વિષેનો મોટો પાઠ શીખ્યા હતા. નીતિ એટલે સદાચાર. સામો માણસ આપણા ઉપર ઉપકાર કરે, ત્યારે બદલામાં ઉપકાર કરવો જોઈએ; પરંતુ સામો માણસ અપકાર કરે, તોપણ આપણે ઉપકાર કરવો, એ બહુ મોટો સદ્‌ગુણ છે. એ પાઠ ગાંધીજી એ છપ્પા ઉપરથી શીખ્યા હતા.

ગાંધીજીએ એ છપ્પો નાનપણમાં વાંચ્યો હતો. મોટપણે પોતાની ‘આત્મકથા’ લખતી વખતે ગાંધીજી જણાવે છે કે, “કવિ શામળના નીતિ વિષેના છપ્પાએ મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું. અપકારીનું ભલું ઇચ્છવું અને કરવું એની મને ધૂન લાગી. એના અનેક અખતરાઓ પણ કરવા માંડ્યા.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રહ્યો તે 'ચમત્કારી' છપ્પો :

पाणी आपने पाय, भलुं भोजन तो दीजे;
आवी नमावे शीश, दंडवत कोडे कीजे.
आपण घासे दाम, काम महोरोनुं करीए;
आप उगारे प्राण, ते तणा दुःखमां मरीए.
गुण केडे तो गुण दश गणो, मन वाचा कर्मे करी;
अवगुण केडे जे गुण करे, ते जगमां जीत्यो सही.

આપણે જાણીએ છીએ કે, મોટપણે ગાંધીજીએ પોતાનું આખું જીવન સેવાનાં કામોમાં જ ગાળ્યું હતું. અંગ્રેજ સરકારે ગમે તેટલા જુલમો કર્યા હતા, તેમ છતાં ગાંધીજી તો અંગ્રેજો સાથે પ્રેમથી જ વર્ત્યા હતા. તે કહેતા કે, शठं प्रत्यपि सत्यम् — શઠ માણસ પ્રત્યે પણ સચ્ચાઈથી વર્તો. આમ શત્રુને પણ પ્રેમથી જીતવાનો રસ્તો ગાંધીજી આ છપ્પા પરથી શીખ્યા અને આખા જગતને શીખવી ગયા.

¶ કવિ શામળ ગુજરાતના જાણીતા જૂના કવિઓમાંના એક છે. તે ઈ. સ. ૧૭૦૦ના અરસામાં અમદાવાદ તરફ વેંગણપુર મુકામે થઈ ગયા. તેમની આખ્યાન-કથાઓ, જેવી કે, 'સિંહાસન બત્રીસી', 'વૈતાળ પચીસી' વગેરે જાણીતી છે. કથાની વચ્ચે વચ્ચે તે આવા છ લીટીના છપ્પામાં બોધ-શિખામણ આપતા જતા. શામળના છપ્પા જાણીતા છે.

ઓસડ = દવા; ઉપાય
સામ્રાજ્ય જમાવવું = ભારે અસર કરવી; પ્રભાવ પાડવો
ધૂન = લગની; લત
અખતરો = પ્રયોગ; અજમાશ
આપને = આપણને; પોતાને
ભલું = સારું; ઉત્તમ
દંડવત = દંડાની પેઠે લાંબા થઈ પ્રણામ કરવા તે
કોડ = હોંશ
આપણ = પોતે (સામો માણસ)
ઘાસે = ઘસાય; ખર્ચે
દામ = પૈસો (પૈસા જેટલું)
મહોર = પંદર રૂપિયાની કિંમતનો સોનાનો સિક્કો
વાચા = વાણી
સહી = નક્કી
શઠ = લુચ્ચો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫૧ મો

કોયલાબાબાની કહાણી

રામ રામ, બાપુ! મારી કહાણી તમને કહું? મને કહેતાં તો નહિ આવડે. અમે તો જંગલના ભીલ. પહેલાં તો અમારા જંગલમાં સારા માણસ કોઈ આવતા જ નહિ. એટલે અમને બરાબર બોલતાં ક્યાંથી આવડે? દરિયાદિલ રાખી મારી ભૂલચૂક માફ કરજો.



મારું નામ ગાંધીબાપુના માણસોએ કોયલદાસ પાડ્યું છે. પણ મારું મૂળ નામ તો કોયલો. માબાપે મારાં લક્ષણ જોઈને જ એવું નામ પાડ્યું હશે.

નાનપણથી મારાં કર્મ કાળા કોયલા જેવાં જ હતાં. મોઢામાંથી મેલી ગાળો બોલું. બધા જોડે મારામારી કરું. દારૂતાડી પીતાં પણ નાનપણથી જ શીખી ગયો. કામકાજ કાંઈ જ કરું નહિ. અને નાહીધોઈને ચોખ્ખો પણ ન રહું. હું તો ખાઉંપીઉં, તોફાન કરું અને આખલા જેવો ભટક્યા કરું, તથા આખો દિવસ પાતરાંમાં તંબાકુ ભરીને બીડીઓ તાણ્યા કરું.

મારો મોટામાં મોટો ધંધો એક જ હતો; ગામમાં નાચણું પડે કે ત્યાં સૌથી પહેલો પહોંચી જાઉં. લોધ પડે ત્યાંયે સૌથી પહેલો પહોંચ્યો જ હોઉં. ભવાઈ જોવા તો પાંચ સાત ગાઉ ચાલીનેય ગયા વિના ન રહું.

બાપા કોઈ વાર શિખામણ આપે તો સામો કરડવા દોડું અને ઠપકો આપે તો મારવા ઊઠું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી બાપાએ મને પરણાવ્યો. તેમના મનમાં એમ કે, છોકરો પરણશે તો ડાહ્યો થશે. પણ કોયલો તે કાંઈ ઊજળો થાય?

બૈરી આવી એટલે મારે કમાઈને તેનું પૂરું કરવું જોઈએ. પણ હું તો એવો હરામી કે કશું કામ કરું જ નહિ! તે બિચારી બહુ કામગરી હતી. ઘંટીનું કરે, ચૂલાનું કરે, ઢોરનું કરે, ખેતરનું કરે; ઘડીયે ઝંપીને બેસે નહિ.

પણ હું તો રાક્ષસ જેવો. બિચારીને ગાળો દઉં, તેના મોઢા ઉપર લાફો ચોડી કાઢું, લાકડું લઈને ફરી વળું.

એવામાં મારે ભાગ્યે એક દિવસ ગાંધીબાપુ પધાર્યા. બધા સભામાં જવા લાગ્યા. એટલે હું પણ ચાલ્યો. મેં તો ધારેલું કે, કાંઈ તમાસો જોવાનો મળશે.

ગાંધીબાપુનું ભાષણ તો મારા જેવાને ક્યાંથી યાદ રહે? હું તો તેના સામું જોઈ જ રહ્યો. એની આંખોમાંથી દયા વરસતી હતી. મારું મન કહેવા લાગ્યું — "ના, ના, હવે મારે સુધરી જ જવું. આજથી મારે દારૂતાડી હરામ છે. આજથી હું કોઈને મારીશ નહિ, કોઈને ગાળ દઈશ નહિ."

ગાંધીબાપુ કેવો ચોખ્ખો હતો! મેં ગાંઠ વાળી કે, હવેથી હું પણ નાહીધોઈને એવો જ ચોખ્ખો રહીશ.

ગાંધીબાપુ ભાષણ કરતાં કરતાં તકલી ચલાવતો હતો. મેં મનમાં ગાંઠ વાળી: ઘેર જઈને તરત હું તકલી બનાવીશ અને કાંતતાં શીખી જઈશ.

ભાષણ સાંભળીને હું ઘર તરફ ચાલ્યો. વાટમાં પીઠું આવ્યું. દારૂની વાસથી પગ તો અંદર જાઉં જાઉં કરવા લાગ્યા. પણ મન મજબૂત કરી હું સીધો ઘેર ગયો.

સવારમાં ઊઠીને તરત હું તો તકલી બનાવવા બેઠો. ઠીકરી ઘસી તેની ચકરડી બનાવી. એક ખીલા વડે બરાબર વચ્ચોવચ સીધું કાણું પાડ્યું. વાંસ છોલીને દાંડી બનાવી. ખેતરમાંથી કપાસ વીણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાવી રૂ કાઢ્યું. થોડો વાર મથ્યો એટલે તાર નીકળવા માંડયો. તાર નીકળે તેમ તેમ મને રસ પડવા માંડયો.

ત્યારથી મારા વિચારો જ બદલાઈ ગયા. હવે રખડવામાંથી ગમત ઊડી ગઈ. આખો દિવસ ખેતીનું કામ કરું અને નવરો પડું કે કાંતવા મંડું. વૈરીને મારઝૂડ કરવાના દિવસ હવે વહી ગયા છે.



પ્રભુએ મને ચાર દીકરા અને બે દીકરી આપ્યાં છે. સારું થયું કે હું સુધરી ગયો, નહિ તો તે બિચારાં મારા જેવાં જ ઊછરત. હવે તો હું તે બધાંને ભણવા મોકલું છું, કામ શીખવું છું, ભજનો શીખવું છું. હું પોતે પણ એમની પાસે થોડું થોડું વાંચતાં શીખ્યો છું. મારી વાત મારે મોઢે શું કહું? આ છોકરાંની માને જ પૂછી લો.

અમારા ઘરમાં અમે નાનાં મોટાં બધાં જ કાંતીએ છીએ, પીંજીએ છીએ, અને અમારા ઘરની ખાદી પહેરીએ છીએ.

આ મારી કહાણી. જંગલના ભીલની કહાણી તે વળી કેવી હોય? તમારી મોટી મહેરબાની કે, તમે બેસીને આખી કહાણી સાંભળી.

૧ ભીલ વગેરે કોમો આદિવાસી કહેવાય છે. ગુજરાતમાં આવી કોમો ક્યાં ક્યાં રહે છે તે ભાગ બતાવો. આવી અનેક બીજી કોમો હિંદમાં છે. તેમની સંખ્યા બહુ મોટી છે. તેમની ખાસ સેવા કરવાને માટે આપણા રાજબંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે.

૧ શ્રી ઠક્કરબાપાનું મુખ્ય જીવનકાર્ય આવી પછાત આદિવાસી કોમોની સેવાનું હતું. પંચમહાલના ભીલોમાં સેવા અર્થે તેમણે સ્થાપેલી 'ભીલ સેવા-મંડળ' સંસ્થા વિષે વાત કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ વહેમ અને અજ્ઞાનને કારણે માણસ ગમે તેવા [illegible] તા હોય, છતાં સારા માણસની સોબત અને કેળવણીથી તે સુધરી શકે છે. આના અનુસંધાનમાં વાલિયો લૂંટારો (પાઠ ૩૩) તથા અંગુલિમાલ લૂંટારો (છઠ્ઠી ચોપડી) એ બે વાતો કહેવી.

ખાબા = ભાઈ (ભીલભાષામાં)
દરિયાદિલ = દરિયા જેવું ઉદાર દિલ
નાચણું પડે = નાચ રમવા નાચનારાઓ ભેગા થઈ જાય
લોધ પડે = કોઈ ધરા કે તળાવડામાં મચ્છીનો શિકાર કરવા આખું ટોળું ઊતરી પડે
ગાંઠ વાળવી = નિશ્ચય કરવો

પાઠ પરમો

હું કેવી રીતે ભણ્યો ?

૧

અમે ઘણાં ગરીબ હોવાથી મારી માએ મને કોલસાની ખાણમાં કામ અપાવ્યું હતું. મને ભણવાની બહુ હોંશ હતી. સગવડ મળતી ત્યારે હું રાત્રિશાળામાં જતો.

એક દિવસે ખાણના અંધારામાં મેં કોઈ બે માણસોને છાના છાના વાતો કરતા સાંભળ્યા. તેમની વાતમાં મને રસ પડ્યો. હું તેમની નજીક જઈ ગુપચુપ સાંભળવા લાગ્યો.

એક જણ બીજાને આવું કહેતો હતો : 'હબસી લોકો માટે હમણાં જ હૅમ્પ્ટન ઉદ્યોગ- તથા કૃષિ-શાળા નામે નવી શાળા નીકળી છે. એ શાળામાં ગરીબ અને લાયક વિદ્યાર્થીઓ કામ કરી પોતાનો ખર્ચ કાઢી શકે છે, અને સાથે સાથે કંઈક ઉદ્યોગધંધો પણ શીખી શકે છે.'

આ હૅમ્પ્ટન શાળા ક્યાં હશે અને કેટલે દૂર હશે એની ત્યારે મને કશી કલ્પના નહોતી. પણ તે દિવસથી હું માનવા લાગ્યો કે, આ શાળા પાસે સ્વર્ગ પણ તુચ્છ છે; અને મેં મનમાં નિશ્ચય કર્યો કે, ગમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ કરીને મારે ત્યાં જવું જ. પણ એ નિશ્ચયને મારે બે અઢી વર્ષ સુધી મનમાં ને મનમાં સંઘરી રાખવો પડ્યો.

એવામાં મારી માને ખબર પડી કે, પડોશમાં રહેતાં મિસિસ રફનર નામનાં બાઈને ઘરકામ માટે એક છોકરાની જરૂર છે. હબસી નોકરોને એ બાઈનો બહુ કડવો અનુભવ હતો. તે ઘણી જ કડક સ્વભાવની હોવાથી તેને ત્યાં કોઈ નોકર ટકતો નહિ. છતાં કોલસાની ખાણ કરતાં આ ઘરકામ સારું એમ સમજી, મારી માએ મને આ નવી નોકરીમાં રખાવ્યો.

મિસિસ રફનરની કડકાઈ વિષે મેં ઘણું ઘણું સાંભળ્યું હતું. તેથી તેની પાસે ગયો ત્યારે હું ખરેખર ધ્રૂજતો હતો. પણ તેના હાથ નીચે થોડાં અઠવાડિયાં કાઢ્યા પછી મને તેનો સ્વભાવ સમજાઈ ગયો. ઘરની તમામ વસ્તુઓ ખૂબ જ ચોખ્ખી અને વ્યવસ્થિત રાખવી જોઈએ, દરેક કામ કાળજીથી અને ચપળતાથી કરવું જોઈએ, ઝીણામાં ઝીણી વાતમાં પણ બેદરકારી ન રાખવી જોઈએ,—આ બધી બાબતો ઉપર તે બાઈનો ભારે આગ્રહ હતો.

ઘણા જ થોડા વખતમાં મારી બીક ઊડી ગઈ. હું વિશ્વાસપાત્ર છું એમ ખાતરી થતાં, તે મારા ઉપર વિશ્વાસ રાખવા લાગી. પછી તો તે મને એકાદ કલાક ગામની શાળામાં ભણવા જવાની પણ છૂટ આપવા લાગી.

આમ શ્રીમતી રફનરને ત્યાં મારું ઠીક ગોઠવાયું હતું. છતાં હેમ્પ્ટન ઉદ્યોગશાળા મારા મનમાંથી ખસી નહોતી. છેવટે બે અઢી વર્ષે તે શાળામાં જવાની તારીખ નક્કી થઈ. હું ભણવા જાઉં એ મારી માને ગમતું હતું. હું એટલે બધે દૂર અજાણ્યા દેશમાં શી રીતે જઈ શકીશ, એ વિચારે તે બાપડી ઘણી જ ગભરાતી હતી. છતાં કાલાવાલા કરી તેની મોંની રજા તો મેં મેળવી.

મને ખરું ઉત્તેજન તો પડોશમાં રહેતા હબસી ઘરડેરાઓએ આપ્યું. તેમણે મારી પીઠ થાબડી એટલું જ નહિ, પણ મને થોડા થોડા પૈસાની ભેટો પણ આપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે તે દિવસનો સોનાનો સૂરજ ઊગ્યો; હું હૅમ્પ્ટન જવા નીકળ્યો. મળ્યાં તેટલાં કપડાં એક ઝોળીમાં ભરી લીધાં. નીકળ્યો તે વખતે મારી માની તબિયત સારી નહોતી; તે અશક્ત થઈ ગઈ હતી. તેનું મોં હું ફરીથી જોવા પામીશ કે નહિ, એવી મને શંકા હતી. તેથી વિયોગ ઘણો જ વસમો લાગતો હતો. પણ ભલી માએ હિંમત રાખી મને હસીને વિદાય આપી.

મારા ગામથી હૅમ્પ્ટન ૫૦૦ માઈલ દૂર હતું. તે વખતમાં રેલગાડી બધા દેશમાં થઈ નહોતી. કેટલોક ભાગ ટપ્પાઓમાં અને કેટલોક ચાલતા જવાનું હતું. મારી પાસે ભાડાના પૂરતા પૈસા પણ નહોતા. વળી મારી ચામડી કાળી, એટલે પણ જ્યાં જાઉં ત્યાં લોકો મને ઊભો રહેવા ન દે. આ લાંબી મુસાફરીમાં ઘણા દિવસ મારે ભૂખે ગાળવા પડેલા, અને ઘણી રાત્રિઓની ઠંડીમાં મારે આમ તેમ ચાલીને શરીરમાં ગરમી લાવવી પડેલી.

એમ કરતો કરતો હું રિચમંડ નામના શહેરમાં પહોંચ્યો. હૅમ્પ્ટન હજુ ૮૨ માઈલ છેટે હતું. હું બરાબર મધરાતે આ શહેરમાં પહોંચ્યો. આ શહેર બંદર છે. આ પહેલાં હું કોઈ મોટા શહેરમાં કદી ગયેલો નહિ, એટલે મારી મૂંઝવણનો પાર નહોતો. શહેરની દુકાનોમાં સરસ સરસ ખાદ્ય પદાર્થો દેખાતા હતા, પણ મારા ખીસામાં પાઈ પણ રહી નહોતી.

થાક્યો પાક્યો અને ભૂખ્યો હું, શહેરના એક ફૂટપાથને છેડે, મારી ઝોળીનું ઓશીકું કરી સૂઈ ગયો. મળસકે અજવાળું થતાં આંખ ઊઘડી તો મેં જોયું કે, બંદરમાં એક મોટું જહાજ હતું અને તેમાં ભરેલું લોખંડ ઉતારવાનું કામ ચાલી રહ્યું હતું. મને વિચાર આવ્યો કે, ત્યાં જઈ મજૂરી મેળવું અને ખોરાક પૂરતા થોડા પૈસા કમાઈ લઉં. પછી તો મેં ઘણા દિવસ ત્યાં મજૂરી કરી અને થોડું થોડું બચાવી હૅમ્પ્ટન સુધી જવા જેટલી વાટખર્ચી એકઠી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે હું હૅમ્પ્ટન પહોંચ્યો. જ્યારે મને ઈંટોથી ચણેલી ત્રણ મજલાની તેની શાળાનું પ્રથમ દર્શન થયું, ત્યારે મને લાગ્યું કે, મારો બધો શ્રમ આજે સફળ થયો.

૩

હૅમ્પ્ટન પહોંચી પહેલામાં પહેલી તકે હું એ સંસ્થાની મુખ્ય શિક્ષિકાને મળ્યો, અને શાળાના કોઈ પણ વર્ગમાં દાખલ કરવાની તેમને મેં વિનંતી કરી. મને ઘણા દિવસથી પૂરતું ખાવા મળ્યું ન હતું, તેમ જ નાહવા ધોવાનું પણ ઠેકાણું ન હતું, તેથી પ્રથમ દર્શને હું એમના ઉપર સારી છાપ પાડી શક્યો નહિ. તેમણે મને કેટલોક વખત સુધી હા કે ના કંઈ કહ્યું નહિ. હું જવાબની રાહ જોતો ત્યાં બેસી રહ્યો. તે દરમિયાન બીજા કેટલાક વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા તે મેં જોયું, ત્યારે તો મને બહુ જ દુઃખ થયું. આમ નિરાશામાં ઝોલાં ખાતો હું બેઠો હતો, ત્યાં શિક્ષિકાએ મને કહ્યું: 'છોકરા, આ પાસેની ઓરડી વાળવાની છે. સાવરણી લઈને તે વાળી નાખ જોઉં.'

આ હુકમ સાંભળતાં હું તરત ઊભો થયો. મને હવે તક મળી છે એમ મને લાગ્યું. આટલી આનંદદાયક આજ્ઞા મને જિંદગીમાં કોઈ દિવસ મળી નહોતી. શ્રીમતી રફનરને ત્યાં સફાઈ અને વ્યવસ્થાની મને તાલીમ મળી હતી, તે આજે મને ફળી. મેં તે ઓરડી ત્રણ વાર વાળી. પછી લૂગડાના કકડા વડે ચાર વાર તેને ઝાટકી નાખી. ખુરસી, ટેબલ, બાંકડા, કબાટ — તમામ રાચરચીલું મેં ઉપર નીચે બધે લૂગડું ફેરવી ફેરવીને લૂછી કાઢ્યું. વળી દરેક વસ્તુને ખસેડી તળેની જગ્યા પણ સાફસૂફ કરી, અને ખૂણાખાંચરા પણ વાળી ઝૂડી સ્વચ્છ કર્યા.

મને પોતાને સંતોષ થાય તેમ વાળવાનું કામ પૂરું કરી મેં જઈને શિક્ષિકાને ખબર આપી. તેણે એ ઓરડીમાં આવી જમીન, રાચરચીલું વગેરે બધું તપાસ્યું. ત્યાર પછી પોતાનો હાથરૂમાલ લઈ થાંભલા, ટેબલ, ખુરસી વગેરે પર ઘસી જોયો. જ્યારે તેને જમીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર કે લાકડી સરસામાન ઉપર ક્યાંય ધૂળની રજ સરખી દેખાઈ નહિ, ત્યારે તે બાઈ શાંતિથી બોલી, 'મને લાગે છે કે, આ શાળામાં દાખલ થવાને તું લાયક છે.'

મને તે સાંભળી કેટલો આનંદ થયો! મને એમ જ લાગ્યું કે, આ જગતમાં હું સૌથી મોટો ભાગ્યશાળી છોકરો છું. આ પછી જિંદગીમાં મેં ઘણી પરીક્ષાઓ પસાર કરી છે, પણ તે બધીમાં ઉત્તમમાં ઉત્તમ પરીક્ષા આ જ હતી, એમ મને હંમેશાં લાગ્યું છે.

¶ હબસીઓના કુલગુરુ બૂકર ટી. વૉશિંગ્ટને ગુલામીમાંથી છૂટા થયા પછી શિક્ષણની પોતાની ભૂખ કેવી રીતે ભાગી તેનો અનુભવ સ્વમુખે આ આ પાઠમાં વર્ણવ્યો છે. તેમની આત્મકથા વાંચવા જેવી છે.

¶ અમેરિકામાં કામ કરવા માટે આફ્રિકાથી હબસી લોકોને પકડી લાવીને ગુલામ તરીકે રાખવામાં આવતા. ગુલામીની પ્રથા અંગેનું ચિત્ર આલેખતો એક પાઠ 'ગુલામોનો વેપાર' છઠ્ઠી ચોપડીમાં છે.

હોંશ = ઉમંગ; ઊલટ
ઉદ્યોગશાળા = જુદા જુદા ઉદ્યોગો શીખવીને ભણતર આપતી શાળા
કૃષિશાળા = કૃષિ–ખેતીવાડીને લગતું શિક્ષણ આપતી શાળા
ઘરડેરા = ઘરડા – વૃદ્ધ માણસો
સોનાનો સૂરજ ઊગવો = અંતરની તીવ્ર ઇચ્છા સફળ થાય તેવો દિવસ આવવો
વિયોગ = છૂટા પડવું તે કે તેનું દુઃખ
વસમું = મુશ્કેલ; કપરું; માઠું
ટપ્પો = ઘોડા કે બળદનું વાહન
ખાદ્ય = ખાવાની ચીજ
ફૂટપાથ = પગે જનારા માટે શહેરી રસ્તાની બાજુ પર હોતી પગથી
ખર્ચી = ખર્ચ માટેની રકમ
મજલો = માળ; મેડો
શ્રમ = મહેનત
છાપ = મન ઉપર થયેલી અસર– બંધાયેલો અભિપ્રાય
દરમિયાન = અમુક સમયની અંદર
ઝોલાં ખાવાં = અનિશ્ચિત સ્થિતિમાં આમથી તેમ આથડવું
તાલીમ = કેળવણી
રાચરચીલું = સરસામાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫૩ મો

ગુલિસ્તાનનાં ગુલ

૧. વિદ્વાન થવાની ચાવી

એક હતો મોટો વિદ્વાન.

લોકોએ તેને પૂછ્યું: "આપ આવા મોટા વિદ્વાન શી રીતે થયા?"

વિદ્વાને ઉત્તર આપ્યો: "હું જે વસ્તુ જાણું નહિ તે બીજાને પૂછતાં હું કદી શરમાતો નથી તેથી."

૨. ખાવાની રીતો

ડાહ્યો માણસ ધીમે ધીમે ખાય છે.

સાધુ પુરુષ અર્ધો ભૂખ્યો રહે છે.

યોગીજન દેહ ટકાવવા પૂરતું જ ખાય છે.

જુવાનજોધ ભાણામાં હોય તેટલું બધું ઉડાવી જાય છે.

બુઢ્ઢો માણસ પરસેવો છૂટે ત્યાં સુધી ખાયા કરે છે.

પણ અકરાંતિયો માણસ એટલું બધું ખાય છે કે, શ્વાસને આવવા-જવાની જગ્યા પણ રહેવા દેતો નથી.

આવા અકરાંતિયાની રાત બેઉ રીતે ઊંઘ વિનાની જાય છે. ખાવાનું પામ્યો હોય તો પેટ સજ્જડ થવાથી તેની રાત ઊંઘ વિનાની જાય છે, અને ખાવાનું પૂરતું પામ્યો ન હોય તો ભૂખના દુઃખથી તેને ઊંઘ આવતી નથી.

૩. પરનિંદા

મને યાદ છે કે, એક વાર બચપણમાં હું આખી રાત કુરાન પઢતો બેઠો હતો. પાસે જ કેટલાક લોકો પડ્યા પડ્યા મોટેથી ઘોરતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં મારા પિતાજીને કહ્યું : "જુઓને, આ લોકો કેવા છે? નમાજ પઢવી તો બાજુએ રહી, પણ કોઈ માથું પણ ઊંચું કરતો નથી."

પિતાજીએ જવાબ દીધો : "બેટા, તું પણ ઊંઘી ગયો હોત તો સારું થાત, જેથી પારકાની નિંદા તો ન કરત."

૪. એક રસિક વાત

એક ઘણું ઉદાર અને આનંદી કુટુંબ હતું.

તેને ત્યાં એક ફકીર આવી ચડ્યો.

તે વખતે ઘરનું બધું મંડળ એકઠું થઈ હાસ્યવિનોદ કરી રહ્યું હતું. દરેક જણ કંઈક કંઈક ગમતની વાત કાઢી સૌને હસાવતું હતું.

ફકીર બહુ જ થાકેલો અને ભૂખ્યો હતો. તેનું મન એમના હાસ્યવિનોદમાં કેમ કરીને ચોંટે?

ઘરમાંથી એક જણે એમને કહ્યું : "સાંઈ, આપ પણ કંઈક રસ પડે એવી વાત કરોને."

ફકીર બોલ્યો : "મારામાં બીજાઓ જેટલી રસિકતા તો નથી, પણ આ પળે મને ભારેમાં ભારે રસની એક બાબત લાગે છે, અને આશા છે કે, આપ સૌને પણ તેમાં રસ પડશે જ. તે બાબત એ છે કે, મને ભૂખ લાગી છે."

ફકીરની આ વાત સાંભળી ઘરવાળાં સમજી ગયાં. તેમણે હાંસીઠઠ્ઠા મૂકી તરત ફકીર માટે ભાણાની તૈયારી કરવા માંડી.

ઘરધણીએ કહ્યું : "બાબા, જરા સબૂર કરો. મારો નોકર મિષ્ટાન્ન બનાવીને હમણાં લાવે છે."

ફકીરે કહ્યું : "મિષ્ટાન્ન માટે મને ખોટી કરવાની કંઈ જરૂર નથી. ભૂખ્યા માણસને માટે લૂખી રોટી પણ મિષ્ટાન્ન તુલ્ય જ છે."

૫. નૌશેરવાન

ઈરાનનો બાદશાહ નૌશેરવાન અતિ ન્યાયી રાજા હતો. એક દિવસ તે જંગલમાં શિકાર ખેલવા ગયો. ત્યાં ખાણું તૈયાર કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિમકની જરૂર પડી. નૌશેરવાને નોકરને કહ્યું : "પાસેના ગામે જઈ નિમક લઈ આવ. પણ જોજે, કિંમત આપ્યા વિના ન લાવતો, નહિ તો ગામ ઉજ્જડ થઈ જશે."

નોકરે પૂછ્યું : "જહાંપનાહ, આપ બાદશાહ માટે ચપટી નિમક વગર કિંમતે લાવતાં ગામ કેવી રીતે ઉજ્જડ થઈ જશે?"

નૌશેરવાને જવાબ આપ્યો : "જો રાજા પોતાની પ્રજાની વાડીસાંથી એક ફળ તોડીને ખાય, તો તેના નોકર લોકો આખું ઝાડ મૂળ સોતું ખોદીને ખાઈ જાય."

¶ મહાત્મા શેખ સાદી નામે ઈરાનના પ્રસિદ્ધ કવિ તથા ફિલસૂફ ઈ. સ. ૧૧૮૪ના અરસામાં થઈ ગયા. તે નાના નાના સચોટ ટુચકાઓથી ઉપદેશ આપતા. મોટાં ભાષણો કરતાં આવા ટુચકાઓ સોંસરા હૃદયમાં ઊતરી જાય છે. તેમના આવા ટુચકાઓના સંગ્રહનું નામ તેમણે 'ગુલિસ્તાન' આપ્યું છે. ગુલ એટલે ફૂલ : અને ગુલિસ્તાન એટલે ફૂલવાડી.

¶ આપણા દેશમાં પંચતંત્ર, હિતોપદેશ, ભોજ અને કાલિદાસ, તથા બિરબલ અને બાદશાહની વાતો પ્રચલિત છે. ઈસપની વાતો પણ આવી જ બોધપ્રદ છે. ત્રીજી ચોપડીમાં તેની કેટલીક વાતો આપેલી છે.

¶ ઘેર અતિથિ આવે ત્યારે તેનો સત્કાર કરવો જોઈએ. તે ભૂલીએ તો અવિવેક થાય. 'એક રસિક વાત'માં કુટુંબની આ ભૂલ કેવી ગંભીર થઈ હતી?

અકરાંતિયું = બહુ ખાનારું; ખાઉધરું
કુરાન = મુસલમાનોનો ધર્મગ્રંથ
નમાજ = બંદગી; પ્રાર્થના
સાંઈ = 'સ્વામી'એ અર્થમાં પરમેશ્વર કે સાધુ માટે વપરાતું સંબોધન
હાંસીઠઠ્ઠા = મજાક – મશ્કરી
મિષ્ટાન્ન = ગળી અને પૌષ્ટિક વાની; મીઠાઈ
તુલ્ય = સમાન; બરોબર
નિમક = મીઠું
જહાંપનાહ = જગતનું રક્ષણ કરનાર (બાદશાહ)
ઉજ્જડ = ખેદાનમેદાન; પાયમાલ
સોતું = સહિત; સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫૪ મો

કેટલાંક જોવા લાયક સ્થળો

૧. નાલંદા વિદ્યાપીઠ



નાલંદા વિદ્યાપીઠનાં ખંડેરો

કાશી જેમ વિદ્યાના ધામ તરીકે જાણીતું છે, તેમ પહેલાંના વખતમાં નાલંદા વિદ્યાના મોટા ધામ તરીકે જાણીતું હતું. ત્યાં એક વિદ્યાપીઠ હતી. તે દેશપરદેશમાં જાણીતી હતી. તેનાં દટાઈ ગયેલાં ખંડેર બિહારમાં પટણાથી ૫૫ માઈલ દૂર મળી આવ્યાં છે. ત્યાં દસ હજાર ભિક્ષુઓ રહેતા. દેશના બધા ભાગોમાંથી વિદ્યાર્થીઓ ભણવા આવતા. પ્રખ્યાત ચીની યાત્રી હ્યુએન ચાંગે પણ અહીં ઘણાં વર્ષ રહીને બૌદ્ધ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.

પંજાબમાં તક્ષશિલા પણ પ્રાચીન સમયમાં બૌદ્ધધર્મીઓની મોટી વિદ્યાપીઠ હતી. દેશવિદેશના ઘણા વિદ્યાર્થીઓ ત્યાં ભણવા આવતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ગુફાઓનો દૂરથી દેખાવ



અજંટાની એક ગુફાનું પ્રવેશદ્વાર

દક્ષિણમાં હૈદરાબાદ રાજ્યમાં આવેલી અજંટાની ગુફાઓ જોઈને નવાઈ પામી જવાય છે. જૂના વખતમાં ત્યાં પણ બૌદ્ધ લોકોની મોટી વિદ્યાપીઠ હતી. ત્યાંના ઓરડાઓ વગેરે બધું નક્કર ખડકમાંથી જ કોતરી કાઢેલું છે. ત્યાં કુલ ૨૯ ગુફાઓ છે. કેટલીક ગુફાઓ તો પહાડમાંથી કોતરી કાઢેલાં સરસ કારીગરીવાળાં વિશાળ મોટાં મંદિરો છે.

બૌદ્ધ યુગનો અંત આવતાં આ ગુફાઓને લોકો ભૂલી ગયા હતા. તેમની આસપાસ વેરાન જંગલ થઈ ગયું હતું. કોઈને ખબર નહોતી કે, ત્યાં આપણા દેશની ઉત્તમ કળાનું એક ધામ ઢંકાઈ રહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
છે. ઈ. સ. ૧૮૧૯માં એક અંગ્રેજ અમલદાર તે બાજુના જંગલમાં શિકારે ગયેલો. નસીબ જોગે દૂરથી એ ગુફાઓની એક કમાન તેની નજરે પડી. તે પરથી વધુ શોધ કરતાં આ ગુફાઓ જડી આવી હતી.

આવી જ જોવા લાયક બીજી ગુફાઓ ઈલોરાની છે. તે અજંટાની ગુફાઓથી ૫૫ માઈલ દૂર છે.

૩. દેલવાડાનાં દેરાં



દેલવાડાનાં દેરાં

આબુ પર્વત પરનાં દેલવાડાનાં જૈન દેરાં પણ જોવા લાયક છે. ત્યાં સફેદ આરસપહાણ ઉપર કરેલી અદ્ભુત કોતરણી જોવા મળે છે. એમ કહેવાય છે કે, દેલવાડાનાં દેરાંના જેવી સુંદર કોતરણી બીજે ક્યાંયે ભાગ્યે જ હશે. તે મંદિરો અગિયારમી સદીની શરૂઆતમાં કરોડો રૂપિયાને ખરચે બંધાયેલાં છે.

સૌરાષ્ટ્રમાં પાલિતાણા પાસે આવેલા શેત્રુંજા પર્વત ઉપર પણ સુંદર જૈન મંદિરો છે. આ સ્થાન જૈનોનું યાત્રાનું એક મોટું ધામ ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. મદુરાનું મંદિર



મદુરાના મંદિરનાં ગોપુરમ

દક્ષિણ ભારતનાં મંદિરો ઘણાં વિશાળ હોય છે. એક એક મંદિર એટલે એક એક ગામ જ જોઈ લો.

મદુરામાં આવેલું શંકર-પાર્વતીનું મીનાક્ષી મંદિર સૌથી મોટું છે. મદુરા શહેરની મધ્યમાં એક માઈલના ઘેરાવામાં આ સમચોરસ મંદિર આવેલું છે. મંદિરના કોટની બહાર ગોળાકારમાં મદુરા શહેર આવેલું છે.

ચાર સમચોરસ દીવાલોની વચ્ચે આ મંદિર છે. દરેક કોટની ચારે બાજુ ઊંચાં મોટાં ગોપુરમ એટલે દરવાજા છે. તેમની બાંધણી ખાસ જોવા જેવી હોય છે.

૫. તાજમહાલ

દિલ્હીમાં શાહજહાને પોતાનો મહેલ, દરબાર, વગેરેનાં જે મકાન લાલ કિલ્લાની અંદર બંધાવ્યાં છે, તે જોવા જેવાં છે. કિલ્લા સામે બંધાવેલી મોટી જુમા મસ્જિદ પણ જોવા જેવી છે.



જુમા મસ્જિદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આગ્રાનો તાજમહાલ

આગ્રામાં આવેલો તાજમહાલ તો દુનિયાની એક અજાયબી ગણાય છે. દિલ્હીના મોગલ બાદશાહ શાહજહાને પોતાની વહાલી બેગમ મુમતાજની કબર પર તે બંધાવ્યો છે. તે આખી ઇમારત સફેદ આરસપહાણની બનાવેલી છે; અને તેમાં સુંદર નકશી કરેલી છે.

૬. રુદ્રમાળ



રુદ્રમાળ

પાટણથી ૧૭ માઈલ દૂર આવેલા સિદ્ધપુરમાં મોટા શિવ-મંદિરનાં ખંડેર છે. તેનું મૂળ નામ રુદ્ર મહાલય હતું. હાલમાં તેને રુદ્રમાળ કહે છે. સંવત ૧૦૦૦માં સોલંકી વંશના રાજા મૂળરાજે તે બાંધવાનું કામ શરૂ કરાવ્યું હતું. બસો વરસ બાદ સિદ્ધરાજ જયસિંહે તે પૂરું કરાવીને તેમાં ભગવાન શંકરની સ્થાપના કરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોળ રૂપિયાની એક એવી ચૌદ કરોડ મહોરને ખર્ચે એ મહાલય બાંધવામાં આવ્યું હતું. તેને અગિયાર માળ, ચાર દરવાજા અને ત્રણ મંડપ હતા, એમ કહેવાય છે. અત્યારે ત્યાં થોડા થાંભલા અને તોરણ જ રહેલાં નજરે પડે છે. તે ઉપરથી પણ તેની કારીગરીનો સારો ખ્યાલ આવી શકે છે. ગુજરાતની તે વખતની કારીગરી જોઈ છક થઈ જવાય છે.



ગુફા = પહાડની બખોલ

અજાયબી = નવાઈ પમાડે તેવી ચીજ

કપર = મડદું દાટી તે ઉપર કરેલું ચણતર

નકશી = કોતરકામ

જુમા મસ્જિદ = જુમા – શુક્રવારને દિવસે મુસલમાનો સમૂહપ્રાર્થના માટે જે મુખ્ય મસ્જિદમાં ભેગા થાય તે

મહાલય = મોટું મંદિર

તોરણ = કમાનવાળો દરવાજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫૫ મો

દાદુ દયાળ

ભક્ત દાદુ દયાળનો જન્મ અમદાવાદમાં ઈ. સ. ૧૫૪૪માં થયો હતો. તે જાતે પીંજારા હતા. પરંતુ ભગવાનની ભક્તિમાં તેમનું મન લાગેલું જોઈ સૌ કોઈ તેમની નાતજાત ભૂલી ગયું, અને હિંદુ તેમ જ મુસલમાન સૌ તેમના શિષ્ય બન્યા.

દાદુ શી રીતે ભક્ત થયા, તેની એક વાત છે. એક દિવસે પાછલે પહોરે વરસાદ પડતો હતો. દાદુ ઘરમાં કોસનું ચામડું સીવી રહ્યા હતા. એવામાં એક સાધુ પુરુષ વરસાદથી બચવા તેમની ઝૂંપડી બહાર છાપરી નીચે આવીને ઊભા રહ્યા. તેમને જોઈને દાદુ ઝૂંપડી બહાર આવ્યા અને બોલ્યા, "બહાર શા માટે ભીંજાઓ છો? અંદર આવોને! મારા જેવા મોચીના ઘરમાં આવવાનો તમને વાંધો તો નથીને?"

સાધુ પુરુષ — અમે તો ભગવાનના દાસ છીએ. અમારે મન બધાં માણસો સરખાં છે. એક ઊંચું અને બીજું નીચું, એવું અમે માનતા નથી.

એમ કહી તે સાધુ પુરુષ અંદર આવીને બેઠા. થોડી વાર પછી દાદુએ તેમના તરફ જોયું તો તેમની આંખમાં આંસુ હતાં. દાદુને થયું કે, મેં તેમને બેસવા ચામડું આપ્યું, એટલે તેમને દુઃખ થયું હશે? દાદુ હાથ જોડીને બોલ્યા, "બાબા, મેં જાણીજોઈને તમને અભડાવવા ખાતર આ ચામડું પાથર્યું નથી. હું ગરીબ માણસ છું. મારા ઘરમાં બેસવા માટે બીજું શું હોય?"

સાધુ પુરુષ બોલ્યા: "ભાઈ, તેં મને બેસવા માટે ચામડું આપ્યું તેથી મને દુઃખ થયું નથી. પણ તે જોઈને મને એક વાત યાદ આવી. તેં મને બહાર ઊભેલો જોયો કે તરત અંદર બોલાવ્યો અને બેસવા આસન આપ્યું. પરંતુ મારો પ્રભુ કેટલાય જન્મોથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા હૃદયને બારણે આવીને ઊભો છે, પણ હું તેને અંદર બોલાવતો નથી તથા બેસાડતો નથી. તે વાત યાદ આવવાથી મને આંસુ આવ્યાં છે."

દાદુએ પૂછ્યું—તમારા પ્રભુ કોણ છે?

સાધુ પુરુષ—બધાના જે પ્રભુ છે તે જ મારા પણ પ્રભુ છે.

દાદુ—શું તે મારા પણ પ્રભુ છે, અને મારા હૃદયને બારણે પણ ઊભા છે?

સાધુ પુરુષ—હા ભાઈ.

વરસાદ થોભી ગયો એટલે સાધુ પુરુષ તો પોતાને રસ્તે પડ્યા. પણ તેમની વાત સાંભળીને દાદુને પણ મનમાં થયું કે, હું શી રીતે મારા પ્રભુને મારા હૃદયમાં પધરાવું?

પછી તો તે કાશી, બિહાર, બંગાળ વગેરે સ્થળોએ ફર્યા અને અનેક સાધુસંતોને મળ્યા. એમ કરતાં જ્યારે તેમને શાંતિ થઈ, ત્યારે ૩૦ વર્ષની ઉંમરે જયપુર પાસેના સાંભર ગામમાં તે આવ્યા, અને ત્યાં રહેવા લાગ્યા. દિવસે તે પોતાનો ધંધો-રોજગાર કરી ગુજરાન ચલાવતા. રોજ સાંજે કામકાજ પૂરું થાય ત્યારે તે ભજન કરતા. તે વખતે ઘણા લોકો તેમની પાસે આવી બેસતા. એક વખત અકબર બાદશાહ પણ દાદુનો ઉપદેશ સાંભળવા દિલ્હીથી આવ્યા હતા.

આમ આશરે ૬૦ વર્ષનું જીવન ગાળી ઈ. સ. ૧૬૦૩માં રજપૂતાનાના નરાણા નામે ગામમાં તેમણે દેહત્યાગ કર્યો.

એમણે હિંદીમાં ભજનો લખ્યાં છે. એમાંથી નીચે થોડાક દોહા આપ્યા છે.

દાદુની વાણી

अपनी अपनी जातिसौं, सबको बैसें पांति ।
दादू सेवक रामका, ताकै नहीं भरांति ।। १ ।।
सब देख्या हम सोधि करी, दूजा नाहि आन,
सब घट एकै आतमा, क्या हिंदु मुसलमान ।। २ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

काहे कौं दुख दीजिये, सांई है सब मांहि ।
दादू एकै आत्मा, दूजा कोई नांहि ।। ३ ।।

कोई दौडे द्वारिका, कोई कासी जांहि ।
कोई मथुराको चले, साहिब घट ही माहि ।। ४ ।।

दादू सिरजनहारके केते नाम अनंत ।
चित आवे सो लिजिये, यौं साधु सुमिरै संत ।। ५ ।।

¶ હિંદી દોહા વિદ્યાર્થીને તરત સમજાશે નહિ. પણ તે વાંચતાં ને ગાત શીખવો. અર્થ નીચે આપ્યો છે :—

અર્થ : બધા પોતપોતાની જાતવાળા સાથે એક પંગતમાં બેસે છે. પરંતુ રામના સેવક દાદુને એવી (જાત-પાંતની) ભ્રાંતિ નથી. (૧)

અમે બધું શોધીને જોયું, ક્યાંય બીજું કશું જડ્યું નહિ : હિંદુ કે મુસલમાન — સૌના શરીરમાં એક જ પરમાત્મા રહેલો છે. (૨)

બીજા કોઈને શા માટે દુઃખ આપીએ ? સાંઈ — પરમાત્મા સૌમાં રહેલો છે. હે દાદુ, આત્મા એક જ છે, બીજો કોઈ નથી. (૩)

કોઈ દ્વારિકા દોડે છે, કોઈ કાશી જાય છે, તો કોઈ મથુરા જાય છે; પરંતુ સાહેબ એટલે પરમાત્મા તો આપણા શરીરમાં જ છે. (૪)

હે દાદુ, સરજનહારનાં કેટલાં — અનંત નામ છે! તેમાંથી જે મનમાં આવે તે નામ લેવું. સંતસાધુ એ રીતે જ (પરમાત્માનું) સ્મરણ કરે છે. (૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતનું ગણરાજ્ય

૨૬મી જાન્યુઆરી ૧૯૫૦

અમે ભારતના લોકોએ પ્રતિજ્ઞાપૂર્વક સંકલ્પ કર્યો છે કે, ભારતને સર્વસત્તાધીશ લોકશાહી ગણરાજ્ય બનાવવામાં આવે; અને તેના બધા નાગરિકોને—

સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મળે;

વિચાર, વાણી, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા મળે;

દરજ્જાની અને તકની સમાનતા મળે;

તથા દરેક જણનું ગૌરવ તેમ જ રાષ્ટ્રની એકતા જળવાઈ રહે તે જાતની બંધુતા પ્રાપ્ત થાય;—

એ માટે અમે અમારી બંધારણસભામાં આ જાહેરાત કરીને આ બંધારણનો સ્વીકાર કરીએ છીએ; એનો કાયદો કરીએ છીએ અને અમારી જાતને તે અર્પણ કરીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar